# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 54 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ફાલ્ગુન સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 March 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૫ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



**મુંબઈ સમાચાર**

ભૂત-પ્રેત પણ ધ્રૂજી ઊઠે એવાં અગમનિગમનાં અગોચર રહસ્ય..

એનો તાગ મેળવવા મથતા એક પત્રકારની સત્યઘટના પર આધારિત અનુભવ કથા

બસ, હવે આવતી કાલથી શરૂ !



**અઘોરીઓ સાથે પાંચ દિવસ**

લેખક : સુરેશ સોમપુરા

સોમથી શનિ રોજ એક તાજું પ્રકરણ...

પ્રારંભ ચૂકશો નહીં !



**Milan** SIGNATURE FABRICS

- Exclusive Designer Fabrics
- Bridal Collection
- Cotton Prints Collection
- Men's Kurta/ Sherwani Fabrics

*Women's Day*

**SALE**

**UPTO 50% OFF**

NEPEANSEA ROAD

99, VIDEOCON HOUSE, NEXT TO CHANDRALOK,

MUMBAI-400006

TEL: 9820800146/9920807722



WESTERN AUSTRALIA

WALKING ON A DREAM

**ચાલો, એક અનોખા દેશનો જાદુ અનુભવવા!**

**વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા વીણા વર્લ્ડ સંગાથે**

ધ પિનેકલ્સ, પિંક લેક્સ, વેવ રોક, ધ હેપ્પીયેસ્ટ એનિમલ, નિંગાલુ રીફ અને ઘણું બધું...




1 થી 31 માર્ચ રવિવાર સહિત પર્યટકોની સુવિધા માટે વીણા વર્લ્ડની બધી જ સેલ્સ ઓફિસીસ 10 AM થી 8 PM ચાલુ છે

**ચાલો, ઓસ્ટ્રેલિયાની એક અનોખી બાજુ જોઈએ!**

ઓસ્ટ્રેલિયા એટલે વીણા વર્લ્ડનો ગઢ. આ વખતે ચાલો ઓસ્ટ્રેલિયાની એક ક્યારેય નહીં જોયેલી બાજુ જોવા... વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા! તમે જો ઓસ્ટ્રેલિયામાં જઈ આવ્યા હોય તો પણ આ વખતે તમારી પાસે છે એક નવું નિમિત્ત. તમને એક પરફેક્ટ હોલીડે ડિલિવર કરવા માટે વીણા વર્લ્ડ પાસે છે ઓસી સ્પેશિયાલિસ્ટ્સની એક મોટ્ટી ટીમ. હજારો પર્યટકોએ પોતાનું ઓસ્ટ્રેલિયાનું સપનું પૂર્ણ કર્યું છે... હવે તમે પણ ચાલો! ચાલો, બેગ ભરો, નીકળી પડો!

- સેન્ડબોર્ડિંગ અને ડ્યુન્સ પર ઝૂમ એડવેન્ચર.
- નગાલૂરીફમાં વ્હેલ શાર્કસ સાથે સ્વિમ કરો.
- રોટનેસ્ટ આઈલેન્ડ પર કુઓકા સાથે સેલ્ફી લો.
- પર્થમાં બ્રિજ ક્લાઈમ્બિંગ અને ઝિપ લાયનગ
- પિંક લેક પર સીનિક ફ્લાઈટ
- સ્વાન વેલી/માર્ગરેટ રિવર ખાતે વાઈન ટેસ્ટિંગ
- પિનેકલ ડેઝર્ટ ખાતે સ્ટાર ગેઝિંગ

મૈં હૂં ના!

**તમારી હોલીડે પર સેલ્ફ ડ્રાઈવનો વિકલ્પ પસંદ કરો. આજે જ બુક કરો!**

| ગ્રુપ ટર્સ | કસ્ટમાઈઝ્ડ હોલીડેઝ તમે જોઈએ તેવી તમારા મનગમતી પ્રાઈવેટ હોલીડે! | | |
|---|---|---|---|
| ઓલ ઓફ ઓસ્ટ્રેલિયા 14 Days ₹440K-470K | પર્થ + સરાઉન્ડ્સ 5 Days ₹2,40,000 | નિંગાલુ રીફ + કોરલ બે સેલ્ફ ડ્રાઈવ 5 Days ₹2,80,000 | પર્થ + પિંક લેક + માર્ગરેટ રિવર સેલ્ફ ડ્રાઈવ - 9 Days ₹2,90,000 |

veenaworld.com

નિશ્ચિંત બનીને ચાલો! સહેલગાહ પર તમારી સંગાથે છે વીણા વર્લ્ડનો ટુર મેનેજર

Group tour includes airfare, transport, accommodation, all meals: breakfast-lunch-dinner, sightseeing with entrance fees, driver tips, travel insurance*, services of a Tour Manager and VISA fee. Customized holidays price is pp on twin sharing and includes accommodation, breakfasts, sightseeing, and transfers and approx airfare ex-Mumbai @ ₹ 1,40,000*(actual airfare at the time of booking will be applicable). Govt. taxes extra. Prevailing FOREX rate apply. T&C apply.

veenaworld.com Call: 1800 22 7979 | Scan for your nearest Veena World Sales Office | Monday-Sunday 10 to 8 travel@veenaworld.com

VEENA WORLD Travel. Explore. Celebrate Life.



Bio-Well

Suru Kirlian

# Predictive Healthcare: A Proactive Approach



Utilizing a Bio-Well camera for physical health assessments offers a cost-effective means of predicting potential diseases. This innovative technology provides a comprehensive report on the body's vital cycles, enabling timely identification of irregularities. By addressing these issues promptly, individuals can prevent more severe problems from arising. As the saying goes, "A healthy body houses a healthy mind." By maintaining physical and mental wellbeing, individuals can optimize their focus and achieve their goals.

jmshah.com

Contact Us: +91 70456 98373

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## રાજ્યની સાત હજારથી વધુ ગ્રામ પંચાયતોની યોજાશે ચૂંટણી, આયોગે કલેક્ટરોને તૈયાર રહેવા આદેશ કર્યો

અમદાવાદઃ ગુજરાતમાં પાલિકા-પંચાયતોની ચૂંટણી બાદ ઓબીસી અનામતના કારણે અટકી પડેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને મધ્યસત્ર ચૂંટણી ૧૫મી એપ્રિલ પહેલા સંપન્ન થાય તેવા સંકેતો મળી રહ્યા છે. રાજ્ય ચૂંટણી આયોગે તમામ જિલ્લા કલેક્ટરો, પ્રાંત અધિકારીઓને પત્ર લખીને ગ્રામ પંચાયતની ચૂંટણી માટે તૈયાર રહેવા આદેશ કર્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ ૩૦ જૂન ૨૦૨૫ સુધીમાં જેની મુદત પૂર્ણ થાય છે તેવી સાત હજાર ગ્રામ પંચાયતો છે જેની ચૂંટણી યોજવામાં આવશે. રાજ્ય ચૂંટણી આયોગના સચિવે લખેલા પત્રમાં સ્પષ્ટ કહેવાયું હતું કે, ૧ એપ્રિલ ૨૦૨૨થી લઈ ૩૦ જૂન ૨૦૨૫ સુધી મુદત પૂર્ણ થતા ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન, મધ્યસત્ર, પેટાચૂંટણી આગામી સમયમાં યોજવાની થાય છે. જેથી મતદાન મથકો મંજૂર કરવા અને તેની ચકાસણી કરી પ્રમાણપત્રો મેળવી લેવામાં આવે. કલેક્ટરને સંબોધીને લખાયેલા આ પત્રમાં ગ્રામ પંચાયતોના ચૂંટણી અધિકારી તરીકે નાયબ મામલતદારો, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારીઓ તેમજ ચૂંટણી કામગીરીના અનુભવી કર્મચારીની નિયુક્તિ કરવાની રહેશે. એપ્રિલના પ્રથમ સપ્તાહમાં શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી આ દિવસોમાં ચૂંટણી થતા છેલ્લાં અઢી વર્ષથી ચાલતા વહીવટદારી શાસનનો અંત આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાઇ હતી. જેમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો. રાજ્યની ૬૮ નગરપાલિકાઓમાંથી ૬૨ પર ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો ભવ્ય વિજય થયો હતો.

## સ્વામી જ્ઞાનપ્રકાશની ટિપ્પણીથી આક્રોશ વધ્યોઃ રૂબરૂ માફીની માગ ઊઠી, બે દિવસ વિરપુર બંધનું એલાન

અમદાવાદઃ સુરતના અમરોલીમાં એક સત્સંગ દરમિયાન વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી જ્ઞાનપ્રકાશે જલારામ બાપા વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. આ વિવાદાસ્પદ નિવેદનને પગલે રઘુવંશી સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે. રઘુવંશી સમાજના લોકોએ રેલી યોજી રામધૂન બોલાવી આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન વિરપુર જલારામ ખાતે ગ્રામ પંચાયતની મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં જ્ઞાનપ્રકાશ સ્વામી વીરપુર જલારામ મંદિરે આવી રૂબરૂ માફી માંગે તેવી માંગ કરવામાં આવી હતી. આ માટે જ્ઞાનપ્રકાશને આગામી ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. જો તેઓ માફી નહીં માગે તો બે દિવસ પછી આ મામલે આગળની રણનીતિ જાહેર કરવામાં આવશે. વિરપુર ગ્રામ પંચાયતની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર બેઠકમાં મંગળવાર અને આવતીકાલે બુધવાર વિરપુર જલારામ સજ્જડ બંધ રાખવામાં આવશે. આવશ્યક વસ્તુઓ જેવી મેડિકલ અને હૉસ્પિટલો ચાલુ રાખવામાં આવશે. આ સાથે જ જ્ઞાનપ્રકાશ સ્વામીને ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. અને જો માફી નહીં માગવામાં આવે તો આગામી રણનીતિ છ માર્ચના દિવસે જાહેર કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જ્ઞાન પ્રકાશ સ્વામીએ આ સમગ્ર મામલે જલારામ બાપા અને તેમના ભક્તોની માફી માંગતો એક વીડિયો પણ જાહેર કર્યો હતો.

## ગાંધીનગરમાં ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજાઈઃ આજે મેયર, પ્રમુખો સહિતના હોદ્દેદારોનાં નામ જાહેર થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મુખ્યપ્રધાનના નિવાસસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ અને ભૂપેન્દ્ર પટેલ સહિત મહત્ત્વના નેતાઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં જૂનાગઢ મનપાના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન સહિતના સભ્યોના નામ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ સાથે જ ૬૦થી વધુ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખના નામ અંગે પણ વિચાર-વિમર્સ કરવામાં આવ્યો હતો. નિરીક્ષકોના અહેવાલના આધારે આ નામો પર ચર્ચા કરી સહમતી સાધવામાં આવી હતી. સીલબંધ કવરમાં રહેલાં નામો આવતીકાલે બોર્ડની બેઠકના પ્રારંભે ખુલશે. આવતીકાલે બુધવારે મળનારી સામાન્ય સભામાં આ પ્રકારના મહત્ત્વના હોદ્દાઓ માટે પ્રતિનિધિત્વ નક્કી થશે.

ભાજપનાં સૂત્રોના જણાવ્યા મુજબ, મેયર, નગરપાલિકા પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના નામ ધરાવતા મેન્ડેટ્સ જે-તે શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખોને મોકલી દેવામાં આવશે. બાદમાં સંબંધિત બોર્ડની સામાન્ય સભામાં આ નામોની જાહેરાત કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પ્રદેશ ભાજપ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની બાકીની પ્રક્રિયાઓ ધુળેટી બાદ હાથ ધરશે.

સૌથી પહેલા મહાનગર અને જિલ્લા ભાજપ અધ્યક્ષોની યાદી બહાર પાડવામાં આવશે. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો આગામી દિવસોમાં સ્થાનિક સ્તરે ભાજપની સંસ્થા ગોઠવણી અને સંગઠનના કામકાજ માટે દિશાસૂચક સાબિત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જૂનાગઢ મહાનગરપાલિકા, રાજ્યની ૬૬ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીત થઈ હતી. આ ચૂંટણી બાદ ગુજરાતમાં ભાજપની પકડ વધુ મજબૂત બની છે.

ચૂંટાયેલા સભ્યોના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ થયા બાદ સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં પદાધિકારીઓની નિયુકિત કરવા માટે મંગળવારે સવારે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલના અધ્યક્ષ સ્થાને પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજાઈ હતી તેમાં મોટાભાગનાં નામો ફાઇનલ કરવામાં આવ્યાં હતાં.

બાકી રહેતી કામગીરી માટે ૫ માર્ચ ૨૦૨૫ના રોજ ફરી પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે.

## અમદાવાદ સિવિલ કેમ્પસમાં ૫૮૮ કરોડના ખર્ચે ૨૦૦૦ બેડની નવી હોસ્પિટલ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આવેલા સિવિલ મેડિસીટી કેમ્પસ ખાતે ચેપી રોગની હોસ્પિટલના નવા બાંધકામ સંદર્ભે વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહ દ્વારા સવાલ કરવામાં આવ્યા હતા. કુશવાહના પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, જૂનાં ઈન-ડોર બ્લોક વોર્ડ , બ્લોક એ થી ડી, અને ઓલ્ડ ટ્રોમા સેંટરના જૂનાં મકાનો તોડી તેના સ્થાને નવીન ઓપીડી, ૯૦૦ પથારીની નવીન જનરલ હોસ્પિટલ, ૫૦૦ પથારીની ઈન્ફેક્ષ્યસ ડીસીઝ (ચેપીરોગના) દર્દીઓ માટે હોસ્પિટલ બાંધવાનું આયોજન હાથ ધરાયું છે.

ઋષિકેશ પટેલે વિશેષમાં જણાવ્યું હતું કે, આ કામગીરી માટે અંદાજિત કુલ રૂ. ૫૮૮ કરોડની વહીવટી મંજૂરી અપાઇ છે. જેમાં અત્યાર સુધીમાં છેલ્લાં ચાર વર્ષમાં તબક્કાવાર કુલ રૂ. ૨૩૬.૫૦ કરોડની બજેટ જોગવાઇ કરાઇ છે. નવી બનનાર ૫૦૦ બેડની ચેપી રોગની હોસ્પિટલ તથા ૯૦૦ બેડની જનરલ હોસ્પિટલમાં ૩૦૦ બેડ આઇ.સી.યુ. અને સ્પેશિયલ રૂમ, વી.આઇ.પી. રૂમ મળી કુલ ૨૦૧૮ બેડ હોસ્પિટલ ઉપલબ્ધ થશે. દસ માળની આ નિર્માણાધીન હોસ્પિટલમાં ૫૫૫ ફોર વ્હીલર્સ અને ૧૦૦૦ ટુ વ્હીલર્સની ક્ષમતા ધરાવતું પાર્કીંગ, ચેપી રોગની અલાયદી ઓપીડી, ઓપરેશન થિયેટર તથા ૧૧૫ બેડ જેમાં ૧૫ બેડ ટી.બી આઈસીયુ બેડ, ૩૦૦ આઈસીયુ બેડ પૈકી ચેપી રોગના ૩૨ આઈસીયુ, ૬૦ આઇસોલેશન રૂમની સુવિધા ઉપલબ્ધ બનશે. સિવિલ મેડિસીટીના માસ્ટર પ્લાન તથા બજેટમાં મંજૂર થયેલ કામો પૈકી અત્યારસુધીમાં કુલ રૂ. ૨૫૯૦ કરોડનાં ૩૫ કામો પૂર્ણ થયા છે તેમજ રૂ. ૧૩૧ કરોડના ૩ કામો પ્રગતિ હેઠળ છે અને રૂ. ૭૩૯ કરોડનાં કામો શરૂ થનાર છે. આમ સિવિલ મેડિસીટી ડેવલપમેન્ટમા અત્યારસુધીમાં કુલ રૂ. ૩૪૬૦ કરોડના ખર્ચે અત્યાધુનિક સેવા-સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

## વિદ્યા સનલાઇટ ગ્રૂપ પર આઈટીના દરોડાઃ કોપરના ધંધાર્થીને ત્યાંથી ₹ ૭૦૦ કરોડના બેનામી વ્યવહાર મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોપરના ધંધા સાથે સંકળાયેલાં વિદ્યા સનલાઇટ ગ્રૂપ પર સતત ચોથા દિવસે પણ દરોડાની કામગીરી ચાલુ રહી હતી, અમદાવાદ સહિત આણંદ, નડિયાદ અને ખેડાની ઘણી પ્રિમાઇસીસ પર ચાલી રહેલા દરોડામાં અધિકારીઓને ગ્રૂપના બિન હિસાબી વ્યવહારોની વિગતો મળી હતી. આ ઉપરાંત અધિકારીઓ કાચી ડાયરીઓ અને અન્ય હિસાબના ચોપડા પણ મળ્યા હતા. તપાસ દરમિયાન લગભગ ૭૦૦ કરોડના બેનામી વ્યવહારો મળ્યા હતા. આવકવેરા વિભાગનું નવા નાણાકીય વર્ષનું સૌથી મોટું સર્ચ- ઓપરેશન છે. આઈટી વિભાગે ૮૦ લાખ રોકડા અને ૬ કરોડના દાગીના જપ્ત કર્યા હતા. આવકવેરા વિભાગ દ્વારા નડિયાદ અને આણંદ સ્થિત વિદ્યા સનલાઇટ ગ્રૂપને ત્યાં ગઇ તા.૨૭મી ફેબ્રુઆરીના રોજ સર્ચની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોપર તથા એલ્યુમિનિયમના વાયરો, અર્થિંગ વાયર સહિત અન્ય વાયરોનું ઉત્પાદન કરતા આ ગ્રુપના અમદાવાદ, ખેડા તથા આણંદ ખાતેના ધંધા તથા રહેઠાણના ૨૦ સ્થળે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ગ્રૂપના શ્યામસુંદર રાઠી, શૈલેષ રાઠી, અક્ષય હેડા, નીતિન હેડા અને મનીષ હેડા તથા પ્રહલાદરાય હેડા, પંકજ ખેડા તથા કાલુરામ હેડાને ત્યાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ગ્રૂપના ૧૬ બેંક-લોકર સીલ કર્યા હતાં. એમાંથી ૧૪ લોકર ઓપરેટ કરવામાં આવ્યાં હતા. આ ગ્રૂપને ત્યાંથી ૧.૫૦ કરોડની રોકડ મળી હતી. એમાંથી ૮૦ લાખ રૂપિયા સીઝ કરવામાં આવ્યા હતા. એ જ રીતે ૧૬ કરોડની જ્વેલરી મળી હતી. એમાંથી ૬ કરોડની જ્વેલરી સીઝ કરાઇ હતી.

આ ગ્રૂપને ત્યાંથી હાથ લાગેલા ડિજિટલ એવિડન્સની તપાસ દરમિયાન ૪૦૦ કરોડના બિલ વગરના વ્યવહારો મળ્યા હતા. આ ઉપરાંત ૨૦૦ કરોડના બુકની બહારનું વેચાણ કરવામાં આવ્યું હોવાનું જણાયું હતું, જ્યારે ૭૦ કરોડના કિંમત કરતાં વધુ કિંમત બતાવવામાં આવી હોવાનું જણાયું હતું. આમ, આ ગ્રૂપને ત્યાંથી અંદાજે ૭૦૦ કરોડના બેનામી વ્યવહારો તેમ જ ચીજવસ્તુઓ કબજે લેવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ખોટા સપ્લાયર પાસેથી બોગસ ખરીદી બતાવવામાં આવતી હતી. રોકડમાં કાચો માલ વેચવામાં આવતો હતો. આંગડિયા પેઢી મારફત પૈસા મોકલવામાં આવતા હતા, આ ગેરરીતિમાં આંગડિયા પેઢીઓ પણ સંકળાયેલી હોવાનું બહાર આવ્યું હતું. આવકવેરા વિભાગ દ્વારા આંગડિયા પેઢી સુધી તપાસ લંબાવવામાં આવી હતી.

## સામાન્ય વહીવટ વિભાગે વર્ગ ૧ અને ૨માં ભરતી અંગે નવા નિયમો જાહેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વર્ગ ૧ અને ૨ની ભરતી માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા. આ સંદર્ભે રાજ્ય સરકારે ગેઝેટ જાહેર કર્યું હતું, જેમાં જીપીએસસીની પરીક્ષાના માળખામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. નવી ભરતી પ્રક્રિયાના અન્વયે, મુખ્ય પરીક્ષામાં હવે યુપીએસસી પેટર્ન મુજબ છ નહીં, પણ સાત પ્રશ્નપત્ર રહેશે. નવા નિયમો હેઠળ જીપીએસસીની વર્ગ ૧ અને ૨ની પરીક્ષાઓ હવે બે તબક્કામાં યોજાશે, નવા નિયમો હેઠળ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ભરતી પરીક્ષા લઈ શકાશે. મુખ્ય પરીક્ષા આપવા માટે પ્રિલીમ પરીક્ષામાં ઉત્તીર્ણ થવું ફરજિયાત છે. પ્રિલીમ પરીક્ષામાં ઓબ્જેક્ટિવ પ્રશ્નોના આપવાના જવાબ રહેશે. મુખ્ય પરીક્ષામાં પરીક્ષા સાથે પર્સનાલિટીનો ટેસ્ટ થશે. ભરતી પરીક્ષા પહેલા જીપીએસસી સિલેબસ જાહેર કરશે. આ ઉપરાંત પ્રિલીમ્સ પરીક્ષામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ ૨૦૦-૨૦૦ ગુણના બે પેપર રાખવામાં આવતા હતા, જે હવે બદલીને ૩૦૦ ગુણનું એકમાત્ર પેપર રાખવામાં આવશે. ગુજરાતમાં સરકારી નોકરી મેળવવા માટે ગુજરાતી ભાષાના પેપરમાં ઓછામાં ઓછા ૨૫ ટકા ગુણ મેળવવા ફરજિયાત રહેશે. આ નિયમ ગેઝેટમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા વર્ગ ૧ અને ૨ની ભરતી માટે ૧લી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ જાહેરાત કરવામાં આવી હતી. જોકે, ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં આ જાહેરાત રદ કરવામાં આવી હતી. હવે, સામાન્ય વહીવટ વિભાગે નવી ભરતી પ્રક્રિયા અને નિયમો જાહેર કર્યા છે, જેના આધારે આગામી પરીક્ષાઓ યોજાશે. સત્તાવાર ગેઝેટ મુજબ, ઉમેદવારો માટે નવા નિયમો અને પેપર પેટર્નને અનુસરી જરૂરી તૈયારીઓ કરવી અનિવાર્ય રહેશે.

## સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનમાં પ્રજાના પ્રતિનિધિઓને સહભાગી થવા મુખ્યપ્રધાનનો અનુરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તા. ૪ માર્ચ - વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં નિયમ-૪૪ અંતર્ગત એક નિવેદન દ્વારા સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાતની નેમ વ્યક્ત કરી હતી. મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે, આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે બેઠાડું જીવન જીવનારા લોકો વધી રહ્યા છે. આવા બેઠાડું જીવનના લીધે શરીર ભારે થવાના કારણે સ્થૂળતા એટલે કે મેદસ્વિતા વધી રહી છે. જો આ બાબતની કાળજી રાખવામાં ન આવે તો આવા લોકો અનેક રોગોમાં સપડાય છે.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડા પ્રધાને તેમના લોકપ્રિય રેડિયો વાર્તાલાપ 'મન કી બાત'ના તાજેતરના એપિસોડમાં આ મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત કરવાની અપીલ કરી હતી. એટલું જ નહિ, તેમણે સ્થૂળતા ઘટાડવા માટેની રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને સામુહિક કાર્યવાહી પર પણ પોતાના સંબોધનમાં ભાર મૂક્યો હતો. મેદસ્વિતાને ગુજરાત સરકારે ખૂબ જ ગંભીરતાથી લીધો છે.

ભૂપેન્દ્ર પટેલે વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં કરેલા નિવેદનમાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર સમગ્ર વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોના આયોજનથી નાગરિકોની મેદસ્વિતા કેવી રીતે ઓછી કરી શકાય એ માટે અભિયાન ચલાવશે. તેમણે કહ્યું કે, જો નાગરિકો પોતાના સ્વાસ્થ્ય વિશે ધ્યાન નહીં રાખે તો આરોગ્યના ગંભીર પ્રશ્નો સર્જાય તેવી શક્યતાઓ છે. પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવતને પ્રોત્સાહન આપીને રાજ્ય સરકાર નાગરિકોને એમના સ્વાસ્થ્યની જાગૃતિ માટે તથા મેદસ્વીતાના નિયંત્રણ માટે પ્રેરિત કરશે.

મુખ્યપ્રધાને વિધાનસભા ગૃહના નેતા તરીકે વિધાનસભા ગૃહના સૌ ચૂંટાયેલા પ્રજાકીય પ્રતિનિધિઓને મેદસ્વિતામુક્ત ગુજરાત અને સૌ નાગરિકોના જીવનને સ્વસ્થ-તંદુરસ્ત બનાવવાના જનસેવા અભિયાનમાં સક્રિય સહયોગ આપવા અનુરોધ પણ કર્યો હતો. મેદસ્વિતા-જાડાપણાને દૂર કરવાની ચળવળમાં રાજ્યના દરેક વ્યક્તિ, પ્રત્યેક પરિવાર અને સંસ્થાઓ પોતાનું યોગદાન આપીને જનભાગીદારીથી ગુજરાતને આરોગ્ય સુખાકારી માટે મૉડેલ સ્ટેટ બનાવે તે જરૂરી છે.

## ગુજરાત યુનિ.માં એકસાથે બે ડિગ્રી કોર્સ કરી શકાશેઃ આગામી શૈક્ષણિક સત્રથી ડ્યૂઅલ ડિગ્રીનો અમલ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીમાં આગામી શૈક્ષણિક સત્રથી ડ્યૂઅલ ડિગ્રીની અમલવારી શરૂ થવા જઈ રહી છે. યુનિવર્સિટીના સેનેટ હોલમાં કુલપતિની વિભાગના વડાઓ સાથેની બેઠક મળી હતી. આ બેઠકમાં ડ્યૂઅલ ડિગ્રી પ્રોગ્રામ કઈ રીતે શરૂ કરવો અને એના અમલ અંગે ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ રેગ્યુલર કોર્સ સાથે ત્રણ વર્ષ સુધીની અન્ય ડિગ્રીનો કોર્સ પણ ભણી શકશે.

નવી શૈક્ષણિકનીતિ હેઠળ ગુજરાત યુનિવર્સિટી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ડ્યૂઅલ ડિગ્રી પ્રોગ્રામ લોન્ચ કરવા જઈ રહી છે. ડ્યૂઅલ ડિગ્રી પ્રોગ્રામમાં અલગ અલગ ૨૫ જેટલી ડિગ્રીનો અભ્યાસ કરી શકાશે. વિદ્યાર્થીઓ સામાન્ય કોર્સ બીએ, બી. કોમ, બીએસસી સાથે ત્રણ વર્ષ સુધીનો ડ્યૂઅલ ડિગ્રીનો અલગ અલગ ૨૫ જેટલા કોર્સનો અભ્યાસ પણ કરી શકશે. આ તમામ કોર્સ ગુજરાત યુનિવર્સિટીના અલગ અલગ વિભાગમાં જ ચાલુ કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ બંને કોર્સની પરીક્ષાઓ આપી શકશે.

આ અંગે કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ યુજીના કોર્સ સાથે ત્રણ વર્ષનો ડ્યૂઅલ ડિગ્રીનો કોર્સ કરી શકશે. ૨૫ જેટલા અલગ અલગ કોર્સ જાહેર કરવામાં આવ્યા છે, જે વિદ્યાર્થી ત્રણ વર્ષની કોર્સ કરવા ના ઈચ્છતો હોય તો ડિપ્લોમા પણ કરી શકશે. જે વિદ્યાર્થીઓ પીજીનો અભ્યાસ કરતા હોય તેઓ સાથે યુજીનો પણ અભ્યાસ કરી શકશે. તમામ કોર્સ યુનિવર્સિટીના કેમ્પસમાં ચાલશે જેથી એક્ઝામ કેલેન્ડરને ધ્યાને રાખીને પરીક્ષા યોજવામાં આવશે.

## દ્વારકા જિલ્લામાં ૫૦૦ જેટલાં ધાર્મિક સ્થાનોને તંત્રની નોટિસઃ ધર્મપ્રેમી જનતામાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટના દિશા નિર્દેશ મુજબ સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધાર્મિક દબાણોને તંત્ર દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી. જેમાં દ્વારકા તાલુકામાં ૩૫, કલ્યાણપુર તાલુકામાં ૧૦૬, ખંભાળિયા તાલુકામાં ૩૪૦ અને ભાણવડ તાલુકામાં ૫૯ દબાણોને દૂર કરવા માટે નોટિસ પાઠવવામાં આવી હતી. તમામ ધાર્મિક દબાણોને ૧૫ દિવસમાં સ્વેચ્છાએ દૂર કરવા માટે તંત્રે નોટિસ પાઠવી હતી. એકી સાથે આટલા બધા ધાર્મિક સ્થાનોને તંત્ર દ્વારા નોટિસ મળતા ધર્મપ્રેમી જનતામાં રોષ જોવા મળ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધાર્મિક સ્થાનોને નોટિસ મુદ્દે આપ નેતા ઈશુદાન ગઢવી, કૉંગ્રેસ નેતા પાલ આંબલીયા સહિતના નેતાઓએ સરકારની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. આ મુદ્દે ખંભાળિયા ખાતે વિએચપી દ્વારા આ મુદે જિલ્લા કલેક્ટર સમક્ષ આવેદન આપી વિરોધ વ્યકત કરાયો હતો.

દ્વારકામાં ધાર્મિક સ્થળોને નોટિસ આપવાના મામલે ઈશુદાન ગઢવીએ કહ્યું હતું કે, દ્વારકા જિલ્લાના ત્રણેય તાલુકાઓમાં આઝાદી પહેલાથી સ્થાપિત જે મંદિરો છે તે મંદિરોને તોડવા માટે નોટિસો આપવામાં આવી છે. જે મંદિરોમાં આઝાદી પહેલાથી તહેવારો ઉજવાય છે અને લોકો માટે આસ્થાનું સ્થળ છે તેવા ધાર્મિક સ્થળોને સરકાર પાડવા જઈ રહી છે. જે મંદિરોને અંગ્રેજો પણ તોડી શક્યા નહોતા તેવા મંદિરોને પાડવા માટે હવે સરકાર અને તંત્રએ સુપ્રીમ કોર્ટની આડશ લઈને નોટિસ ફટકારી છે જે તદ્દન ખોટું છે.

## નકલી પાસપોર્ટ પર મુસાફરી કરવા બદલ અમેરિકામાંથી દેશનિકાલ કરાયેલા જિજ્ઞેશ પટેલની ધરપકડ

અમદાવાદઃ અમેરિકામાંથી તાજેતરમાં દેશનિકાલ કરાયેલા ગુજરાતના ૩૧ વર્ષીય યુવકની અમદાવાદમાં કથિત રીતે અન્ય નામે જારી કરાયેલા ભારતીય પાસપોર્ટનો ઉપયોગ કરીને નકલી ઓળખ સાથે મુસાફરી કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાતના ગાંધીનગર જિલ્લાના કલોલનો વતની એવા આરોપી જિજ્ઞેશ પટેલને અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવ્યો હતો. તેઓ નવી દિલ્હી પહોંચ્યા હતા જ્યાંથી તેઓ રવિવારે સાંજે અમદાવાદ આવ્યા હતા.

રવિવારે અમદાવાદના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં તેની સામે નોંધાયેલી એફઆઈઆર મુજબ, તેણે અગાઉ વસીમ ખલીલના નામે જારી કરાયેલા પાસપોર્ટનો ઉપયોગ કરીને દિલ્હીથી કૅનેડાની મુસાફરી કરી હતી. જિજ્ઞેશ પટેલની રવિવારે ધરપકડ કરવામાં આવી હતી, અમદાવાદના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી)ના ઇન્સ્પેક્ટર એન.ડી. નકુમે જણાવ્યું હતું કે, તેમણે જે પાસપોર્ટ પર મુસાફરી કરી હતી તે નકલી છે કે ખલીલના નામે જારી કરવામાં આવ્યો છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. એફઆઈઆરમાં જણાવવામાં આવ્યું છે કે, આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે જિજ્ઞેશ પટેલે અમેરિકાથી દેશનિકાલ થયા બાદ નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમિગ્રેશન ક્લિયરન્સ માટે સંપર્ક કર્યો હતો.

## કૉંગ્રેસ અધિવેશન માટે તડામાર તૈયારી શરૂઃ રાહુલ ગાંધી ૭-૮ માર્ચે ગુજરાતની મુલાકાતે

અમદાવાદઃ ગુજરાતમાં કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાવા જઈ રહ્યું છે. ૬૪ વર્ષ પછી તા. ૮ અને ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ યોજાનારા કૉંગ્રેસના આ રાષ્ટ્રીય અધિવેશન માટે ગુજરાતમાં રાષ્ટ્રીય નેતાઓના આગમન શરૂ થયું છે. રાહુલ ગાંધી ૭-૮ માર્ચે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવવાના છે. ગુજરાતમાં તા. ૮ અને ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ યોજાનારા એઆઈસીસી અધિવેશનનું સ્થળ નક્કી કરવા માટે એઆઈસીસી સંગઠન મહાસચિવ કે.સી.વેણુગોપાલ અમદાવાદ પહોંચ્યા હતા. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી પણ ૭,૮ માર્ચ એમ બે દિવસ ગુજરાતની મુલાકાત કરશે. રાષ્ટ્રીય અધિવેશન પહેલા રાહુલ ગાંધીની મુલાકાત ખૂબ મહત્ત્વની માનવામાં આવી રહી છે. રાહુલ ગાંધી પોતાની મુલાકાત દરમિયાન પોલિટિકલ અફેર્સ કમિટીમાં ભાગ લેશે. આ સાથે જ પ્રમુખ, પૂર્વ પ્રમુખ, વિપક્ષ નેતા સાથે મીટિંગ કરશે.

## ગુજરાત કુલ ૩૧,૪૮૨.૭૯ મેગાવોટ રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતા સાથે દેશમાં દ્વિતીય ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા ક્લાઇમેટ ચેન્જ રાજ્ય પ્રધાન મુકેશ પટેલે જણાવ્યું હતું કે, આજે ગુજરાત કુલ ૩૧,૪૮૨.૭૯ મેગાવોટ રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતા સાથે દેશમાં દ્વિતીય ક્રમે આવે છે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સૌ પ્રથમ ગુજરાતમાં વર્ષ ૨૦૦૯માં ક્લાઇમેટ ચેન્જ વિભાગની રચના કરી હતી. રાજ્યમાં ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો તેમ જ ભૌગોલિક પરિસ્થિતિને લીધે પવન ઊર્જા તેમજ સૌર ઊર્જાની વિપુલ તકો રહેલી છે.

રાજ્યમાં વિન્ડ પાવર પ્રોજેક્ટ અંતર્ગત ૧૨,૪૭૩.૭૮ મેગાવોટ, સોલાર પાવર પ્રોજેક્ટથી ૧૬,૭૯૫.૭૭ મેગાવોટ, બાયોપાવર એટલે કે બાયો માસ અને વેસ્ટ ટુ એનર્જીથી ૧૧૬.૬૦ મેગાવોટ, સ્મોલ હાયડ્રો પાવરથી ૧૦૬.૬૪ મેગાવોટ, લાર્જ હાયડ્રો પાવરથી ૧૯૯૦ મેગાવોટ સહિત કુલ ૩૧,૪૮૨.૭૯ મેગાવોટ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થાય છે.

## સીએ ઈન્ટરમિડીયેટ અને ફાઉન્ડેશન પરીક્ષાનાં પરિણામો જાહેરઃ ઈન્ટરમિડીયેટમાં દેશનાં ૫૦ ટોપરોમાં અમદાવાદનાં ૧૧ વિદ્યાર્થીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા જાન્યુઆરી ૨૦૨૫માં લેવાયેલી સીએ ઈન્ટરમિડીયેટ અને ફાઉન્ડેશન પરીક્ષાનાં પરિણામો જાહેર કરવામાં આવ્યા હતાં. સીએ ઈન્ટરમિડીયેટની પરીક્ષામાં અમદાવાદની વિદ્યાર્થિનીએ દેશભરમાં ૧૨મો ક્રમાંક મેળવ્યો હતો. સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં દેશનાં ૫૦ ટોપરોમાં અમદાવાદનાં ૧૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

આ અંગે માહિતી આપતા આઈસીએઆઈના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સીએ પુરુષોત્તમ ખંડેલવાલે જણાવ્યું હતું કે, આઇસીએઆઈ દ્વારા મંગળવારે સીએ ઈન્ટરમિડીયેટ અને ફાઉન્ડેશનનાં પરિણામો જાહેર કરવામાં આવ્યા હતાં. સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં બંને ગ્રૂપોનું પરિણામ ૧૪.૦૫ ટકા, ગ્રૂપ ૧નું પરિણામ ૧૪.૧૭ ટકા અને ગ્રૂપ-૨નું પરિણામ ૨૨.૧૬ ટકા આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સીએ ફાઉન્ડેશનની પરીક્ષામાં ભારતનું પરિણામ ૨૧.૫૨ ટકા આવ્યું છે. જે સપ્ટેમ્બર ૨૦૨૪માં ૧૯.૬૭ ટકા હતું. અમદાવાદ બ્રાન્ચનાં ચેરમેન સીએ નીરવ અગ્રવાલે અમદાવાદ કેન્દ્રનાં પરિણામો અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૫માં લેવાયેલી સીએ ઈન્ટરમિડીયેટની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રનું બંને ગ્રૂપનું પરિણામ ૨૧.૯૪ ટકા, ગ્રૂપ ૧નું પરિણામ ૮.૧૨ ટકા અને ગ્રૂપ ૨નું પરિણામ ૩૧.૫૬ ટકા આવ્યું છે. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર ૨૦૨૪માં આ પરિણામ અનુક્રમે ૩.૮૦ ટકા, ૧૨.૦૭ ટકા અને ૧૯.૨૨ ટકાનું હતું.

સીએ નીરવ અગ્રવાલે જણાવ્યું હતું કે સીએ ઈન્ટરમિડીયેટ પરીક્ષામાં દેશનાં ટોપરોમાં અમદાવાદનાં ૧૧ વિદ્યાર્થીઓએ રેન્ક મેળવ્યો છે. જેમાં બ્રાન્ચમાંથી કોચિંગ લેનારી અમદાવાદની વિધિ તલાટીનો ૧૨મો ક્રમાંક છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સીએ ફાઉન્ડેશન કોર્સમાં અમદાવાદ કેન્દ્રનું પરિણામ ૨૩.૧૬ ટકાનું આવ્યું છે. દેશભરનાં વિદ્યાર્થીઓનું રિઝલ્ટ ૨૧.૫૨ ટકા જેટલું છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
203 વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 54 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 March 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૫ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# અમેરિકા-કેનેડા-મેક્સિકો-ચીન વચ્ચે ‘વેપાર યુદ્ધ’ શરૂ




## ચારે દેશે આયાત પરનો ટેરિફ વધાર્યોઃ મોંઘવારી વધશે

વૉશિંગ્ટનઃ અમેરિકાએ કેનેડા, મેક્સિકો, ચીન ખાતેથી કરાતી માલસામાન અને ખાદ્યસામગ્રીની આયાત પર ટેરિફ વધારતા, આ દેશોએ અમેરિકાથી કરાતી આયાત પર ટેરિફ વધાર્યો છે અને તેને લીધે અમેરિકા, કેનેડા, મેક્સિકો અને ચીન વચ્ચે મોટા પાયે ‘વેપાર યુદ્ધ’ શરૂ થયું છે. તેને લીધે આ દેશોમાં કરિયાણું, ઘઉં, મકાઇ, કપાસ, સોયાબીન, ફળો, શાકભાજી, ડેરીના ઉત્પાદનો, ડુક્કરનું માંસ, ગૌમાંસ, માછલી ઉપરાંતના દરિયાઇ જીવો, વાહનો, કમ્પ્યૂટર ચીપ, એલ્યુમિનિયમ, દવા, તાંબુ, ગૅસ સહિતની ઘણી ચીજો મોંઘી થશે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોથી કરાતી આયાત પર મંગળવારથી પચીસ ટકા ટેરિફ લગાવવાની સોમવારે જાહેરાત કરી હતી અને તેના જવાબમાં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ અમેરિકાથી આયાત કરાતા માલસામાન પર પચીસ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી.

ટ્રમ્પ અને ટ્રુડોએ એકબીજાના દેશથી કરાતી આયાત પર ટેરિફ લાદતા ઉત્તર અમેરિકામાં ‘વેપાર યુદ્ધ’ વકર્યું છે.

ટ્રમ્પે રુઝવેલ્ટ રૂમ ખાતે સંબંધિત જાહેરાત કરતા જણાવ્યું હતું કે અમે કેનેડા અને મેક્સિકોના માલસામાન પર મંગળવારથી પચીસ ટકા ટેરિફ લાદ્યો છે. અમેરિકાના આ બે પાડોશી દેશો ખાતેથી ફેન્ટેનાઇલ (દરદશામક દવા) અને નિરાશ્રિતો ઘુસાડવાનું બંધ કરાવવા માટે કડક પગલાં લેવાશે.

ટ્રમ્પની આયાત પરના ટેરિફમાં વધારો કરવાની જાહેરાતની અમેરિકાના શૅરબજાર પર માઠી અસર થઇ હતી અને ‘રાજકીય તેમ જ આર્થિક જોખમ’ના ભયને લીધે બપોરના ટ્રેડિંગ દરમિયાન એસઍન્ડપી-૫૦૦ ઇન્ડેક્સ બે ટકા નીચે હતી.

ટ્રમ્પે ચીનથી આયાત કરાતા માલસામાન પર દસ ટકા ટેરિફ નાખવાની ફેબ્રુઆરીમાં જાહેરાત કરી હતી, પરંતુ હવે તે મંગળવારથી બમણો એટલે કે વીસ ટકા કરવાનો નિર્ણય લીધો હતો.

ટ્રમ્પના આ પગલાંથી ગુસ્સે થયેલા કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે હવે અમેરિકાના નાગરિકોએ કરિયાણા, ગૅસ, કાર જેવી ચીજો માટે વધુ નાણાં ચૂકવવા પડશે અને હજારો લોકો નોકરી ગુમાવી શકે છે.

ટ્રુડોએ આક્ષેપ કર્યો હતો કે ટ્રમ્પનું આ પગલું વૈશ્વિક વેપાર કરારની વિરુદ્ધ છે. કેનેડા અમેરિકાથી આયાત કરાતા ૧૫૫ અબજ ડૉલરના માલસામાન પર મંગળવારથી ૨૧ દિવસ માટે પચીસ ટકા ટેરિફ વસૂલ કરશે. મેક્સિકોનાં પ્રમુખ

(જુઓ પાનું ૨) ▶▶

## જૈન સાધુ પર દુરાચારના આક્ષેપો પછી તેમના પર મુકાયા અનેક અંકુશો



*બિમલ મહેશ્વરી*

મુંબઈ : એક સિનિયર જૈન સાધુ સામે દુરાચારના ગંભીર આક્ષેપો થતા તેમના ગુરુ મહારાજાઓએ તેમના પર અનેક અંકુશ મૂકી દીધા છે. ભૂતકાળમાં પણ આ જૈન સાધુ પર દુરાચારના આક્ષેપો થયા છે. જો કે આ વખતે તેમને કદાચ સંસારમાં પણ પાછા ધકેલી દેવામાં આવે એવી પણ અટકળો છે.


તાજેતરમાં જોધપુરની જિનશાસન રક્ષાર્થ સમિતિના અધ્યક્ષ કલ્પેશ સિંઘવીએ જૈનાચાર્ય સાગરચંદ્રસાગર મહારાજની બે જૈન સાધ્વી સાથેની અશ્લીલ તસવીરો જાહેર કરી હતી. આ તસવીરો જાહેર થતાં જૈન સમાજમાં સોપો પડી ગયો હતો અને આ દુરાચારી જૈનાચાર્યને સંસારમાં પાછા ધકેલવાની ચર્ચાએ જોર પકડયું હતું.

આ તમામ અશ્લીલ તસવીરો અલગ અલગ વીડિયો કોલના સ્ક્રીનશોટની છે. એ કેવી રીતે લીક થઈ એની ખબર નથી, પણ નવી મુંબઈના કોપર ખૈરાણે પોલીસ સ્ટેશનમાં આ જૈન સાધુના એક જૂના ડ્રાઈવર સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ આ જૈન સાધુના એક અનુયાયીએ નોંધાવી છે અને

(જુઓ પાનું ૨) ▶▶

**ફોનનો ઉપયોગ કરવા સામે પણ પ્રતિબંધઃ બે જૈન સાધ્વીઓ સાથેની અશ્લીલ તસવીરો ક્યાંથી લીક થઇ એ વિશે તપાસ : જૂના ડ્રાઈવર સામે કોપર ખૈરાણે પોલીસમાં ફરિયાદ**

**આ તસવીરો સાચી છે કે ખોટી એ હું કહી ન શકું, કારણકે ગચ્છાધિપતિ નરદેવસાગર મહારાજે તસવીરોની સત્યતા તપાસવાના આદેશ આપ્યા છે એટલે તેઓ જ આ વિશે કહી શકે.**
**- જૈનાચાર્ય સાગરચંદ્રસાગર મહારાજ**


प.पू. गच्छाधिपति आ.श्री नरदेवसागर सूरीश्वरजी महाराजा

2/3/2025
फा.सु.३.

शासन की अपभ्राजना अटकाने के लिए सागरचंद्रसागरसूरि म. के लिए की गई मर्यादाएँ

सागरचंद्रसागरसूरिजी को जब तक सागर समुदाय के पू. गच्छाधिपति श्री एवं सागर समुदाय के पू. आचार्य भगवंतो को निर्दोषता न लगे तब तक गच्छाधिपति ... पूर्णचन्द्रसागरसूरिजी म. के साथ रहना होगा उसमे किसी भी प्रकार की स्वतंत्रता नही होगी। जैसे कि -----

सागरचंद्रसागरजी म. प्रवचन शिबिर वांचना तथा समस्त जाहिर प्रोग्राम नही कर सकेंगे। न ही इन कार्यक्रमो में उपस्थित रह सकेंगे।

सहवर्ती साधुओ के अलावा चतुर्विध संघ के किसी भी सदस्यो के साथ बेठक वंदनादि नहि कर सकेंगे। और न ही वंदनादि ले सकेंगे।

फोन व्यवहार बिलकुल भी नही कर सकेंगे - चाहे श्रावक का फोन हो या कर्मचारी का --। आवश्यकता लगने पर पूर्णचंद्रसागरसूरिजी को कहकर उन्हीसे phone करवाये।

मेरे द्वारा निर्दिष्ट काउस्सग, स्वाध्याय, जापादि द्वारा अपने अमूल्य समय को व्यतित करे।

उपरोक्त नियम पालन करवाने की जवाबदारी पू. पूर्णचंद्रसागरसूरिजी के उपरत की गई है। अगर उपरोक्त नियम पालन करवाने में तकलिफ पडे तो पू. गच्छाधिपति श्री को सूचन करे एवं पू. गच्छाधिपति श्री प्रवर समिति के पूज्यो के साथ विचार विमर्श करके निर्णय करेंगे।

नरदेवसागरसूरि
अभयसागर सू.

अक्षय शाह - बी/34, वर्धमान गार्डन सोसायटी, वंडर सिटी के पास, कात्रज, पुणे-411046
मोबाइल नंबर : +91 84118 99099 * कायमी संपर्क : +91 70969 98010

## રિલાયન્સને ગૅસ ઉત્પાદન અને બેટરી સેલ પ્લાન્ટના સંબંધમાં દંડ

નવી દિલ્હીઃ સરકારે અબજોપતિ મુકેશ અંબાણીની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને બે અલગ ડિમાન્ડ નોટિસ મોકલી છે. એક, સરકારી માલિકીની ઓએનજીસીના ક્ષેત્રમાંથી આવેલો હોવાનું કહેવાતો ગૅસ કાઢીને તેને વેચવા બદલ ૨.૮૧ અબજ ડૉલર (અંદાજે રૂપિયા ૨૪,૫૦૦ કરોડ)નો દંડ છે, જ્યારે બીજા કિસ્સામાં બેટરી સેલ પ્લાન્ટ ઊભો કરવાની મહેતલ મુજબ કામગીરી પૂરી નહિ કરવાનો સમાવેશ થાય છે. કંપનીએ વડી અદાલતના સંબંધિત એક ચુકાદાને સર્વોચ્ચ અદાલતમાં પડકારવા તૈયારી હાથ ધરી હોવાનું કહેવાય છે.

અગાઉ, ઇન્ટરનેશનલ આર્બિટ્રેશન ટ્રિબ્યૂનલે રિલાયન્સ અને યુકેની તેની ભાગીદાર બીપી પીએલસી બાજુનાં ક્ષેત્રોમાંથી આવેલો હોવાનું કહેવાતો ગૅસ કાઢીને વેચવા બદલ દોષી નહિ હોવાનું જણાવીને તેઓ વળતર ભરવા માટે જવાબદાર નહિ હોવાનો આદેશ આપ્યો હતો. આ ચુકાદાને દિલ્હી વડી અદાલતે ૧૪ ફેબ્રુઆરીએ રદ કરતા સરકારે ૨.૮૧ અબજ ડૉલરની ડિમાન્ડ નોટ મોકલવાનો

(જુઓ પાનું ૨) ▶▶

## ભારત ફાઈનલમાં, ફાઈનલ દુબઈમાંઃ પાકિસ્તાનની આબરૂના ધજાગરા

### યજમાન દેશમાં ફાઈનલ ન હોય એવો આઈસીસી સ્પર્ધામાં પ્રથમ બનાવ



દુબઈઃ ભારતે અહીંના દુબઈ ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં ગઈ કાલે વન-ડેના વર્લ્ડ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને વન-ડેની જ ચૅમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ સેમિ ફાઇનલમાં ૧૧ બૉલ બાકી રાખીને ચાર વિકેટના માર્જિનથી હરાવીને ફાઇનલમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ૨૦૨૩માં અમદાવાદમાં વર્લ્ડ કપની ફાઇનલમાં ટીમ ઇન્ડિયાને હરાવીને વિશ્વ વિજેતા બનેલા ઑસ્ટ્રેલિયાને દુબઈમાં ગઈ કાલે રોહિત શર્મા ઍન્ડ કંપનીએ જોરદાર પછડાટ આપીને સ્પર્ધાની બહાર કરી દીધું હતું અને રવિવારે દુબઈમાં જ રમાનારા નિર્ણાયક મુકાબલામાં પ્રવેશ મેળવી લીધો હતો.

ભારતને ૨૬૫ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો જે એણે ધૈર્યપૂર્વક તથા સમજદારીભર્યા બૅટિંગ પ્રદર્શન સાથે ૪૮.૧ ઓવરમાં ૨૬૭/૬ના

(જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પે યુક્રેનને અપાતી લશ્કરી સહાય બંધ કરી

ન્યૂ યૉર્કઃ યુક્રેનના પ્રમુખ વૉલૉદિમીર ઝૅલૅન્સ્કી સાથેની ઉગ્ર બેઠકના ગણતરીના દિવસો બાદ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુક્રેનને અપાતી તમામ લશ્કરી સહાય તાત્કાલિક અસરથી કામચલાઉ રીતે બંધ કરી દેવાનો આદેશ આપ્યો હતો.

સમાચારપત્રના અહેવાલમાં વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીને એમ કહેતા ટાંકવામાં આવ્યા હતા કે ટ્રમ્પે યુક્રેનને અપાતી તમામ લશ્કરી સહાય તાત્કાલિક અસરથી કામચલાઉ રીતે બંધ કરી દેવાનો આદેશ આપ્યો છે. આ આદેશને કારણે અમેરિકાને શસ્ત્રો અને દારૂગોળાના ભાવિ વેચાણમાં એક અબજ ડૉલર કરતાં પણ વધુનું નુકસાન થશે, એમ તેમણે કહ્યું હતું.

અમેરિકાના અગ્રણી નેતાઓ અને

(જુઓ પાનું ૨) ▶▶

## ઉદ્યોગો દેશની વૈશ્વિક શાખનો લાભ ઉઠાવેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે ભારતની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠા વધી રહી છે અને વિશ્વના દેશો ભારતને સારી ગુણવત્તાવાળા માલસામાનનું ઉત્પાદન કરી શકે એવા વિશ્વસનીય ભાગીદાર તરીકે જોઇ રહ્યું છે, એવા સમયે દેશના ઉદ્યોગોએ તેનો લાભ લેવો જોઇએ.

મોદીએ ‘નિયામક, રોકાણ અને વેપાર કરવાની સરળતા’ અંગેના વેબિનારને સંબોધતા જણાવ્યું હતું કે ઘણી સપ્લાય-ચેન ખોરવાઇ જવાથી વૈશ્વિક અર્થતંત્રમાં અનિશ્ચિતતા ઊભી થઇ છે. વિશ્વને આજે સારી ગુણવત્તાવાળા ઉત્પાદનો તૈયાર કરી શકે એવા વિશ્વસનીય ભાગીદાર અને સારી સપ્લાય-ચેનની જરૂર છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત આજે ઘણો સક્ષમ દેશ બની ગયો છે અને દેશના ઉદ્યોગોએ પ્રતિષ્ઠાનો લાભ ઉઠાવવાની તક

(જુઓ પાનું ૨) ▶▶

## કોઈને ‘મિયાં-તિયાં’ કે ‘પાકિસ્તાની’ કહેવું એ ધાર્મિક લાગણી દુભાવતો ગુનો નથીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ કોઈને ‘મિયાં-તિયાં’ કે ‘પાકિસ્તાની’ કહેવું અયોગ્ય હોવા છતાં એ ધાર્મિક લાગણી દુભાવતો ગુનો નથી, એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને સતીશચંદ્ર શર્માની બનેલી ખંડપીઠે આ કારણ આગળ ધરી ઝારખંડના ચાસમાં ઉર્દૂ ભાષાંતરકાર અને સબ-ડિવિઝનલ ઑફિસના કર્મચારી દ્વારા દાખલ કરવામાં આવેલા ફોજદારી ગુનાના કેસને મામલે આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો.

૧૧ ફેબ્રુઆરીએ આપેલા આદેશમાં કોર્ટે જણાવ્યું હતું કે કોઈને ‘મિયાં-તિયાં’ કે ‘પાકિસ્તાની’ કહીને ધાર્મિક લાગણી દુભાવવાનો અરજકર્તા પર આરોપ હતો.

કોઈને ‘મિયાં-તિયાં’ કે ‘પાકિસ્તાની’ કહેવું અયોગ્ય છે, પરંતુ એ ધાર્મિક લાગણી દુભાવતો ગુનો નથી બનતો એમ જણાવી સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે અમારું માનવું છે કે આરોપીને આઈપીસીની કલમ ૨૯૮ અંતર્ગત નિર્દોષ જાહેર કરી છોડી દેવો જોઈએ. (એજન્સી)■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બોફોર્સ કૌભાંડમાં સ્વીડિશ પુરાવાઃ મોદી સરકાર કેમ મૌન?

**રાજીવ** ગાંધી સરકારને ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં ઘરભેગી કરી દેવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા બોફોર્સ કૌભાંડનું ભૂત પાછું ધૂણ્યું છે અને સ્વીડનની સરકારે ભારતને સોંપેલું સીક્રેટ બોક્સ ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. બોફોર્સ કૌભાંડ જાણીતાં પત્રકાર ચિત્રા સુબ્રમણ્યમ બહાર લાવેલાં અને ચિત્રા સુબ્રમણ્યમે બોફોર્સ કાંડ પર બોફોર્સ ગેટ નામે પુસ્તક લખ્યું છે. આ પુસ્તકમાં ચિત્રા સુબ્રમણ્યમે બોફોર્સ કૌભાંડ વિશે ઘણી મહત્ત્વની વાતો કરી છે અને સવાલો ઉઠાવ્યા છે. આ સવાલોમાં સૌથી મહત્ત્વનો સવાલ એ છે કે, બોફોર્સ કેસમાં સ્વિડન દ્વારા સોંપાયેલા મહત્વના ગુપ્ત દસ્તાવેજના બોક્સ હજુ સુધી કેમ ખોલવામાં આવ્યા નથી?

ટેક્નિકલી આ બોક્સ ખોલવામાં નથી આવ્યાં એવું ના કહી શકાય કેમ કે સીબીઆઈએ બોફોર્સ કાંડમાં દાખલ કરેલાં ઘણાં ચાર્જશીટમાં આ બોક્સમાં અપાયેલા પુરાવાને આધાર બનાવ્યો હતો પણ સામાન્ય લોકો માટે આ બોક્સ ખુલ્યાં નથી કેમ કે બોક્સના પુરાવાની સંપૂર્ણ વિગતો સામાન્ય લોકો સુધી પહોંચી નથી. આ સંજોગોમાં ચિત્રા સુબ્રમણ્યમે ઉઠાવેલો સવાલ યોગ્ય છે.

આ સવાલનો જવાબ મેળવતાં પહેલાં બોફોર્સ કૌભાંડ શું હતું ને ભારતના રાજકારણમાં તેનું શું મહત્ત્વ છે તેની વાત કરી લઈએ, કેમ કે આજની પેઢીને બોફોર્સ કૌભાંડ શું છે તેની ખબર જ નથી. બોફોર્સ સ્વિડનની તોપ બનાવતી કંપની છે અને ભારતે ૧૯૯૦ના દાયકામાં બોફોર્સ દ્વારા બનાવાયેલી હોવિત્ઝર તોપ ખરીદી હતી. આ તોપની ખરીદીમાં ૬૪ કરોડ રૂપિયાનું કમિશન અપાયું હોવાનો ધડાકો ૧૯૮૭માં થયેલો.

૧૯૮૭ માં સ્વીડનન સરકારી રેડિયોના પ્રસારણમાં બોફોર્સ સોદામાં કમિશન અપાયું હોવાના સમાચાર જીનીવામાં ધ હિંદુ અખબારમાં સંવાદદાતા ચિત્રા સુબ્રમણ્યમે સાંભળ્યા પછી તેમણે આ અંગે ઈન્વેસ્ટિગેશન શરૂ ર્યું તેમાં બોફોર્સ કૌભાંડ બહાર આવ્યું. પહેલાં ધ હિન્દુ અખબારે ધડાકો કર્યો. પછી ધ ઇન્ડિયન એક્સપ્રેસ અને ધ સ્ટેટ્સમેનમાં આ કૌભાંડની વિગતો છપાઈ હતી.

આ કૌભાંડમાં ભારતના તત્કાલિન વડા પ્રધાન રાજીવ ગાંધી અને સ્વિડનના રાજકારણીઓ સામે શંકાની સોય તણાઇ હતી. રાજીવ ગાંધીના મળતિયાઓએ સંરક્ષણ સોદામાં કટકી ખાઈને દેશ સાથે ગદ્દારી કરી હોવાના મુદ્દે કૉંગ્રેસ છોડનારા વિશ્વનાથ પ્રતાપસિંહે હોબાળો મચાવ્યો તેમાં કૉંગ્રેસે ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં હાર ખમવી પડી હતી. ભાજપ ત્યારે વી.પી. સિંહ સાથે હતો તેથી ભાજપે પણ બોફોર્સ કૌભાંડને ચગાવ્યું હતું. વી.પી.એ તો પોતે સત્તામાં આવશે તો ૧૦૦ દિવસમાં બોફોર્સ કૌભાંડના આરોપીઓને જેલમાં ધકેલશે એવી જાહેરાત કરેલી પણ કશું ના થયું.

આ દરમિયાન સીબીઆઈની તપાસ ને એ બધું ચાલ્યું તેમાં ૧૯૯૭માં સ્વીડનની સરકાર દ્વારા ૫૦૦ થી ૧૦૦૦ પાનાના ગુપ્ત સ્વિસ દસ્તાવેજોવાળા બોક્સ મોકલવામાં આવ્યા હતા. આ બોક્સ હજુ સુધી ખોલવામાં આવ્યા નથી. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન સીબીઆઇના એ વખતના ડિરેક્ટર જોગિન્દર સિંહને આ દસ્તાવેજો સોંપવામાં આવ્યા હતા.

કૉંગ્રેસ તો બોફોર્સ કાંડમાં ખરડાયેલી હતી તેથી કોંગ્રેસ બોફોર્સ કૌભાંડને લગતી વાતો દબાવવા મથે જ. આ કારણે કૉંગ્રેસ સરકારના શાસન દરમિયાન બોફોર્સ કેસમાં સ્વિડન દ્વારા સોંપાયેલા મહત્વના ગુપ્ત દસ્તાવેજના બોક્સ ના ખોલાય એ સ્વાભાવિક છે. કૉંગ્રેસ પાસેથી એ અપેક્ષા પણ નથી પણ છેલ્લાં૧૧ વર્ષથી કેન્દ્રમાં સત્તા ભોગવતો ભાજપ પણ બોફોર્સ કેસમાં સ્વિડન દ્વારા સોંપાયેલા મહત્ત્વના ગુપ્ત દસ્તાવેજના બોક્સ ખોલતો નથી એ આશ્ચર્ય છે.

બોક્સ નહીં ખોલવા માટે બે કારણ હોઈ શકે. પહેલું કારણ એ કે, બોક્સમાં કશું એવું જોરદાર છે જ નહીં તેથી બોફોર્સ કાંડ વિશે ફુગાવેલો ફુગ્ગો ફૂટી જાય છે. આ શક્યતા નહિવત છે કેમ કે એવું હોત તો કૉંગ્રેસની સરકારોએ બહુ પહેલાં જ બોક્સ ખોલી નાખ્યાં હોત. કેન્દ્રમાં ૧૦ વર્ષ સુધી ડો. મનમોહનસિંહની સરકાર હતી ને સોનિયા ગાંધી સર્વેસર્વા હતાં. સોનિયા બોફોર્સ કેસમાં સ્વિડન દ્વારા સોંપાયેલા મહત્ત્વના ગુપ્ત દસ્તાવેજના બોક્સ ખોલીને પોતાના પતિ રાજીવ ગાંધી અને પોતાના પર લાગેલા કલંકને ધોઈ નાંખવાની તક જવા દે એ વાતમાં માલ નહોતો.

બોફોર્સ કાંડમાં ઈટાલિયન નાગરિક ઓટ્ટાવિયો ક્વોટ્રોચીનું નામ બહાર આવેલું અને સોનિયાના કહેવાથી રાજીવ ગાંધીની સરકારે ક્વોટ્રોચીને ભાગવા દીધો હતો એવું કહેવાય છે તેથી અંગત રીતે સોનિયાની પ્રતિષ્ઠા પર પણ કલંક લાગેલું જ છે. બોક્સમાં કૉંગ્રેસની નેતાગીરી કે રાજીવ ગાંધીને નિર્દોષ ગણાવતા પુરાવા હોત તો મનમોહનસિંહના શાસનકાળમાં બોક્સ ખૂલી જ ગયું હોત પણ એ બોક્સ ના ખૂલ્યું તેનો મતલબ કે, પુરાવા તો છે જ.

આ સંજોગોમાં બીજી શક્યતા એ રહે છે કે, બોક્સમાં એવું કંઈક છે કે જેનો રેલો ભાજપ સુધી પહોંચે એવો ડર છે. ભાજપે છેલ્લાં કેટલાંક વરસોમાં કૉંગ્રેસમાંથી મોટા પ્રમાણમાં નેતાઓને લાવી લાવીને ભરી દીધા છે. નહેરૂ-ગાંધી ખાનદાનના ચમચા ગણાતા ઘણા નેતા અત્યારે ભાજપમાં છે તેથી તેમને નુકસાન ના થાય એટલે ભાજપ બોફોર્સ કેસમાં સ્વિડન દ્વારા સોંપાયેલા મહત્ત્વના ગુપ્ત દસ્તાવેજના બોક્સ ખોલતાં ખચકાતો હોય એવું બને. ત્રીજી શક્યતા એ પણ છે કે, બોફોર્સ કેસમાં સ્વિડન દ્વારા સોંપાયેલા મહત્ત્વના ગુપ્ત દસ્તાવેજના બોક્સનો ઉપયોગ રાજકીય ફાયદા માટે કરાતો હોય અને જેમનાં નામ છે તેમને બ્લેકમેઈલ કરતા હોય. રાજકારણીઓ ગમે તે કરી શકે એ જોતાં આ શક્યતા પણ નકારી ના શકાય.

આ બોક્સ નહીં ખોલવાનો મુદ્દો પહેલાં ઉઠ્યો પણ છે ને ચિત્રા સુબ્રમણ્યમે પોતે ઘણાં લોકો સાથે વાત કરી છે. ચિત્રાના કહેવા પ્રમાણે, વર્ષોથી રાજકારણીઓ મને એવું કહ્યા કરે છે કે, આ બોક્સ ખોલવા કરતાં બંધ રખાયાં છે તેમાં તેમને માટે વધારે કામનાં છે. આ રાજકારણીઓ કોણ છે તેનો ફોડ ચિત્રા સુબ્રમણ્યમે પાડ્યો નથી પણ રાજકારણીઓએ ચિત્રાને આવી વાત કરી હોય તો તેનો મતલબ એ થાય કે, બોક્સમાં ઘણું એવું સ્ફોટક છે કે જેનો ઉપયોગ બ્લેકમેઈલિંગ માટે થઈ રહ્યો છે.

બોફોર્સ કેસ એક રહસ્ય છે. સીબીઆઈએ ૨૧ વર્ષ સુધી બોફોર્સ કેસ ચલાવ્યો અને આખરે ૨૦૧૧ માં કેસ બંધ કરી દીધો હતો. સીબાઈની તપાસમાં બોફોર્સના ભારત ખાતેના પ્રતિનિધી વિન ચઢ્ઢા, ઇટાલિયન ઉદ્યોગપતિ ઓટ્ટાવિયો ક્વાટ્રોચી, યુકેમાં સૌથી ધનિક એવા હિંદુજા બંધુઓને પણ આરોપી બનાવાયેલા પણ કોઈને સજા ના થઈ.

બોફોર્સમાં કોણે કટકી ખાઈને દેશ સાથે ગદ્દારી કરેલી તેનો ફોડ પણ કદી ના પડાયો. ભાજપ આ બોક્સના પુરાવા લોકો સામે મૂકીને કમ સે કમ એ સત્ય તો બહાર લાવી શકે તેમ છે જ પણ નરેન્દ્ર મોદી સરકાર કેમ મૌન છે એ સમજાતું નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૫-૩-૨૦૨૫, આચાર્ય સુંદર સાહેબની પુણ્યતિથિ

- ભારતીય દિનાંક ૧૪, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૭ સુધી (તા.૬ઠ્ઠી), પછી રોહિણી.
- ચંદ્ર મેષમાં સવારે ક. ૦૮-૧૨ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૦, ● સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૧૨, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૩ (તા. ૫)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૪ ,રાત્રે ક. ૨૧-૦૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ – ષષ્ઠી. આચાર્ય સુંદર સાહેબની પુણ્યતિથિ (સચ્ચિદાનંદ સંપ્રદાય), ગોરુપિણી ષષ્ઠી (બંગાળ)
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, નક્ષત્ર અને તિથિ મુજબ ભગવાન સૂર્યનારાયણની પૂજાનો શ્રેષ્ઠ યોગ. બુધ ગ્રહદેવતાનું પૂજન, વિશેષરૂપે ભગવાન સૂર્યનારાયણનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, ઉંબરાનું વૃક્ષ વાવવું, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ અચોક્કસ સ્વભાવ, ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ વિચારો ફર્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ, ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ચંડીગઢમાં વિરોધ પ્રદર્શન અગાઉ પંજાબ પોલીસે ખેડૂત નેતાઓના ઘરે પાડ્યા 'દરોડા', સંયુક્ત કિસાન મોરચાનો દાવો

ચંડીગઢઃ સંયુક્ત કિસાન મોરચા (એસકેએમ) ના નેતાઓએ દાવો કર્યો હતો કે પોલીસે મંગળવારે વહેલી સવારે પંજાબમાં ઘણા ખેડૂત નેતાઓના નિવાસસ્થાનો પર 'દરોડા' પાડ્યા હતા અને ૫ માર્ચે ચંડીગઢમાં વિરોધ પ્રદર્શનના તેમના આહ્‌વાન અગાઉ તેમની 'અટકાયત' કરવામાં આવી હતી. જોકે સંયુક્ત કિસાન મોરચાના આ દાવાઓ પર પોલીસે કોઇ પ્રતિક્રિયા આપી નહોતી.

ખેડૂત નેતાઓએ જણાવ્યું હતું કે મુખ્યપ્રધાન ભગવંત માન અને એસકેએમ નેતાઓ વચ્ચેની બેઠક નિષ્ફળ ગયાના એક દિવસ પછી પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસ કાર્યવાહીના ડરથી ઘણા ખેડૂત નેતાઓ ભૂગર્ભમાં ઊતરી ગયા છે. એસકેએમએ તેની વિવિધ માગણીઓના સમર્થનમાં ૫ માર્ચથી ચંડીગઢમાં એક અઠવાડિયા સુધી વિરોધ પ્રદર્શનનું આહ્‌વાન કર્યું છે. ભારતી કિસાન યુનિયન (લાખોવાલ) ના મહાસચિવ હરિન્દર સિંહ લાખોવાલે દાવો કર્યો હતો કે પંજાબ પોલીસે વહેલી સવારે એસકેએમ નેતાઓનાં ઘરો પર 'દરોડાઓ' પાડ્યા હતા.

લાખોવાલે કહ્યું હતું કે, 'સરકાર આવા પગલાં દ્વારા ખેડૂતોનો અવાજ દબાવી શકશે નહીં. અમે ખેડૂતોની વિવિધ માંગણીઓના સમર્થનમાં લડી રહ્યા છીએ.' તેમના નિવાસસ્થાને પોલીસકર્મીઓ પણ તૈનાત છે. લાખોવાલે ખેડૂતોને મોટી સંખ્યામાં ચંડીગઢ પહોંચવા હાકલ કરી હતી. ભારતી કિસાન યુનિયન (રાજેવાલ)ના ઉપાધ્યક્ષ મુકેશ ચંદ્ર શર્માએ દાવો કર્યો હતો કે પોલીસે સવારે ૪ વાગ્યે મારા નિવાસસ્થાને દરોડો પાડ્યો હતો.

તેમણે પોલીસ કાર્યવાહીની નિંદા કરી હતી. નોંધનીય છે કે ખેડૂતોની માગ પર ચર્ચા કરવા માટે સોમવારે પંજાબ સરકાર અને એસકેએમ નેતાઓ વચ્ચેની બેઠક અધવચ્ચે જ પૂરી થઇ ગઇ હતી. ખેડૂત નેતાઓએ દાવો કર્યો કે 'ગુસ્સે ભરાયેલા' માન 'કોઈપણ ઉશ્કેરણી વિના' બેઠકમાંથી બહાર નીકળી ગયા હતા. જોકે, માને કહ્યું હતું કે ખેડૂતો સાથે વાતચીત માટે તેમના દરવાજા હંમેશાં ખુલ્લા છે પરંતુ આંદોલનના નામે જનતાને થતી અસુવિધા અને હેરાનગતિ ટાળવી જોઈએ. એસકેએમએ ૨૦૨૦માં ત્રણ રદ કરાયેલા કૃષિ કાયદાઓ સામેના આંદોલનનું નેતૃત્ત્વ કર્યું હતું.

# રેલવેના ૨૬ અધિકારીની પરીક્ષાના પેપર ફૂટવાના કિસ્સામાં ધરપકડ

નવી દિલ્હીઃ સીબીઆઇએ મંગળવારે જણાવ્યું હતું કે રેલવેની ડિપાર્ટમેન્ટની પરીક્ષાના પેપર ફૂટવાના કિસ્સામાં પૂર્વ મધ્ય રેલવેના એક સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર સહિત રેલવેના ૨૬ અધિકારીની ધરપકડ કરાઇ હતી અને રૂપિયા ૧.૧૭ કરોડ રોકડા જપ્ત કરાયા હતા.

મુગલ સરાઇ ખાતે ચીફ લૉકો પાઇલટના હોદ્દા પરની બઢતી માટેની પરીક્ષાના પેપર ફોડવાના કિસ્સામાં સોમવારે રાતે રેલવેના અધિકારીઓને પકડવામાં આવ્યા હતા. આ પરીક્ષા મંગળવારે હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે પેપર ફૂટવાની ઘટનાને પગલે પરીક્ષા રદ કરાઇ હતી.

સીબીઆઇના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સીબીઆઇ દ્વારા મુગલ સરાઇમાં ત્રણ સ્થળે ત્રીજી અને ચોથી માર્ચ વચ્ચેની રાતે તપાસ હાથ ધરાઇ હતી. હાથથી લખેલા પ્રશ્નપત્રોની નકલ (ફોટોકોપી) ૧૭ વિદ્યાર્થી પાસેથી મળી હતી.

રેલવેમાં આ બધા (૧૭) પરીક્ષાર્થી હાલમાં લૉકો પાઇલટ્સ તરીકે કામ કરે છે અને તેઓએ પ્રશ્નપત્ર પરીક્ષાની પહેલાં જ મેળવવા માટે નાણાં ચૂકવ્યા હોવાનું કહેવાય છે. તેઓ પ્રશ્નપત્રોની નકલોની સાથે પકડાયા હતા. ૧૭ પરીક્ષાર્થી સહિત રેલવેના ૨૬ અધિકારીની ધરપકડ કરાઇ હતી. સીબીઆઇએ આ પરીક્ષાના પ્રશ્નપત્રો તૈયાર કરવાની જેમને જવાબદારી સોંપાઇ હતી, તે સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ઓપરેશન્સ)ની સામે પ્રથમદર્શી અહેવાલ નોંધ્યો હતો. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકા-કેનેડા

ક્લાઉડિયા શેઇનબૌમે જણાવ્યું હતું કે અમે પણ અમેરિકાથી કરાતી આયાત પર ટેરિફ વધારી રહ્યા છીએ.

દરમિયાન, ચીને અમેરિકાથી આયાત કરાતા ચિકન, ડુક્કરના માંસ, સોયાબીન અને ગૌમાંસની આયાત પર વધારાનો ૧૫ ટકા સુધીનો ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી.

ચીને અમેરિકાના ચિકન, ઘઉં, મકાઇ, કપાસ પર વધારાનો ૧૫ ટકા ટેરિફ લાદ્યો છે.

ચીને આ ઉપરાંત અમેરિકાથી આયાત કરાતા સોયાબીન, ડુક્કરના માંસ, ફળો, શાકભાજી, ડેરી ઉત્પાદનો પરના ટેરિફમાં દસ ટકાનો વધારો કર્યો હતો. (એજન્સી)

### રિલાયન્સને

માર્ગ મોકળો કર્યો હતો. રિલાયન્સે સ્ટોક એક્સ્ચેન્જના ફાઇલિંગમાં જણાવ્યું હતું કે ડિવિઝન બૅન્ચના ચુકાદાને પગલે પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલયે પીએસસી કોન્ટ્રેક્ટર્સ - રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, બીપી એક્સપ્લોરેશન (આલ્ફા) લિમિટેડ અને નિકો (એનઇસીઓ) લિમિટેડને ૨.૮૧ અબજ ડૉલરની ડિમાન્ડ નોટિસ મોકલી હતી.

શરૂઆતમાં રિલાયન્સનો કૃષ્ણા ગોદાવરી બેઝિન ડી-સી બ્લૉક કેજી-ડીડબ્લ્યૂએન-૯૮-૩ કે કેજી-ડીસિક્સમાં ૬૦ ટકા, બીપીનો ૩૦ ટકા અને કેનેડાની કંપની નિકોનો દસ ટકા હિસ્સો હતો. બાદમાં રિલાયન્સ અને બીપીએ નિકોનો હિસ્સો લઇ લીધો હતો અને હવે તેઓ અનુક્રમે ૬૬.૬૬ ટકા અને ૩૩.૩૩ ટકા હિસ્સો ધરાવે છે.

દરમિયાન, રિલાયન્સે જણાવ્યું હતું કે અમારી 'સ્ટેપ-ડાઉન સબસિડિયરી' રિલાયન્સ એનર્જી બેટરી સ્ટોરેજ લિમિટેડને ભારે ઉદ્યોગ મંત્રાલયે ત્રીજી માર્ચે મોકલેલા પત્રમાં ૨૦૨૫ની પહેલી જાન્યુઆરીથી (રૂપિયા પચાસ કરોડ)ની પરફોર્મન્સ સિક્યોરિટીના ૦.૧ ટકા 'લિક્વિડેટેડ ડેમેજ' તરીકે ચૂકવવા માગણી કરી છે. (પીટીઆઇ)

### ટ્રમ્પે યુક્રેનને

વરિષ્ઠ રાષ્ટ્રીય સુરક્ષા સલાહાકર વચ્ચે વ્હાઈટ હાઉસમાં યોજાયેલી શ્રેણીબદ્ધ બેઠકો બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

યુક્રેન રશિયા સાથે શાંતિમંત્રણા માટે પ્રતિબદ્ધતા ન દર્શાવે ત્યાં સુધી આ નિર્ણય અમલમાં રહેશે.

રશિયાએ કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વિના વર્ષ ૨૦૨૨ની ૨૪ ફેબ્રુઆરીએ યુક્રેન સાથે પૂર્ણ કક્ષાના યુદ્ધની જાહેરાત કર્યા બાદથી અત્યાર સુધીમાં અમેરિકાએ યુક્રેનને ૬૫.૯ અબજ ડૉલર કરતાં પણ વધુની લશ્કરી સહાય કરી છે અને વર્ષ ૨૦૧૪માં રશિયાએ યુક્રેન પર કરેલા પ્રારંભિક આક્રમણ બાદથી અત્યાર સુધીમાં ૬૯.૨ અબજ ડૉલરની સહાય કરી છે. (એજન્સી)

### જૈન સાધુ

તેનું કહેવું છે કે આ તસવીરો આ જૂના ડ્રાઈવરે લીક કરી છે.

આ તસવીરોમાં જૈનાચાર્ય સાગરચંદ્રસાગર મહારાજ બે સાધ્વીઓ સાથે અશ્લીલ હરકતો કરતા દેખાય છે. સાધ્વીઓ પણ આવા ચેનચાળા કરતી દેખાય છે.

આ તમામ અશ્લીલ તસવીરો જાહેર કરનાર જોધપુરની જિનશાસન રક્ષાર્થ સમિતિના અધ્યક્ષ કલ્પેશ સિંઘવીએ આ તસવીરો તેમને ક્યાંથી પ્રાપ્ત થઈ એ કહેવાની ના પાડી દીધી હતી.

સાગરચંદ્રસાગર મહારાજની અશ્લીલ તસવીરો બહાર આવતા અને જૈન સમાજમાં વ્યાપેલા આક્રોશને કારણે ગચ્છાધિપતિ નરદેવસાગર સૂરિશ્વરજી મહારાજે આ પ્રકરણમાં તપાસના આદેશ આપ્યા હતા. ત્રણ ફેબ્રુઆરીના એક લેખિત આદેશમાં તેમણે કહ્યું હતું કે અમે આ અશ્લીલ તસવીરોની સત્યતા તપાસી યોગ્ય પગલાં લઈશું.

સાગરચંદ્રસાગર મહારાજનો ફોન પર સંપર્ક સાધવામાં આવતાં તેમણે કહ્યું હતું કે આ તસવીરો સાચી છે કે ખોટી એ હું કહી ન શકું, કારણ કે ગચ્છાધિપતિ નરદેવસાગર મહારાજે તસવીરોની સત્યતા તપાસવાના આદેશ આપ્યા છે એટલે તેઓ જ આ વિશે કહી શકે. મારા એક સેવકે આ ફોટા લીક કર્યા છે એ વિશે પણ મારે કંઈ કહેવું નથી. જોધપુરના જે ભાઈએ આ ફોટા જાહેર કર્યા છે તેમને પણ પૂરાવા રજૂ કરવાની વિનંતી ગચ્છાધિપતિએ કરી છે.

સાગરચંદ્રસાગરે કહ્યું હતું કે જૈન સમાજમાં જેમણે મારી સામે આક્રોશ હોય તો એ તેમની ગેરસમજ અને અજ્ઞાનતા છે. એમાં હું કંઈ કરી ન શકું.

તમારી સામે ભૂતકાળમાં પણ દુરાચારના આક્ષેપો થયા છે એવા સવાલનો જવાબ આપવાનું સાગરચંદ્રસાગર મહારાજે ટાળ્યું હતું.

દરમિયાન ગચ્છાધિપતિ નરદેવસાગર સૂરિશ્વરજી મહારાજે બીજી માર્ચે એક લેખિત આદેશ બહાર પાડી સાગરચંદ્રસાગર પર અમુક મર્યાદા અંકુશ મૂકી દેવાની જાહેરાત કરી હતી.

આ આદેશમાં જણાવાયું છે કે જ્યાં સુધી સાગરચંદ્રસાગર સામે દુરાચારના આક્ષેપો પુરવાર ન થાય ત્યાં સુધી તેમણે ગુરુમહારાજાઓ સાથે જ રહેવું પડશે અને આમાં તેમને કોઈ છૂટ નહીં મળે. તેઓ પ્રવચન આપી નહીં શકે અને શિબિરોનું આયોજન પણ કરી નહીં શકે. તેમના પર આવા કોઈ કાર્યક્રમમાં હાજર રહેવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમના પર ફોનના ઉપયોગ પર પણ પ્રતિબંધ મુકાયો છે.

ગચ્છાધિપતિ નરદેવસાગર સૂરિશ્વરજી મહારાજે સાગરચંદ્રસાગર પર મર્યાદા લાદવામાં આવી હોવાની વાતને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે હવે પછી સાગરચંદ્રસાગરે આચાર્ય પૂર્ણચન્દ્રસાગર મહારાજની નિગરાનીમાં રહેવું પડશે. તેમણે કહ્યું હતું કે અશ્લીલ તસવીરોની સત્યતા તપાસવાની જવાબદારી અમે વકીલને સોંપી છે. દુરાચારના આક્ષેપ પુરવાર થશે તો સાગરચંદ્રસાગર મહારાજ સામે આકરાં પગલાં લેવાશે

અત્રે એ ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૯માં પણ સાગરચંદ્રસાગર મહારાજ પર મુંબઈનાં ઉપનગર બોરીવલીના એક ઉપાશ્રયમાં દુરાચાર આચરવાના ગંભીર આક્ષેપો થયાં હતાં. તેમના દુરાચારનો એક નનામી પત્ર પણ બહાર પડેલો. એ વખતે આખા પ્રકરણને ભીનું સંકેલી લેવામાં આવેલું. જો કે આ વખતે તેઓ બચી નહીં શકે એવું જૈન અગ્રણીઓ માને છે.

### ઉદ્યોગો દેશની

ઝડપી લેવી જોઇએ. વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશના ઉદ્યોગોએ વૈશ્વિક પરિસ્થિતિના 'દર્શક' બનીને બેસવાને બદલે તકનો લાભ લઇને અર્થતંત્રના ઝડપી વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઇએ.

મોદીએ દાવો કર્યો હતો કે અમારી સરકાર આર્થિક સુધારા, પારદર્શકતા અને વિકાસને વેગવંતો બનાવવા માટે કટિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે અમે મેન્યુફેક્ચરિંગ અને નિકાસ ક્ષેત્રે કામ કરી રહેલા ભારતીયોને વિશ્વાસ સાથે આગળ વધવા અને નિકાસના નવા ક્ષેત્ર શોધવા અનુરોધ કરીએ છીએ. દેશના ઔદ્યોગિક વિકાસમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. રમકડાં, ફૂટવેર (જોડાં) જેવા અનેક ક્ષેત્રમાં નિકાસની વિપુલ તક રહેલી છે. ઉદ્યોગો રોજગારી સર્જનમાં સરકારની સારી સહાય કરી શકે છે. (એજન્સી)

### ભારત ફાઈનલમાં

સ્કોર સાથે મેળવી લીધો હતો.

ભારત સતત ત્રીજી વાર ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પહોંચવામાં સફળ રહ્યું. આ પહેલાં, ૨૦૧૭ની ફાઇનલમાં પાકિસ્તાન સામે ભારતનો પરાજય થયો હતો અને એ અગાઉ ૨૦૧૩માં ભારતે ધોનીના સુકાનમાં ફાઇનલમાં ઇંગ્લૅન્ડને હરાવીને ટ્રોફી જીતી લીધી હતી.

ગઈ કાલે બોલિંગમાં મોહમ્મદ શમી (૪૮ બૉલમાં ત્રણ વિકેટ) સૌથી સફળ હતો અને બૅટિંગમાં વિરાટ કોહલી (૮૪ રન, ૯૮ બૉલ, પાંચ ફોર)એ સૌથી મોટું તેમ જ બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. સ્પિનર ઍડમ ઝૅમ્પાના બૉલમાં ડ્વારશુઇસના હાથમાં તે કૅચઆઉટ થતાં બાવનમી સેન્ચુરી ચૂકી ગયો હતો. કોહલી વન-ડે ક્રિકેટમાં તેની અસાધારણ કહી શકાય એવી ઇનિંગ્સ રમ્યો હતો, કારણકે તેણે કાંગારું બોલર્સનો હિંમતથી સામનો કરતા રહીને ફક્ત પાંચ ફોર ફટકારી હતી અને ૧૩૫ મિનિટ સુધી ચાલેલા આ યાદગાર દાવમાં ૬૪ રન સિંગલ-ડબલમાં બનાવીને સ્ટીવ સ્મિથ તથા તેના સાથીઓને ભયંકર પ્રેશરમાં મૅચ કેવી રીતે જીતી શકાય એના વ્યૂહનો પરિચય કરાવ્યો હતો.

કોહલી ઉપરાંત બીજા પાંચ બૅટરના ભારતની જીતમાં મહત્ત્વના યોગદાન હતા. એમાં શ્રેયસ ઐયર (૪૫ રન, ૬૨ બૉલ, ત્રણ ફોર), કેએલ રાહુલ (૪૨ અણનમ, ૩૪ બૉલ, બે સિક્સર, બે ફોર), હાર્દિક પંડ્યા (૨૮ રન, ૨૪ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર), અક્ષર પટેલ (૨૭ રન, ૩૦ બૉલ, એક સિક્સર, એક ફોર) તેમ જ રોહિત શર્મા (૨૮ રન, ૨૯ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર)નો સમાવેશ હતો.

હાર્દિક વિકેટ ગુમાવી એ પહેલાં ઉપરાઉપરી બે સિક્સર ફટકારીને કાંગારુંઓના સઢમાંથી હવા કાઢી નાખી હતી અને ભારતીય ટીમને વિજયની નજીક પહોંચાડી દીધી હતી.

ભારતીય બૅટર્સમાં માત્ર શુભમન ગિલ (આઠ રન) સારું રમવામાં નિષ્ફળ ગયો હતો અને રવીન્દ્ર જાડેજા બે રને અણનમ રહ્યો હતો.

ઑસ્ટ્રેલિયાની બોલર્સની ફોજમાં ઈજાગ્રસ્ત કમિન્સ, સ્ટાર્ક, હૅઝલવૂડ, માર્શ જેવા સ્ટાર બોલર્સની સ્પર્ધાની શરૂઆતથી જ ગેરહાજરી હતી અને આ સેમિ માટેની ટીમમાં કુલ પાંચ સ્પિનર હતા. ઍડમ ઝૅમ્પા તથા નૅથન એલિસને બે-બે વિકેટ તેમ જ બેન ડ્વારશુઇસ અને કૂપર કૉનોલીને એક-એક વિકેટ મળી હતી.

એ પહેલાં, ઑસ્ટ્રેલિયાએ પહેલા બૅટિંગ પસંદ કરીને ૨૬૪ રન બનાવ્યા હતા અને ભારતને ૨૬૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. કાંગારુંઓ ૪૯.૩ ઓવરમાં ઑલઆઉટ થયા હતા. દસમાંથી પાંચ વિકેટ ભારતીય સ્પિનરે અને ચાર વિકેટ પેસ બોલરે લીધી હતી. ઍલેક્સ કૅરી (૬૧ રન, ૫૭ બૉલ, એક સિક્સર, આઠ ફોર) શ્રેયસ ઐયરના સીધા થ્રોમાં રનઆઉટ થયો હતો.

કૅપ્ટન સ્ટીવ સ્મિથ (૭૩ રન, ૯૬ બૉલ, એક સિક્સર, ચાર ફોર)ની હાફ સેન્ચુરી પણ ભારતીય ટીમને થોડી નડી હતી. તે ૧૩૩ મિનિટ સુધી ક્રીઝ પર રહ્યો હતો અને સવાબે કલાક સુધી પોતાની ટીમ માટે આધારસ્તંભ બની ગયો હતો. તેણે ત્રણ હાફ સેન્ચુરી-પાર્ટનરશિપ કરી હતી. ટ્રૅવિસ હેડ (૩૯ રન) સાથે સ્મિથની બાવન રનની, માર્નસ લાબુશેન (૨૯ રન) સાથે ૫૬ રનની અને ઍલેક્સ કૅરી (૬૧ રન) સાથે ૫૪ રનની ભાગીદારી થઈ હતી.

મોહમ્મદ શમી (૧૦-૦-૪૮-૩) સૌથી સફળ બોલર બન્યો હતો. રવીન્દ્ર જાડેજા (૮-૧-૪૦-૨) અને ન્યૂ ઝીલૅન્ડ સામેની ગઈ મૅચના સુપરસ્ટાર સ્પિનર વરુણ ચક્રવર્તી (૧૦-૦-૪૯-૨)ની જોડીએ બે-બે શિકાર કર્યા હતા, જ્યારે અક્ષર પટેલ (૮-૧-૪૩-૧) ગ્લેન મૅક્સવેલની મહત્ત્વની વિકેટ લઈ શક્યો હતો. મૅક્સવેલને તેણે ક્લીન બોલ્ડ કર્યો હતો. ઑસ્ટ્રેલિયન ઇનિંગ્સની છેલ્લી વિકેટ હાર્દિક પંડ્યા (૫.૩-૦-૪૦-૧)એ લીધી હતી જેમાં તેણે ઍડમ ઝૅમ્પાને ક્લીન બોલ્ડ કર્યો હતો.

ઑસ્ટ્રેલિયા પાસે ઝૅમ્પા, મૅક્સવેલ, સ્મિથ, તનવીર સંઘા અને કૂપર કૉનોલી સહિત પાંચ સ્પિનર હોવાથી ભારત માટે ૨૬૫નો લક્ષ્યાંક મોટો તો હતો જ.

ખરેખર તો ઑસ્ટ્રેલિયન બૅટર્સ પ્રથમ બૅટિંગનો પૂરો ફાયદો નહોતા લઈ શક્યા. કેટલાક બૅટરે લાપરવાહીભર્યા શૉટમાં વિકેટ ગુમાવી હતી.

ઓપનર ટ્રેવિસ હેડ (૩૯ રન)ની મહત્ત્વની વિકેટ વરુણ ચક્રવર્તીએ ઑસ્ટ્રેલિયાના દાવની નવમી ઓવરમાં લીધી હતી. જોકે હેડને એ પહેલાં કેટલાક જીવતદાન મળ્યા હતા. મોહમ્મદ શમીએ મૅચના પહેલા જ બૉલ પર હેડનો કૅચ છોડ્યો હતો, એક તબક્કે તે રનઆઉટ થતાં બચ્યો હતો અને બે વખતે તે ક્લીન બોલ્ડ થતા બચી ગયો હતો. આ જીવતદાનને બાદ કરતા હેડે ટૂંકી ઇનિંગ્સમાં કેટલાક દર્શનીય શૉટ માર્યા હતા. હાર્દિકના એક બૉલમાં તેણે છગ્ગો ફટકાર્યો હતો અને શમીના લાગલગાટ ત્રણ બૉલ પર ચોક્કા માર્યા હતા. છેવટે નવમી ઓવરમાં હેડ ડીપમાં કૅચ આપી બેઠો હતો. શુભમન ગિલે દૂરથી દોડી આવીને હેડનો શાનદાર કૅચ પકડ્યો હતો.

બીજી મહત્ત્વની વિકેટ સ્ટીવ સ્મિથની હતી. શમીએ તેનું સ્ટમ્પ ઉખાડી નાખ્યું હતું. ગ્લેન મૅક્સવેલ પોતાના પાંચમા જ બૉલમાં અક્રોસ ધ લાઇન રમવા જતાં અક્ષરને ક્લીન બોલ્ડમાં વિકેટ આપી બેઠો હતો.

કુલદીપ યાદવને ૪૪ રનમાં વિકેટ નહોતી મળી, પરંતુ તેણે કાંગારુંઓને થોડા બાંધીને રાખ્યા હતા.

# ફડણવીસના અલ્ટિમેટમ પછી ધનંજય મુંડેનું રાજીનામું

## વિપક્ષના દબાણ સામે મહાયુતિ સરકારને ઝૂકવું પડ્યું: બીડના મસ્સાજોગ ગામના સરપંચની હત્યાના ફોટા વાયરલ થયા બાદ શોક થતાં રાજીનામું આપ્યાનો મુંડેનો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય વિધાનસભાના બજેટ સત્રના બીજા દિવસે અપેક્ષા મુજબ રાજ્યના કેબિનેટ પ્રધાન ધનંજય મુંડેએ રાજીનામું આપ્યું હતું. મળતી માહિતી મુજબ સોમવારે રાતે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના બંગલે થયેલી બેઠકમાં ફડણવીસે સ્પષ્ટ શબ્દોમાં અલ્ટિમેટમ આપ્યા બાદ આ રાજીનામાની જાહેરાત મંગળવારે સવારે કરવામાં આવી હતી. ધનંજય મુંડે વિધાનભવનમાં આવ્યા નહોતા, પરંતુ તેમના પીએના હસ્તે રાજીનામું મોકલી આપ્યું હતું. બીડના મસ્સાજોગ ગામના સરપંચની હત્યાના કેસમાં ધનંજય મુંડેના નજીકના ગણાતા વાલ્મિક કરાડને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યા ત્યારથી વિપક્ષ દ્વારા તેમના પર રાજીનામાનું દબાણ હતું અને આખરે તેમણે રાજીનામું આપ્યું હતું.

ધનંજય મુંડેએ રાજીનામું આપી દીધું છે અને મેં તેને સ્વીકારી લીધું છે. હવે રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનને રાજીનામું મોકલી આપવામાં આવ્યું છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે વિધાનભવનમાં પત્રકારોને જણાવ્યું હતું.

ધનંજય મુંડેના રાજીનામાને વિપક્ષની મોટી જીત તરીકે જોવામાં આવી રહ્યું છે, જેઓ બીડના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની નવ ડિસેમ્બરે થયેલી હત્યામાં વાલ્મિક કરાડનું નામ આવ્યું ત્યારથી મુંડેના રાજીનામાની માગણી કરી રહ્યા હતા. ૨૭ ફેબ્રુઆરીએ સીઆઈડી દ્વારા દાખલ કરવામાં આવેલા આ કેસના આરોપનામામાં વાલ્મિક કરાડને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યા બાદ વિપક્ષનું દબાણ વધ્યું હતું. ઘટનાના ૮૨ દિવસ બાદ મુંડેનું રાજીનામું લેવામાં આવ્યું હતું.

સંખ્યામાં ઓછા હોવા છતાં વિપક્ષનું દબાણ મુંડેના રાજીનામા માટે સફળ થયું હોવાથી વિપક્ષી મહાવિકાસ આઘાડીને બળ મળશે એવું માનવામાં આવે છે. બીજી તરફ સત્તા સ્થાપનાને હજી ચાર મહિના થયા નથી ત્યાં એક પ્રધાનને રાજીનામું આપવું પડ્યું તે મહાયુતિ માટે એક મોટા ફટકા તરીકે જોવામાં આવે છે.

ધનંજય મુંડે રાજીનામું લઈને પોતે વિધાનભવનમાં પહોંચ્યા નહોતા, તેમના રાજીનામાની કોપી લઈને તેમના પીએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના સાગર બંગલા પર ગયા હતા અને રાજીનામું સુપ્રત કર્યું હતું.

ધનંજય મુંડેએ રાજીનામામાં લખ્યું હતું કે સંતોષ દેશમુખની હત્યાના આરોપીને આકરી સજા આપવામાં આવે એવું વલણ પહેલેથી જ હતું, પરંતુ સોમવારે સામે આવેલા હત્યાના ફોટાઓ જોયા પછી શોક થયો હોવાથી રાજીનામું આપી રહ્યો છું. તેમણે રાજીનામા માટે પોતાના આરોગ્યનું કારણ પણ આપ્યું હતું. ■

### રાજીનામું ન આપે તો બરતરફી

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના પ્રધાન ધનંજય મુંડેને રાજીનામું આપવાનું અલ્ટિમેટમ આપ્યું હતું. અજિત પવારના સત્તાવાર બંગલા પર સોમવારે રાતે ધનંજય મુંડે, અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસની મુલાકાત થઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. આ બેઠકમાં ફડણવીસે સ્પષ્ટ શબ્દોમાં ધનંજય મુંડેને કહ્યું હતું કે જો તું રાજીનામું અહીં આપે તો આવતીકાલે હું રાજ્યપાલ પાસે જઈને તને બરતરફ કરવાની ભલામણ કરીશ. આ ચેતવણી બાદ મંગળવારે વહેલી સવારે ધનંજય મુંડેએ રાજીનામું મોકલી આપ્યું હતું. ■

### અંતરાત્માનું સાંભળી રાજીનામું: ધનંજય મુંડે

બીડ જિલ્લાના મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યાને મામલે ઉગ્ર વિરોધનો સામનો કરી રહેલા એનસીપીના નેતા ધનંજય મુંડેએ આખરે મહારાષ્ટ્રના કેબિનેટપ્રધાન તરીકે રાજીનામું આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે મેં મારા અંતરાત્માની વાત સાંભળીને તેમ જ મારી નાદુરસ્ત તબિયતને ધ્યાનમાં લઇને પ્રધાનપદેથી રાજીનામું આપ્યું છે. પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર કરેલી પોસ્ટમાં મુંડેએ એમ પણ કહ્યું હતું કે સરપંચ સંતોષ દેશમુખની ભયાનક હત્યા સાથેના સંબંધિત ફોટોગ્રાફ્સ જોઇને તેઓ ખૂબ જ દુખી થયા છે. ■

### રાજ્યપાલે રાજીનામું સ્વીકારી લીધું

મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી સાધાકૃષ્ણને મંગળવારે સાંજે રાજ્યના કેબિનેટ પ્રધાન ધનંજય મુંડેનું રાજીનામું સ્વીકારી લીધું હતું. અન્ન, નાગરી પુરવઠા અને ગ્રાહક બાબતોના પ્રધાન ધનંજય મુંડેનું રાજીનામું મુખ્ય પ્રધાનની ભલામણ પર સ્વીકારી લેવામાં આવ્યું હતું. ■

## કોણે શું કહ્યું?

### ખંડણી બાબતે યોજાયેલી બેઠક વિશે મુંડે સ્પષ્ટતા કરે

સરપંચ સંતોષ દેશમુખના હત્યાકેસ સાથે સંકળાયેલા ખંડણી પ્રકરણ માટે ધનંજય મુંડેના સત્તાવાર નિવાસસ્થાને બેઠક યોજવામાં આવી હતી ત્યારે આ બેઠકમાં શું થયું હતું એ અંગે મુંડેએ જણાવવું જોઇએ. મુંડેના સાતપુરા બંગલા ખાતે બેઠક યોજાઇ હતી કે નહીં એ અંગે મુંડેએ સ્પષ્ટતા કરવી જોઇએ.

-ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસ

### ધનંજય મુંડેએ પહેલા જ રાજીનામું આપી દેવું જોઈતું હતું

સરપંચની હત્યાકેસ માટે ભાઇ ધનંજય મુંડેએ પહેલાજ રાજીનામું આપીને યોગ્ય તે માર્ગ શોધી કાઢવો જોઈતો હતો.

-ભાજપનાં નેતા પંકજા મુંડે

### રાજીનામું આપવા માટે ૮૪ દિવસ કેમ લાગ્યા?

સરપંચ સંતોષ દેશમુખની હત્યાના ફોટા અને વીડિયો સરકાર પાસે હતા ત્યારે ધનંજય મુંડેને રાજ્ય કેબિનેટમાંથી રાજીનામું આપવા માટે ૮૪ દિવસનો સમય કેમ લાગ્યો ?

-એનસીપી એસપીનાં નેતા સુપ્રીયા સુળે

### સીએમએ ૨૪ કલાકમાં રાજીનામું લેવું જોઇતું હતું

સરપંચની હત્યા થયાના ૨૪ કલાકમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ધનંજય મુંડે પાસેથી રાજીનામું માગવું જોઈતું હતું. આ અંગે થયેલો વિલંબ તદ્દન શરમજનક છે.

-શિવસેના (યુબીટી)ના સંજય રાઉત

### નૈતિકતાના આધારે રાજીનામું આપ્યું

સરપંચ સંતોષ દેશમુખની હત્યામાં ધનંજય મુંડે સામેલ છે કે નહીં એ ખબર નથી, પરંતુ મુંડેએ નૈતિકતાના આધારે રાજીનામું આપ્યું છે.

- એનસીપીનાં નેતા છગન ભુજબળ




## હત્યા સંબંધી ફોટો વાયરલ થતા બીડ, પુણે, થાણેમાં ભારેલો અગ્નિ

પુણે અને થાણે ખાતે શિવસેનાના કાર્યકરોએ મંગળવારે સરપંચ સંતોષ દેશમુખની હત્યાના વિરોધમાં અહીં વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ગુનામાં સંડોવાયેલા આરોપીઓને ફાંસીની સજાની માગ કરી હતી. આ દરમ્યાન બીડમાં પણ સરપંચની હત્યા સંબંધી ફોટો વાયરલ થતા અનેક ભાગોમાં બંધ પાળવામાં આવ્યો હતો અને પરિસ્થિતિ સ્ફોટક હતી. આને પગલે પોલીસે બીડમાં બંદોબસ્ત વધારી દીધો છે.


પક્ષના કાર્યકરોએ હત્યા સંબંધિત ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવેલા એનસીપી નેતા ધનંજય મુંડેના નજીકના સાથી વાલ્મિક કરાડનું પૂતળું બાળ્યું હતું. પુણે એકમના પ્રમુખ પ્રમોદ ભાંગીરીએ જણાવ્યું હતું કે દેશમુખની ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હતી અને અમે આરોપીઓને ફાંસીને માંચડે લટકાવવાની માગ કરીએ છીએ.

થાણેમાં પણ આવો જ વિરોધ પ્રદર્શન યોજાયો હતો, જ્યાં પાર્ટીના કાર્યકરો આનંદ આશ્રમની સામે ભેગા થયા હતા.

થાણેના સાંસદ નરેશ મ્હસ્કે અને ભૂતપૂર્વ મેયર મીનાક્ષી શિંદેના નેતૃત્વમાં પ્રદર્શનકારીઓએ હત્યાની નિંદા કરતા અને દેશમુખ પરિવાર માટે ન્યાય માંગતા પ્લેકાર્ડ હાથમાં રાખ્યા હતા.

સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં, મ્હસ્કેએ કહ્યું હતું કે હત્યાનો કેસ ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં ચલાવવો જોઈએ અને આરોપીને મૃત્યુદંડની સજા આપવી જોઈએ. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



# પાલઘરમાં મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રક-ટ્રેલરની ટક્કર, ટ્રાફિક ખોરવાયો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં મંગળવારે વહેલી સવારે મુંબઈ-અમદાવાદ હાઇવે પર એક ટ્રક અને ટ્રેલરની ટક્કર બાદ આગ લાગી હતી જેને કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઇ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ ઘટનામાં કોઈ પણ જાનહાનિ થઇ નહોતી. ટ્રક અને ટ્રેલર બન્નેમાં કંઇક માલ-સામાન લાદવામાં આવેલો હતો. બન્નેની ટક્કર દુર્વેશ ગામમાં વૈતરણા નદી પર થઇ હતી. તેમની ટક્કર બાદ વાહનોમાં આગ લાગી હતી, એમ તેમણે જણાવ્યું હતું,

બન્ને વાહનોના ડ્રાઇવરના જીવ સમય રહેતા બહાર કૂદી મારી દેતા બચી ગયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. મનોરથી ઘટનાસ્થળે ફાયર એન્જિન રવાના કરાયા હતા. રાત્રે ૧૨,૧૫ કલાકે લાગેલી આગ પર ૨.૪૫ કલાકે કાબૂ મેળવવામાં આવ્યો હતો. બન્ને વાહનો આગમાં બળીને રાખ થઇ ગયા હતા.

આ ઘટના બાદ હાઇવે પર ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઇ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# બીડમાં ૧૦ મહિનામાં ૩૬ હત્યાઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે વિધાનસભામાં બીડ જિલ્લામાં હત્યાનો આંકડો કહ્યા બાદ સોપો પડી ગયો હતો. ગયા વર્ષે જાન્યુઆરીથી ઓક્ટોબર દરમિયાન ૩૬ હત્યાના કેસ નોંધાયા હતા અને છેલ્લાં પાંચ વર્ષની વાત કરીએ તો ૨૭૫ હત્યા અને ૭૬૬ હત્યાના પ્રયાસના કેસ નોંધાયા હતા.

ગૃહ વિભાગ પણ ધરાવતા દેવેન્દ્ર ફડણવીસે નીચલા ગૃહને ઉક્ત આંકડા અંગેની માહિતી લેખિતમાં આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે સરપંચ સંતોષ દેશમુખની હત્યા બાદ બીડ જિલ્લો ચર્ચામાં રહ્યો છે.

તેમણે કહ્યું હતું કે આ કેસોમાં સંડોવાયેલી ૨૬૦ જેટલા વ્યક્તિઓ પાસે હથિયારોનાં લાઇસન્સ હતાં અને મૃતકો સહિત પરમિટધારકોનાં ૧૯૯ લાઇસન્સ કેસ નોંધાયા પછી સસ્પેન્ડ અથવા રદ કરવામાં આવ્યાં હતાં. મુખ્ય પ્રધાને સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસ વિશે પણ વિગતો આપી હતી. તેમણે કહ્યું હતું કે આ કેસમાં મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) હેઠળ આઠ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. અંતે તેમણે હતું કહ્યું કે અન્ય એક આરોપી કૃષ્ણા આંધળે ફરાર છે, જ્યારે કૈજ પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર રાજેશ પાટીલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# સગીરા સાથે લગ્ન કરવા પ્રકરણે પતિ સહિત સાસરિયાં-પિયરિયાં સામે ગુનો

થાણેઃ સગીર વયની છોકરી સાથે લગ્ન કરવા પ્રકરણે થાણે પોલીસે સગીરાના પતિ સહિત સાસરિયાં અને પિયરિયાં વિરુદ્ધ પણ ગુનો નોંધ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪ અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ તેમ જ ચાઈલ્ડ મૅરેજ ઍક્ટ હેઠળ સોમવારે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં મંગળવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી.

પોલીસ ફરિયાદ અનુસાર ૧૬ વર્ષની સગીરાનાં લગ્ન બે વર્ષ અગાઉ એક યુવાન સાથે થયાં હતાં. સગીરા સાથે દુષ્કર્મને કારણે તે ગર્ભવતી બની હતી, જેને પગલે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

પોલીસે નોંધેલા એફઆઈઆરમાં સગીરાના વડીલો, પતિ અને સાસરિયાંનાં નામ આરોપી તરીકે નોંધવામાં આવ્યાં હતાં. આ પ્રકરણે વધુ વિગતો મેળવવામાં આવી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# સગીર પુત્રી પર બળાત્કાર ગુજારનાર નરાધમ પિતાને વીસ વર્ષની જેલ

થાણેઃ થાણે જિલ્લાની વિશેષ અદાલતે ૧૩ વર્ષની દીકરી પર બળાત્કાર ગુજારવાના કેસમાં નરાધમ પિતાને વીસ વર્ષની ગંભીર જેલની સજા ફટકારી હતી. પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સચ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળની જોગવાઇઓ હેઠળ ૪૨ વર્ષીય આરોપીને વિશેષ પોક્સો કોર્ટે દોષી ઠરાવ્યો હતો. આરોપીને વીસ વર્ષની જેલની સજાની સાથે ૨૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે આરોપી કલવામાં તેની પ્રથમ પત્નીની બે દીકરી તથા બીજી પત્ની અને પુત્ર સાથે રહેતો હતો. આઠમી નવેમ્બર, ૨૦૨૦ના આરોપીએ પોતાની દીકરી પર બળાત્કાર ગુજાર્યો હતો અને આ અંગે કોઇને ન કહેવાની ધમકી આપી હતી. પીડિતાએ તેની મોટી બહેન અને દાદીને આ બાબતે જાણ કરી હતી જેના આધારે પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન પીડિતા સહિત છ સાક્ષીની જુબાની નોંધવામાં આવી હતી. પીડિતાને અમુક સંબંધીઓએ કોર્ટમાં ખુલાસો ન કરવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેણે હિંમત રાખીને નરાધમ પિતાને સજા અપાવી હતી.

# મેડિકલેઈમ પ્રીમિયમ વધતા અનેક લોકો રિન્યુઅલ ચૂકયા

મુંબઈઃ આરોગ્ય વીમા પ્રીમિયમમાં થયેલા તોતિંગ વધારાને કારણે અનેક પોલિસીધારકોને ફટકો બેઠો છે. અનેક પોલિસીધારકોએ વીમાની રકમ ઓછી કરી હતી તો અનેક લોકોએ એ ભરી નહોતા શક્યા. ૩૦ ટકાનો વધારો કરવાને કારણે આ નાણાકીય વર્ષમાં ૧૦માંથી ૧ પોલિસીધારક રિન્યુઅલ કરાવી નહોતો શક્યો, જ્યારે અમુક લોકો પૂરું પ્રીમિયમ ભરવામાં ચૂકી ગયા હતા. હેલ્થ પ્રીમિયમ સ્થિર કે અનુમાનિત રીતે વધતા નથી, પણ સમયાંતરે વધતા હોય છે. વીમા કંપનીઓ દર ત્રણ વર્ષે તેમના દરના સમયપત્રકને સમાયોજિત કરતી હોય છે, જેથી તબીબી ફુગાવો, સારવારનો વધતા ખર્ચને ધ્યાનમાં લઇ શકાય. ઉંમર સાથે પ્રીમિયમ પણ વધતું હોય છે. છેલ્લાં ૧૦ વર્ષની વાત કરીએ તો બાવન ટકા પોલિસીધારકો માટે પ્રીમિયમમાં ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિદર (સીએજીઆર) ૫-૧૦ ટકા રહ્યો છે. આનો અર્થ એ થયો કે આમાંથી અડધાથી વધુ માટે ૧૦૦ રૂપિયાનું પ્રીમિયમ ૧૦ વર્ષ પછી વધીને ૧૬૨-૨૫૯ રૂપિયા થયું છે. બીજા ૩૮ ટકા માટે ૧૦૦ રૂપિયાના પ્રીમિયમમાં ૨૫૯-૪૦૪ રૂપિયા સુધીનો વધારો અને બાકીના ૩ ટકા પોલિસીધારકો માટે ૧૫થી ૩૦ ટકાનો વધારો થયો હતો. પોલિસી માર્કેટના જનરલ ઈન્સ્યોરન્સના ચીફ બિઝનેસ ઓફિસર અમિત છાબરાએ જણાવ્યું હતું કે જે લોકોએ મોટો ભાવવધારો જોયો છે તેમના માટે આ ટકાવારી ખૂબ ઓછી છે. તમારે તબીબી ફુગાવા ૧૪ ટકા છે ત્યારે તેની સામે પ્રીમિયમમાં કરાયેલો વધારો ઘણો ઓછો છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે ૯૦ ટકા રિન્યુઅલ એ પાછલા વર્ષ કરતાં ૧૦ ટકા વધુ છે અને આ રિન્યુઅલ રેશિયો ઉપર જ છે.

# વિસંગત પુરાવાઃ પત્નીના હત્યાના પ્રયાસના કેસમાં પતિને નિર્દોષ જાહેર કરાયો

મુંબઈઃ થાણેની એક કોર્ટે પુરાવામાં વિસંગતતા અને વિરોધાભાસ હોવાનું ટાંકીને પત્નીની હત્યાના પ્રયાસમાં પુરુષનો નિર્દોષ જાહેર કર્યો હતો. સેશન્સ જજ બી. અગ્રવાલે ૨૮મી ફેબ્રુઆરીના રોજ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ વ્યવસાયે ચિત્રકાર એવા આરોપીએ ગુનો આચર્યો હોવાની વાતને સાબિત કરી શક્યો નહોતો. આદેશની નકલ રવિવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર આરોપીએ ૧૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ થાણે શહેરના લોકમાન્ય નગરમાં તેના ઘરે છરી વડે પત્ની પર હુમલો કર્યો હતો. બચાવ પક્ષના વકીલે પુરુષ પર લગાવવામાં આવેલા આરોપોને ખોટા સાબિત કર્યા હતા. ફરિયાદ પક્ષનો કેસ પત્ની દ્વારા ફરિયાદ બાદ દાખલ કરાયેલા ગુના અને તેની પુત્રીઓ તેમ જ પોલીસ અધિકારીઓ સહિતના સાક્ષીઓની જુબાની પર આધાર રાખતો હતો. જોકે એમાં પણ ન્યાયાધીશને અનેક વિસંગતતાઓ જણાઈ હતી. સવારે સાત વાગ્યે હુમલો થયો હોવાનું ગુનામાં નોંધાયું હતું, જ્યારે પીડિતાએ કોર્ટમાં એવો દાવો કર્યો હતો કે હુમલો મોડી રાતે ૩ વાગ્યે થયો હતો. આવી અનેક વિસંગતતાઓને જોતાં ન્યાયાધીશે પુરુષને નિર્દોષ જાહેર કર્યો હતો.

# મહિલાઓના સશક્તીકરણ માટે પાલિકાનો પ્રોજેક્ટઃ ફૂડ એગ્રીગેટર કંપની સાથે હાથ મિલાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહિલાઓના સશક્તીકરણના ઉદ્દેશ્ય સાથે મુંબઈ મહાનગપાલિકાએ અગ્રણી ફૂડ એગ્રીગેટર કંપની સાથે સંયુક્ત રીતે પ્રોજેક્ટ આર્ય શરૂ કર્યો છે. બુધવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પહેલા મહિલાઓના આર્થિક સશક્તીકરણ માટે પાલિકાએ આ પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જેમાં ફૂડ એગ્રીગેટર કંપની સાથે બચત ગ્રૂપ માટે આ પ્રકારનો પ્રોજેક્ટ હાથ ધરનારી મુંબઈ મહાનગરપાલિકા એ ભારતની પહેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા બની ગઈ છે.

પાલિકાના કહેવા મુજબ આ પહેલ દ્વારા મહિલાઓ માટે નવા ઉદ્યોગ સાહસિક કૌશલ્યો વિકસાવશે, જે તેમના આર્થિક સશક્તીકરણ અને વિકાસમાં ફાળો આપશે. આ પહેલનો હેતુ સમાજના નબળા વર્ગોની પ્રગતિમાં મદદ કરવાનો છે. આ પ્રોજેક્ટ પાલિકાના નટીથ વોર્ડ મુલુંડથી શરૂ થશે અને બાદમાં અન્ય વોર્ડમાં અમલમાં મૂક્યા બાદ તેમાં મહિલા બચત ગ્રૂપને સાથે જોડવામાં આવશે.

# ઈન્સ્પેક્શન માટે આવેલા વીજ કંપનીના અધિકારીઓને ફટકાર્યાઃ ત્રણની ધરપકડ

થાણેઃ ભિવંડીમાં ઈન્સ્પેક્શન માટે આવેલા મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (એમએસઈડીસીએલ)ના અધિકારીઓ પર કથિત હુમલો કરવા બદલ પોલીસે ત્રણ જણની ધરપકડ કરી હતી. ગણેશપુરી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સંદીપન સોનાવણેએ જણાવ્યું હતું કે ઘટના ભિવંડી તાલુકાના કુંદે ગામમાં શુક્રવારે બની હતી. એમએસઈડીસીએલની ટીમ ઈન્સ્પેક્શન માટે આવી હતી. ઈન્સ્પેક્શન દરમિયાન અડધો ડઝન જેટલાં ઘરોના ઈલેક્ટ્રિક મીટર ન હોવાથી વીજચોરી કરતા હોવાનું જણાયું હતું. પ્રોટોકોલ અનુસાર ગેરકાયદે વીજજોડાણ ખંડિત કરીને વાયર કાઢી નાખવામાં આવે છે. અધિકારીઓ દ્વારા આવાં પગલાં ભરવામાં આવ્યાં ત્યારે અમુક લોકો ઉશ્કેરાયા હતા. અધિકારીઓ સાથે બોલાચાલી કરી તેમની મારઝૂડ કરવામાં આવી હતી. એમએસઈડીસીએલની ટીમે પછી ગ્રામપંચાયતના અધિકારીઓનો સંપર્ક સાધ્યો હતો. જોકે તેમની પાછળ પાછળ આરોપીઓ પણ અન્ય ગામવાસીઓ સાથે ત્યાં પહોંચ્યા અને ગાળાગાળી કરી હતી. (પીટીઆઈ)

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવનું ગઢડા, ગુંદાલા, દામનગર, લાઠીમાં પદાર્પણ



પાળિયાદ જૈન સંઘમાં દીક્ષા મહોત્સવ સંપન્ન કરી બોટાદ મોટીવાડી - વીતરાગ વૈયાવચ્ચ ભવનમાં પધારતા ભાવિકોએ સાતાકારી પાટનો લાભ લીધેલ. લાલચંદ સુખલાલ વસાણી પરિવારે ભવનનું સ્વદ્રવ્યથી નિર્માણ કરી લાભ લીધેલ છે. મંગળવારે ગઢડા પધારતાં આફ્રિકાના વિનુભાઈ કપાસી, જીવદયા પ્રેમી બળવંત ભાઈ પાટીવાળા વગેરેએ વૈયાવચ્ચ અને જીવદયાના કાર્યની અનુમોદના કરેલ. ચંદનબહેન શાંતિલાલ શાહ અને બળવંતભાઈ તરફથી સંઘજમણ યોજાયેલ. ગુંદાલામાં વિજયાબેન રસીકલાલ અજમેરા - મલ્લિનાથ ઉપાશ્રયે પ્રથમ વાર પધારતા ઉમંગ છવાયો હતો. તા. પાંચમીના દામનગરમાં પ્રવચન અને હંસાલક્ષ્મી જયંતિલાલ બગડીયા પ્રેરિત સંઘજમણ યોજાશે. તા. છઠ્ઠીના લાઠીમાં પ્રવચન અને સંઘજમણ વગેરે ભીમાણી, ભાયાણી પરિવારે રાખેલ છે. તા. સાતમીના સાવરકુંડલા પધારશે.

### ગરવારે ક્લબમાં શુક્રવારે વુમન ઑન્ટ્રપ્રેન્યોર એક્ઝિબિશન

મુંબઈઃ ગરવારે કલબ દ્વારા શુક્રવારે સવારે ૧૧થી ૭ વાગ્યે દરમિયાન મહિલાઓ વધુ સશક્ત બને એ માટે વુમન ઑન્ટ્રપ્રેન્યોર એક્ઝિબિશન રાખવામાં આવ્યું છે. આ એક્ઝિબિશન રાખવાનો હેતુ મહિલાઓ તેમના કૌશલ્ય અને વ્યવસાયનું પ્રદર્શન કરી શકે એ માટેનું પ્લેટફોર્મ આપવાનો છે. સભ્યો માટે છેલ્લાં ૬ વર્ષથી ગરવારે ક્લબ એક્ઝિબિઝન યોજતું આવ્યું છે અને આ તેમનું ૭મું એક્ઝિબિશન છે એવું એક્ઝિબિશનનું આયોજન કરનારાં પાયલ શાહે જણાવ્યું હતું.

### શ્રી ઠાકોરજીના દર્શનનો લાભ લેવાનું ભાવભર્યું આમંત્રણ

શ્રી ચંદા બેટીજી મહારાજ મદનમોહનજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા હોળી-ધુળેટીના પાવન અવસરે શ્રદ્ધાળુઓને ઠાકોરજીના દર્શનનો લાભ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. ફોર્ટમાં આવેલા આ મંદિરમાં પ્રભુના દર્શનના સમયની જાણકારી આપવામાં આવી છે. ૮ માર્ચ શનિવારે નબગીચા નોમથ. શ્રી રાજભોગમાં બગીચામાં બિરાજતા શ્રી ઠાકોરજીના દર્શન સવારે ૧૧ કલાકે.

૧૦ માર્ચ સોમવારે નઆમલકી (કુંજ) એકાદશી વ્રતથ શ્રી ઠાકોરજીના દર્શન સવારે ૧૧ કલાકે.

૧૪ માર્ચ શુક્રવારે ધૂળીવંદના શ્રી મંગળા દર્શન સવારે ૬.૧૫થી ૬.૪૫ કલાક સુધી. પહેલા ભોગના દર્શન સવારે ૯.૦૦થી ૯.૩૦ કલાક સુધી. બીજા ભોગના દર્શન સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ કલાક સુધી. ત્રીજા ભોગના દર્શન સવારે ૧૧.૦૦થી ૧૧.૩૦ કલાક સુધી. ચોથા ભોગના દર્શન બપોરે ૧૨.૦૦થી ૧.૦૦ કલાક સુધી. ૧૫ માર્ચ નદ્વિતીય પાટોત્સવથમાં શ્રી રાજભોગ દર્શન સવારે ૧૧થી ૧૧.૩૦ કલાક સુધી.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ

શ્રી સોરઠિયા પ્રજાપતી કુંભાર સમાજે (ધારાવી કુંભાર વાડા) વાપીમાં અખંડાનંદ આશ્રમમાં ગૌસેવા અને અન્નક્ષેત્રના લાભાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન કુંભાર વાડા, ધારાવી ખાતે કર્યું છે. પહેલી માર્ચથી શરૂ થયેલ આ કથા ૭ માર્ચ શુક્રવાર સુધી દરરોજ બપોરે ૩થી સાંજે ૭ કલાક સુધી યોજવામાં આવી છે. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર જયાનંદ સરસ્વતી મહારાજ તેમની વાણીથી ભાગવત કથાનું અમૃતમય રસપાન કરાવશે.

### યુવાઓને 'સ્ટાર્ટઅપ'નું માર્ગદર્શન

આજના યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટે પ્રહલાદરાય દાલમિયા લાયન્સ કૉલેજ દ્વારા ગ્રેજ્યુએટ થયેલાં વિદ્યાર્થીઓ માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. એમાં વિદ્યાર્થીઓને તેમની કુશળતાના આધારે 'સ્ટાર્ટઅપ' અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દેશના વિકાસમાં, ભવિષ્યના વ્યાવસાયિકોને ઘડવાનો આ અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ફેરિયાઓ સામે તાબડતોબ કાર્યવાહીની વેપારીઓની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદરના એન.સી.કેળકર રોડ સહિત મુંબઈનાં મહત્ત્વનાં સ્થળો પર ગેરકાયદે રીતે કબજો જમાવી બેસેલા ફેરિયાઓને કારણે રાહદારીઓની સાથે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી તેથી તેમની સામે યોગ્ય પગલાં લેવાની માગણી કરતો પત્ર દાદર વ્યાપારી સંઘ દ્વારા લેખિતમાં મુંબઈ પોલીસ કમિશનર સહિત મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરને લખવામાં આવ્યો છે.

મુંબઈના મોટાભાગના રસ્તાઓ સહિત ફૂટપાથ પર ગેરકાયદે રીતે ફેરિયાઓએ અંડિગો જમાવ્યો છે. હાઈ કોર્ટના આદેશ બાદ પાલિકા સતત કાર્યવાહી કરતી હોય છે, છતાં પણ ફરી પાછા ફેરિયાઓ આવી જતા હોય છે.

દાદર વ્યાપારી સંઘના અધ્યક્ષ સુનીલ શાહે મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે મુંબઈના મહત્ત્વનાં સ્થળ જેમાં મુખ્યત્વે દાદરના એન.સી કેળકર રોડ, આર.કે.વૈદ્ય રોડની સામે વીર કોતવાલ ગાર્ડન જેવા વિસ્તારોમાં ફેરિયાઓને કારણે ટ્રાફિકને તો અસર થાય છે પણ રાહદારીઓને ચાલવાને પણ જગ્યા રહેતી નથી. ખાસ કરીને દાદરના એન.સી. કેળકર રોડ પર મહત્વના શોરૂમ આવેલા છે ત્યાંની હાલત એકદમ ખરાબ છે. વાહનો તો ઠીક પણ રસ્તા પર ચાલવાને પણ લોકોને જગ્યા નથી એટલી હદે ફેરિયાઓએ અતિક્રમણ કર્યું છે.

દાદર વ્યાપારી સંઘના અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે દાદરમાં ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને અગાઉ અમે પાલિકાના પાર્કિંગ પ્લોટમાં વેલે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવી હતી. જોકે બાદમાં પ્રશાસન તરફથી વધુ મદદ નહીં મળતા વેલે પાર્કિંગ સુવિધાને બંધ કરવી પડી હતી.

# કિડનીની બીમારીથી પીડાતા પ્રૌઢની આત્મહત્યા

થાણેઃ થાણે જિલ્લામાં કિડનીની બીમારીથી પીડાતા પંચાવન વર્ષના પ્રૌઢે આત્મહત્યા કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભિવંડીના ધામણકર નાકા ખાતે રવિવારે આ ઘટના બની હતી. મૃતકની ઓળખ શબ્બીર અહેમદ લાલ મોહંમદ શેખ તરીકે થઇ હતી.

શબ્બીર અહેમદ કિડનીની બીમારીથી પીડાતો હતો અને તેણે રવિવારે પોતાની જાતને પાણી ભરેલા ડ્રમમાં ડુબાડી દીધો હતો. શબ્બીરને તેના ભાઇ અને પડોશીઓએ ડ્રમમાંથી બહાર કાઢ્યો હતો અને હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)

## હિન્દુ મરણ

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

હાલ અંધેરી નિવાસી દક્ષાબેન મુકેશભાઇ વ્યાસ તે તા. ૨-૩-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. મણીબેન અને સ્વ. ભગવાનજી ભીખાભાઇ દેસાઇ (ગામ પરિયા)ની સુપુત્રી. સુરતના મુકેશભાઇ વ્યાસની ધર્મપત્ની. રચિત અને વૃતિના માતા. અ. સૌ. વૈશાલીના સાસુજી. તથા નિવાનની દાદી. તથા સ્વ. ધનસુખલાલજી વ્યાસ અને ગં. સ્વ.ઇંદુમતીબેન ડી. વ્યાસના પુત્રવધૂ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૩-૨૫ના ગુરુવારના ૪થી ૬. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, ઉમાળે, સ્વામી વિવેકાનંદ રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી (વેસ્ટ), લૌકિક રિવાજ બંધ છે.

**હાલાઇ લોહાણા**

મુંબઇ નિવાસી હાલ અમદાવાદ અ. સૌ. ગીતાબેન દ્વારકાદાસ મોદી (ઉં.વ. ૭૯) તે દ્વારકાદાસ ગોવિંદજી મોદીના પત્ની. તે કવિતા અને જયના માતુશ્રી. ડિમ્પી મોદી તથા પિયુષકુમાર રૂધાણીના સાસુ. સ્વ. કાંતાબેન કરસનદાસ ઉનડકટના પુત્રી. તે સ્વ. ચંપકભાઇ, પુરુષોતમભાઇ, સ્વ. રસિકભાઇ, સ્વ. ધનલક્ષ્મીબેન, સ્વ.મંગળાબેનના નાનાબેન, રવિવાર, તા. ૨-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૬-૩-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. બીજા માળે, હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

ઠા. લાલજી ભાગચંદ ચંદે ગામ કચ્છ મઉ-મોટી (હાલ મુલુંડ)ના પુત્ર ઠા. મોહનલાલ (ઉં. વ. ૮૬) તા. ૨-૩-૨૫ રવિવારના રામશરણ પામેલ છે. તે સ્વ. સાકરબેન લાલજી ભાગચંદ ચંદેના પુત્ર. તે સ્વ. ત્રિવેણી બેનના પતિ. તે અ. સૌ. ચેતનાબેન, અ. સૌ. સોનલબેન અને સ્વ. પંકજના પિતાશ્રી. તે શૈલેષભાઇ હંસરાજ ગણાત્રા, રમેશભાઇ મોહનલાલ તન્ના (અંજાર) અને સ્વ. દર્શનાબહેનના સસરા. તે સ્વ. સરસ્વતીબેન મુલજી દૈયા, સ્વ. નર્મદાબેન નારાયણજી ધીરાવાણી, સ્વ. મંજુલાબેન ચાંપશી ચગસોતા અને સ્વ. પરસોતમના ભાઇ. તે સ્વ. શાંતાબેન નાનજી સેજપાલના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ખંભાતી વિશા લાડ વણિક**

સુધીરભાઇ કાંતિલાલ રોકડિયા (ઉં. વ. ૭૫) તે કાંતાબેન અને કાંતિલાલ રોકડિયાના સુપુત્ર. મધુરીબેન અને બીપીનભાઇ દલાલના જમાઇ. દર્શનાબેન (દક્ષા)ના પતિ. ભૌમિક અને હાર્મિરાના પિતા. અમિતા અને કિંજલના સસરા. અયાન, રીયા અને અર્જુનના દાદા. તા. ૨-૩-૨૫ના સ્વર્ગે સિધાવ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

જામખંભાળિયાવાળા હાલ કાંદિવલી અરુણ આશર (ઉં. વ. ૭૬) તે સ્વ. મધુરીબેન (જમાબેન) કરસનદાસ આશરના પુત્ર. તે સ્વ. કીર્તિ તથા સૌ. ભાવનાના પતિ. સ્વ. વલ્લભદાસ જમનાદાસ તથા ફોર્ટ સોનગઢવાળા સ્વ. ગમનલાલ કેશવલાલ મહેતાના જમાઇ. તે પરાગ, અ. સૌ. પૂજા. અ. સૌ. નિકા, પ્રતિકના પિતા. તે અ. સૌ. ભૈરવી, ભાવિન વિનોદરાય મહેતા. કશ્યપ તુલસીદાસ આટાવાળાના સસરા. તે સ્વ. મથુરાદાસ રણજીતભાઇના ભાઇ. તા. ૩-૩-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભાઃ ગુરુવાર, તા. ૬-૩-૨૫ના ૫થી ૭. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન, શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**કચ્છી લોહાણા**

ડો. જિતેન્દ્રભાઇ પ્રિતમલાલ ઠક્કર (ઉં. વ. ૭૩) ગામ રોહા કચ્છ હાલ થાણા તે સ્વ. શારદાબેનના પતિ. સ્વ. દેવકાબેન પ્રિતમલાલ ઠક્કરના પુત્ર. સ્વ. ભાનુબેન મનુભાઇ ઠક્કરના જમાઇ. તે મમતા અશોક ઠક્કર, દીપા મેહુલ ઠક્કર, યજ્ઞેશ ઠક્કરના પિતા. તે વલ્લરી યજ્ઞેશ ઠક્કરના સસરા રામ શરણ પામેલ છે તા. ૩-૩-૨૫ સોમવાર. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ માંડલિયા**

મૂળ ગામ ચોરવાડ હાલ મુંબઇ વિલેપાર્લે નિવાસી ચીમનલાલ જીવનદાસ દામાણી (ઉં. વ. ૯૫) તે સ્વ. નંદલાલભાઇ સ્વ. સુશીલાબેન, સ્વ. પ્રમિલાબેનના ભાઇ તથા સ્વ. જદુલાલ તારાચંદ મેસ્વાણીના જમાઇ. જયોતિબેનના પતિ. કૌશિક, ઉમેશ, હિતેશ, હિનાના પિતાશ્રી. શિલ્પા, હેતલ, હિલોની, પંકજભાઇના સસરા. તા. ૩-૩-૨૫ સોમવારના મુંબઇ ખાતે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા**

મુળ ગામ માંડવી કચ્છ (હાલ વડોદરા)ના ગં. સ્વ.મધુરીબેન પ્રતાપસિંહ પુરેચા (ઉં. વ. ૯૦) તે પ્રતાપસિંહ લક્ષ્મીદાસ પુરેચાના ધર્મપત્ની. કલ્પનાબેન, અશ્વિન, મહેશના માતુશ્રી. અ. સૌ. હિના તથા વર્ષાના સાસુ. તે મણીબેન કરસનદાસ શ્રોફના પુત્રી. રાધિકા, રેણુકા મિહિરના દાદી તા.૪-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી કડવા પાટીદાર**

બિદડા કચ્છ હાલે ઘાટકોપરના સવિતાબેન રામજી લીંબાણી (ઉં. વ. ૭૮) તા. ૩-૩-૨૫ના દેવલોક પામ્યા છે. તે રામજી લાલજી લીંબાણીના ધર્મપત્ની. ગં. સ્વ. ચતુરાબેન નારણ લાલજી લીંબાણીના જેઠાણી. દક્ષાબેન-દિપેશભાઇ-શિલ્પાબેનના માતુશ્રી. જીયાના દાદી. ભરતભાઇ, વૈશાલીબેન, અરવિંદભાઇના સાસુમા. સ્વ. હિરાબેન દેવજી કાનજી વેલાણીના સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૫-૩-૨૫ બુધવારના ૩.૩૦થી ૫. ઠે. પાટીદાર વાડી, એલ. બી. એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ).

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી**

ગામ કુશલગઢ હાલ મુલુંડ ભાલચંદ્ર કિશનલાલ ત્રિવેદી (ઉં. વ. ૮૫) તે તા. ૧-૩-૨૫ શનિવારના વૈકુંઠ પામેલ છે. તે સ્વ. મેનાબેન કિશનલાલ ત્રિવેદીના સુપુત્ર. શારદાબેનના પતિ. તથા સ્વ. દુર્ગાશંકરભાઇ અને સ્વ. મહેન્દ્રભાઇના ભાઇ. નરેન્દ્રભાઇ, ભરતભાઇ, શ્રીકાંતભાઇના પિતા. પ્રજ્ઞાબેન અને રચનાબેનના સસરા. રામાકાન્તભાઇ, જયોત્સનાબેન, દેઉલાબેનના કાકા. પ્રાર્થનાસભા તા. ૫-૩-૨૫ બુધવારના ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, પુરષોતમ ખેરાજ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ પશ્ચિમ, સસુરપક્ષ હરગોવનદાસ ભુરાલાલ ઉપાધ્યાય ગામ બાખોર તરફથી પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ કોટડા રોહા હાલ મુંબઇ મુલુંડ સ્વ. હંસરાજ જેઠમલ કોઠારીના ધર્મપત્ની સરલાબેન (ઉં. વ. ૮૪) તે હર્ષા પ્રદીપ તથા મીરાના માતુશ્રી. તે અ. સૌ. પ્રિતી તથા સ્વ. હર્ષદ ત્રિલોકચંદ્ર સોતાના સાસુ. તે સ્વ. નર્મદાબેન જેઠાલાલ પવાણી (ગામ મહી) હાલ કલકતાના મોટા સુપુત્રી. તે સ્વ. સરોજબેન, અ. સૌ. ભગવતી વિજયભાઇ કોઠારી તથા અજીતભાઇ, શરદભાઇ, મહેશભાઇ, સ્વ. નરેશભાઇ તથા નિમિષભાઇના બહેન. તે સ્વ. રજનીબેન માધવજી ચોખાવાલા તથા ગં. સ્વ. વીણાબેન ચંદ્રકાન્ત દલાલના ભાભી તા. ૧-૩-૨૫ના શનિવારે શ્રીરામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

વઢવાણ નિવાસી હાલ મલાડ સ્વ. શશીકાંતભાઇ નાગરદાસ વીંછીના ધર્મપત્ની કંચનગૌરી (ઉં. વ. ૮૪) તા. ૨-૩-૨૫ ને રવિવારે શ્રીજીચરણ પામેલ છે, તે સ્વ. શૈલેષભાઈ તથા કામિનીબેન કમલેશકુમાર વલેરાના માતુશ્રી તથા ગં.સ્વ. છાયાબેનના સાસુ. તે નટુભાઈ વીંછીના ભાભી. કોલકતા નિવાસી વેલજી વલ્લભજી આશરાના દીકરીની પ્રાર્થનાસભા તા. ૫/૩/૨૫ બુધવારે ૪.૩૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે. સ્થળઃ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**વિશા નીમા કપડવંજ**

કપડવંજ નિવાસી હાલ મુંબઈ સ્વ. ઉદયભાઈ જસવંતલાલના ધર્મપત્ની પૂર્ણિમાબેન (ઉં. વ. ૭૨) તે ૧/૩/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. ઉષાબેન જશવંતલાલ ના પુત્રવધૂ. સ્વ. નિર્મલાબેન નરેન્દ્રભાઈ પરીખના દીકરી. સ્વ. આશિત તથા માર્મિકના માતુશ્રી. સ્વ કિરીટભાઈ, દીપકભાઈ, સ્વ.નયનાબેન, શેખરભાઈ, મીરાબેનના બહેન. બધા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

ફરીદા બમનશાહ સીગનપોર્યા તે મરહુમો ખોરશેદ તથા બમનશાહ સીગનપોર્યાના દીકરી. તે કેટાયુન નોશીર એન્જિનિયરના બહેન. તે હનોશ નોશીર એન્જિનિયર ને ડાયના નોશીર એન્જિનિયરના માસી. તે નોશીર ધનજીશા એન્જિનિયરના સાલી. (ઉં. વ. ૬૯) રે. ઠે. લેડી હીરાબાઇ જહાંગીર, ગામડીયા કોલોની તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૫-૩-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે લાલબાગ મધ્યે એમ. જે. વાડીયા અગિયારીમાં.

મીનુ ડોશાભાઇ દાવર તે કેટાયુન એમ દાવરના ખાવીંદ. તે મરહુમો જાલામાય તથા ડોશાભાઇ દાવરના દીકરા. તે ઓસ્તી ફીરૂઝા યઝદી બજાના પપ્પા. તે ઓસ્તા યઝદી દીન્યાર બજાના સસરા. તે નોશીર ડી. દાવરના ભાઇ. તે મરહુમો દોલત તથા જહાંગીર કેરમાનીના જમાઇ. (ઉં. વ. ૮૫) રે. ઠે. એમ-૯, ગોદરેજ બાગ, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૫-૩-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની વાડીયા બંગલીમાં.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

થાનગઢ નિવાસી હાલ ભાંડુપ રમણીકલાલ તારાચંદભાઇ શાહના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૫) સ્વ. ચંપાબેન તથા સ્વ. તારાચંદભાઇ નેણશીભાઇ શાહના પુત્રવધૂ. તે સ્વ. સનત, છાયા જીતેન્દ્રકુમાર તલસાણીયા તથા જીજ્ઞેશ (મુન્ના)ના માતુશ્રી. સ્વ. સુશિલાબેન, ભારતીબેન, અરુણાબેન, પ્રમોદભાઇ તથા ભાવનાબેનના ભાભી. દિપીકાના સાસુ. રીના પ્રમોદભાઇના જેઠાણી. નિકીતા, સુમીતના દાદી. રાજકોટ નિવાસી સ્વ. ઝવેરબેન, સ્વ. ગુલાબચંદ ઠાકરશીની દીકરી. શુક્રવાર, તા. ૨૮-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ઠે. રમણીકલાલ તારાચંદભાઇ શાહ, રૂમ નં. ૫, લાકડાવાળા ચાલ, સ્ટેશન રોડ, ભાંડુપ (વે), લૌકિક વ્યવહાર તથા પ્રાર્થના બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના નરશી કરશન ફરીયા (ઉં. વ. ૭૯) મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી વેજીબેન કરશન પરબતના સુપુત્ર. ગં.સ્વ. રંભીબેનના પતિ. ધનસુખ, અનિલ, વનિતા, કલ્પનાના, પિતાશ્રી. મંજુલા, નિશા, નીતીન, સંજયના સસરા. આરતી, વિનિલ લાકડીયાના માતુશ્રી મુરઈબેન મણશી થાવર ગાલાના જમાઈ. પ્રાર્થના સ્થળઃ યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર-ઈસ્ટ, નિવાસ સ્થાન. એ-૯૦૩, ભૂમિ ટાવર, જૈન દેરાસર લેન, શાંતાક્રુઝ-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના શામજી ખેતશી મેઘજી સાવલા (ઉં. વ. ૮૦) તા. ૧.૩.૨૫ના મુંબઈ મધે અવસાન પામેલ છે. સ્વ. પાલઈબેન ખેતશીના સુપુત્ર. રંજનબેનના પતિ. લતા, અનુપ, સરલા, અલ્પા, શીતલ, રાહુલના પિતા. સ્વ. ચંદ્રકાંત, માલવિકા, ઈશ્વર, હિતેશ, શાંતીલાલ, ભારતીના સસરા. ધ્રુવી, કીથ, અહાનના દાદા. કેયુર, નિષ્ઠા, રૂચીના ના સસરા. સ્વ.પાંચીબેન રવજી ગુણશી નિસરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન. એ-૨૧, રૂસ્તજી આદર્શ, હેરીટેજ, માર્વે રોડ, મલાડ-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વિંઝાણના ગીતેન દામજી ગડા (ઉં. વ. ૫૭) તા. ૨-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. જયાબેન દામજીના પુત્ર. પુષ્પાના પતિ. સિધ્ધાંતના પિતા. કિરીટ, અરુણ, કલ્પેશ, જસ્મીન, ગીતાના ભાઈ. નરેડી મણીબેન લક્ષ્મીચંદ (દાદા)ના જમાઈ. પ્રા. નારાયણજી શામજી મહાજન વાડી, ભાઉદાજી રોડ, માટુંગા સે. રે. ટા. ૩ થી ૪.૩૦. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે.

તલવાણાના શ્રી નૈલેશ પોલડિયા (ઉં. વ. ૬૩) ૨-૩ના અવસાન પામેલ છે. ચંચળબેન તલકશીના પુત્ર. હર્ષાના પતિ. ઇતિશા, ચિરાગના પિતા. હિમ્મત, અશોક, અશ્વિનના ભાઈ. પુષ્પાબેન કાંતિલાલના જમાઈ. મનોજ, મીનલના બનેવી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હર્ષા પોલડિયા, ૨૦૨, સજાગ સો, સિમ્પોલી રોડ, બોરીવલી (પ).

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ બોરીવલી કીર્તિલાલ રતિલાલ દોશી (ઉં. વ. ૯૩) તે ૧/૩/૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મધુબેનના પતિ. કીર્તિલાલ શિવલાલ પારેખના જમાઈ. અલ્કા, મનીષ, રાજુના પિતા. જીતેન્દ્રકુમાર તથા રૂપલના સસરા. સ્વ. વસંતભાઈ, સ્વ. પનાભાઈ, સ્વ. ચીનુભાઈ, સ્વ. હિંમતભાઈ, સ્વ. મંગળભાઈ, સ્વ. ભાનુબેન તથા સ્વ. પદમાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.૩૦૧, જીવન મંગલ સોસાયટી, દૌલત નગર રોડ નં ૬, બોરીવલી ઈસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વિધાનમંડળમાં હોબાળો

**અબુ આઝમી અને ઔરંગઝેબ...**

## સમાજવાદી પક્ષના વિધાનસભ્યને સસ્પેન્ડ કરવાની માગણીઃ બંને ગૃહની કામગીરી ખોરવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સમાજવાદી પાર્ટીના નેતા અબુ આસિમ આઝમી દ્વારા મોગલ શાસક ઔરંગઝેબની કરવામાં આવેલી પ્રશંસાને મુદ્દો બનાવીને વિધાન મંડળના બંને ગૃહોમાં મંગળવારે ભારે ધમાલ જોવા મળી હતી. સત્તાધારી મહાયુતિના સભ્યોએ આઝમીને ગૃહમાંથી સસ્પેન્ડ કરવાની અને તેમના પર દેશદ્રોહનો ગુનો નોંધવાની માગણી સાથે ધમાલ કરી હોવાથી બંને ગૃહોની કામગીરી આખો દિવસ માટે ખોરવાઈ ગઈ હતી.

અહીં ઉલ્લેખનીય છે કે વિપક્ષી મહાવિકાસ આઘાડી દ્વારા વિધાનસભ્ય ધનંજય મુંડેના રાજીનામાને મુદ્દે સત્તાધારી પક્ષને ઘેરવાની તૈયારી કરવામાં આવી હતી, ત્યારે આ મુદ્દો અચાનક આવી પડ્યો હતો.

મંગળવારે ગૃહનું કામકાજ શરૂ થયું કે તરત જ મહાયુતિના સભ્યોએ આઝમી વિરોધી સૂત્રોચ્ચાર ચાલુ કરી નાખ્યા હતા અને તેમની સામે કાર્યવાહીની માગણી કરી હતી. તેમણે એવો દાવો કર્યો હતો કે આઝમી ઔરંગઝેબનો વારસદાર છે, મરાઠા શાસક સંભાજી મહારાજને ઔરંગઝેબે ક્રૂર યાતનાઓ આપી હતી અને તેમની અત્યંત પાશવી હત્યા કરી હતી.

નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેએ આઝમી સામેના ટીકા-મોરચાનું નેતૃત્વ કર્યું હતું. વિધાન પરિષદમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે અબુ આઝમી આ પહેલાં છત્રપતિ શિવાજી મહારાજ માટે પણ અપમાનાસ્પદ ટિપ્પણી કરી ચૂક્યા છે.

અબુ આઝમી જાણી જોઈને છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજનું અપમાન કરી રહ્યા છે. સંભાજી મહારાજની વીરતા અને ઔરંગઝેબની ક્રૂરતા લોકોનાં રુંવાડાં ઊભા કરી નાખે છે, એમ તેમણે કહ્યું હતું.

ઔરંગઝેબે સંભાજી મહારાજને અમાનવીય યાતનાઓ આપી હતી. અબુ આઝમીએ ઔરંગઝેબને સુશાસક ગણાવતાં કહ્યું હતું કે તેમણે મંદિરો બનાવ્યા, પરંતુ હકીકત એ છે કે ઔરંગઝેબે કાશી વિશ્વેશ્વર મંદિર તોડ્યું હતું, એમ શિંદેએ કહ્યું હતું.

મોગલ શાસકે ફક્ત હિંદુઓને જ નહીં, અન્ય ધર્મના લોકોની પણ હત્યાઓ કરી હતી, એમ પણ તેમણે કહ્યું હતું.

ઔરંગઝેબ જીતીને પણ હારી ગયો, જ્યારે સંભાજી મહારાજ તેમની હિંમતને કારણે પોતાના બલિદાન બાદ પણ જીતી ગયા હતા. તે (ઔરંગઝેબ) રાક્ષસ હતો. એક સાચો મુસ્લિમ પણ આવા દેશદ્રોહીના વારસોને માફ કરશે નહીં. તેમની પ્રશંસા કરવું ખોટું છે, એમ શિંદેએ કહ્યું હતું.

તેમણે એવી માગણી કરી હતી કે આઝમીનું વિધાનસભાનું સભ્યપદ રદ કરવું જોઈએ.

વિધાનસભામાં તેમણે આઝમીને દેશદ્રોહી ગણાવ્યા હતા અને તેમને ગૃહમાં બેસવાનો કોઈ અધિકાર નથી એમ પણ કહ્યું હતું. ■

## વિપક્ષી નેતાપદ પર ઉદ્ધવ-સેનાનો દાવો

### ભાસ્કર જાધવનું નામ નોમિનેટ કર્યું

મુંબઈઃ શિવસેના (યુબીટી)એ મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતાપદ માટે દાવો રજૂ કર્યો છે. આ સ્તરના પદ માટે સિનિયર વિધાનસભ્ય ભાસ્કર જાધવને નોમિનેટ કરવામાં આવ્યો છે, એવું ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું. આ અંગેનો પત્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરને સુપરત કરવામાં આવ્યો છે.અમે વિરોધ પક્ષના નેતા તરીકને દાવો રજૂ કર્યો છે અને આ માટેનો એક લેટર અધ્યક્ષને સુપરત કરવામાં આવ્યો છે. અમને વિશ્વાસ છે કે લોકશાહી મૂલ્યોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવશે, એવું જાધવે જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે તેનો નિર્ણય બજેટ સત્ર પહેલાં લેવો જોઇએ.

જાધવ ગુહાગરના વિધાનસભ્ય છે. તેમણે ૧૯૯૦ના દાયકામાં શિવસેનાનું પ્રતિનિધિત્વ કર્યું હતું, ત્યાર બાદ ૨૦૧૯માં શિવસેનામાં ફરી જોડાતા પહેલાં એનસીપીમાં ગયા હતા.ઠાકરેએ એ વાતનો પણ ઇનકાર કર્યો હતો કે વિપક્ષ નેતા પદનું કોઈ રોટેશન થશે નહીં. સોમવારે એનસીપી (શરદ પવાર)એ માગ કરી હતી કે વિરોધ પક્ષનું પદ વારાફરતી હોવું જોઈએ. શિવસેના (યુબીટી)ના નીચલા ગૃહમાં ૨૦ ધારાસભ્યો છે, ત્યાર બાદ કોંગ્રેસ (૧૬) અને એનસીપી (શરદ પવાર) (૧૦) છે. અત્યાર સુધી તેમાંથી કોઈએ પણ ઔપચારિક રીતે આ પદ પર દાવો કર્યો નથી. પૂર્વધારણા મુજબ વિરોધી પક્ષને આ પદ પર દાવો કરવા માટે કુલ બેઠકોના ૧૦ ટકા (જે ૨૮ થાય છે)ની જરૂર હોય છે. ■

## મારા શબ્દોને તોડી-મરોડીને રજૂ કરાયા છેઃ અબુ આઝમી

મુંબઈઃ મોગલ સમ્રાટ ઔરંગઝેબ પર કરેલી ટિપ્પણીને કારણે વધી રહેલા હોબાળાથી સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ આઝમીએ માફી માગીને કહ્યું હતું કે તેમના શબ્દોને તોડી-મરોડીને રજૂ કરાયા છે. જો મારા આ નિવેદનને કારણે કોઈની પણ લાગણીને ઠેસ પહોંચી હોય તો હું મારા શબ્દો પાછા લેવા તૈયાર છું. મારા શબ્દોને તોડીમરોડીને રજૂ કરાયા છે. મેં ઈતિહાસકારો અને લેખકોએ ઔરંગઝેબ રહેમતુલ્લા અલી માટે જે દાવો કર્યો હતો એ કહ્યું હતું.

આઝમીએ તેના સોશ્યલ મીડિયા એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં કહ્યું હતું કે મેં છત્રપતિ શિવાજી મહાહાજ, સંભાજી મહારાજ કે પછી અન્ય કોઈ મહાપુરુષો વિશે કોઇ અપમાનજનક ટિપ્પણી કરી નથી. જો કોઇને મારા નિવેદનથી દુઃખ પહોંચ્યું હોય તો હું મારા શબ્દોને પાછા લઉં છું.

આઝમીએ એવું પણ કહ્યું હતું કે મારા શબ્દોને ખોટી રીતે રજૂ કરીને રાજકારણ રમાઈ રહ્યું છે. આ મુદ્દાને રાજકીય રંગ આપવામાં આવ્યો છે અને મહારાષ્ટ્ર વિધાનસભાનું બજેટસત્ર બંધ કરીને એક રીતે નાગરિકોનું નુકસાન થઇ રહ્યું છે. ■

## અબુ આઝમી વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈઃ મોગલ સમ્રાટ ઔરંગઝેબની પ્રશંસા કરવા પ્રકરણે સમાજવાદી પક્ષના વિધાનસભ્ય અબુ આઝમી વિરુદ્ધ ગુનો દાખલ કરીને મુંબઈ પોલીસે તપાસ શરૂ કરી છે.

લોકસભાના સભ્ય નરેશ મહસ્કેએ આ પ્રકરણે થાણેના વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં સોમવારે નોંધાવેલી ફરિયાદને અબુ આઝમી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. માનખુર્દ શિવાજીનગર મતવિસ્તારના વિધાનસભ્ય આઝમી પર ધાર્મિક લાગણી દુભવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. વાગલે એસ્ટેટ પોલીસે આ એફઆઇઆર બાદમાં મુંબઈમાં ટ્રાન્સફર કર્યો હતો. ત્યાર બાદ મંગળવારે મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ આઝમી વિરુદ્ધ નવેસરથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

સમાજવાદી પક્ષના મહારાષ્ટ્ર પ્રમુખ આઝમીએ જણાવ્યું હતું કે ઔરંગઝેબના રાજમાં ભારતની સીમા અફઘાનિસ્તાન અને બર્મા (મ્યાનમાર) સુધી પહોંચી હતી. આપણી જીડીપી તે સમયે દુનિયાની જીડીપીના ૨૪ ટકાએ પહોંચી હતી. ભારતને તેના રાજ દરમિયાન સોનેરી પંખી તરીકે ઓળખવામાં આવતો હતો, એવો આઝમીએ કર્યો હતો.

મરાઠા રાજા છત્રપતિ સંભાજી મહારાજ અને ઔરંગઝેબ વચ્ચે લડાઇ વિશે પુછાતાં આઝમીએ તેને રાજકીય લડાઇ ગણાવી હતી.

આઝમીની આ ટિપ્પણી બાદ શિવસેનાના સમર્થકોમાં રોષ ફેલાયો હતો અને તેમણે આઝમી સામે વિરોધ પ્રદર્શન કર્યા હતા.

આ મુદ્દો રાજ્ય વિધાનસભામાં પણ ગાજ્યો હતો, જ્યાં શાસક પક્ષના સભ્યોએ આઝમીને ગૃહમાંથી નિલંબન કરવાની માગણી કરી હતી. આ પૂર્વે સોમવારે એકનાથ શિંદેની શિવસેનાના પદાધિકારી કિરણ પાવસકર મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં ગયા હતા અને આઝમી વિરુદ્ધ પગલાં લેવાની માગણી કરીને લેખિત ફરિયાદ આપી હતી.

મુંબઈ પોલીસે આઝમી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ (ધાર્મિક લાગણી દુભવવી), ૩૦૨ (ધાર્મિક લાગણી દુભાઇ તેવા શબ્દો ઉચ્ચારવા) અને ૩૫૬ (૧) તથા ૩૫૬ (૨) (બદનક્ષી) હેઠળ એફઆઇઆર દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

## પેસિવ ફંડ્સઃ ૨૦૨૫માં સ્માર્ટ ચોઇસ



**વિકાસ વાડેકર, હેડ-પેસિવ બિઝનેસ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

ચાલો જોઈએ કે આ રોકાણ સાધનો કેવી રીતે આજના રોકાણકાર માટે યોગ્ય છે અને તે કેવી રીતે લાંબા ગાળે સ્થિરતા, ખર્ચ અસરકારકતા અને વિકાસની સંભાવનાઓ પૂરી પાડે છે અને તે પણ એક્ટિવ મેનેજમેન્ટની જરૂર વગર.

- **કિફાયતીપણુ- ઓછો ખર્ચ સારી બાબત છેઃ** 2025માં ટકાવારીનો દરેક પોઇન્ટ મહત્ત્વનો છે ત્યારે રોકાણકારો ફી પર વધુ ધ્યાન આપી રહ્યા છે. પેસિવ ફંડ્સ તેમના ઓછા ખર્ચ ગુણોત્તર માટે જાણીતા છે. પેસિવ ફંડ્સ આટલા ઓછા ખર્ચને જાળવી રાખવામાં સક્ષમ છે તેનું કારણ એ છે કે તેમને વ્યક્તિગત સ્ટોક પસંદ કરવા માટે વિશ્લેષકો અને ફંડ મેનેજરોની ટીમની જરૂર નથી. તેના બદલે, તેઓ સક્રિય હસ્તક્ષેપની જરૂર વગર નિફ્ટી 100 અથવા નિફ્ટી 500 જેવા પહેલેથી નિર્ધારિત ઇન્ડેક્સને સરળતાથી ટ્રેક કરે છે. તાજેતરના વર્ષોમાં પેસિવ ફંડ્સના વિકાસ માટે આ કિફાયતીપણું મુખ્ય પરિબળોમાંનું એક છે.
- **લાંબા ગાળે વૃદ્ધિ- સ્થિર, સ્થિતિસ્થાપક અભિગમઃ** પેસિવ ફંડ્સ 2025 માટે સ્માર્ટ પસંદગી બની શકે તે માટેનું બીજું કારણ છે બજારો સાથે સીધી રીતે જોડાયેલી વળતર પ્રદાન કરવાની તેમની સંભાવના. વધુને વધુ અણધારી બની રહેલી દુનિયામાં રોકાણકારો એવી વ્યૂહરચનાઓ શોધી રહ્યા છે જે માત્ર સ્થિરતા જ નહીં પરંતુ સમય જતાં સ્થિર, ચક્રવૃદ્ધિ વળતરની સંભાવના પણ પ્રદાન કરે છે. વ્યાપક બજાર સૂચકાંકોને ટ્રેક કરીને, પેસિવ ફંડ્સ આ વૃદ્ધિ હાંસલ કરે છે તથા રોકાણકારોને સંપત્તિ નિર્માણ માટે વિશ્વસનીય માર્ગ પ્રદાન કરે છે. તમે વાંકાચૂંકા રસ્તા પર ગાઢ ધુમ્મસમાંથી પસાર થઈ રહ્યા હોવ તેની કલ્પના કરો. પેસિવ ઇન્વેસ્ટિંગ એ સ્પષ્ટ જીપીએસ સિસ્ટમ સાથે તે રસ્તા પર ફરવા જેવું છે જે તમને તમારા નિર્ધારિત સ્થળ સુધીના સૌથી સરળ, સૌથી સીધા માર્ગ પર લઈ જાય છે અને તેના માટે તમારા માર્ગને સતત એડજસ્ટ કરવાની જરૂર નથી. તે સ્થિર, ભરોસાપાત્ર અને તમને નાણાકીય ધ્યેયો સુધી પહોંચાડવા માટે બનાવાયા છે અને અનિયમિત, ટૂંકા ગાળાના નિર્ણયો લેવાનું જોખમ ઘટાડે છે.
- **પેસિવ ફંડ્સનું ભવિષ્યઃ** જેમ જેમ આપણે 2025માં આગળ વધી રહ્યા છીએ તેમ તેમ રોકાણ પોર્ટફોલિયોમાં પેસિવ ફંડ્સની ભૂમિકા વધુ અગ્રણી બનવાની સંભાવના છે. ઓછા ખર્ચે, લાંબા ગાળાના રોકાણ તરફનો ટ્રેન્ડ વધી રહ્યો છે ત્યારે પેસિવ ફંડ્સ તમામ રોકાણકારો માટે એક આદર્શ ઉકેલ બની શકે છે, ખાસ કરીને મહિલાઓ માટે કે જેઓ તેમના નાણાકીય ભવિષ્ય પર નિયંત્રણ મેળવીને વિશ્વાસપાત્ર વૃદ્ધિ ઇચ્છી રહી છે. ઓછી કિંમત, સીધી વ્યૂહરચના, વ્યાપક વૈવિધ્યકરણ અને લાંબા ગાળાની વૃદ્ધિ પર કેન્દ્રિત ધ્યાન સાથે, પેસિવ ફંડ્સ નાણાકીય બજારોમાં રોકાણ કરવાની સ્થિતિસ્થાપક, અનુકૂલનક્ષમ અને કાર્યક્ષમ રીત પ્રદાન કરે છે.

## પોણાબે હજાર કરોડના પાલિકાના પ્રકલ્પો ઝટ પૂરા કરોઃ ફડણવીસ

મુંબઈઃ મુંબઈ પાલિકા દ્વારા ચાલી રહેલા અંદાજે ૧,૪૧,૦૦૦ કરોડ રૂપિયા તથા ૨૫,૦૦૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રકલ્પોની મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે સમીક્ષા કરી હતી. અને કામો ઝડપથી પુરાં કરવાનો આદેશ આપ્યો હતો. આ વખતે તેમણે નાળા સફાઇ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)નો ઉપયોગ કરવાનો પાલિકાને નિર્દેશ કર્યો હતો. વિધાનભવનમાં આ અંગે થયેલી બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિત વિવિધ નેતા અને અધિકારીએ હાજર હતા.

મુંબઈ પાલિકા દ્વારા પાયાભૂત સુવિધા, પાણી પુરવઠો પ્રકલ્પ, મલનિસારણ પ્રકલ્પ, આરોગ્ય વિભાગના અંદાજે ૧.૪૧ લાખ કરોડ રૂપિયાના પ્રકલ્પ શરૂ છે જેમાં અંદાજે ૭૦૦ કિલોમીટર રસ્તાનું કોંક્રીટીકરણનું કામ, વર્સોવાથી ભાયંદર સુધીનો કોસ્ટલ રોડ, ગોરેગામ-મુલુંડ લિંક રોડ સહિત, ગોખલે પુલ, વિક્રોલી પુલ, કર્ણાક પુલ સહિતના વિવિધ પ્રકલ્પોની મુખ્ય પ્રધાને સમીક્ષા કરી હતી. ■

### હાજીઅલીમાં પાર્કિંગની સુવિધા

છત્રપતિ સંભાજી મહારાજ કોસ્ટલ રોડનું કામ પૂર્ણ થવાની આરે છે ત્યારે હાજીઅલી ખાતે ૧૨૦૦ વાહનની ક્ષમતા સાથેની પાર્કિંગની સુવિધા ઊભી કરવામાં આવે, એવો નિર્દેશ ફડણવીસે આપ્યો હતો. આ પ્રકલ્પનું કામ સમયસર પૂર્ણ થવું જોઇએ. તેની ટેન્ડર પ્રક્રિયા મહિનામાં પૂર્ણ કરવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો. ■

### ખાડામુક્ત મુંબઈ માટે રસ્તાનું કામ ઝડપી બનાવોઃ શિંદે

હાલમાં પાલિકા દ્વારા ૭૦૦ કિલોમીટરના રસ્તાનું કોંક્રિટીકરણનું કામ ચાલી રહ્યું છે. આ કામ પૂર્ણ થયા બાદ મુંબઈના અંદાજે ૨,૦૦૦ કિલોમીટરના રસ્તા સિમેન્ટ-કોંક્રીટના બશે. મુંબઈના કુલ રસ્તામાંથી ૮૦ ટકા રસ્તા ખાડામુક્ત થશે. તેથી રસ્તાનું કામ ઝડપથી પૂર્ણ થવા જોઇએ. ચોમાસામાં નાગરિકોને હેરાનગતિ થવી જોઇએ નહીં તેની ખાતરી કરવાની રહેશે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું. ■

## મહારાષ્ટ્ર સરકાર વિરુદ્ધ એમવીએનો વિશેષાધિકાર ભંગનો ઠરાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું હોવા છતાં સભ્યોને પ્રધાન ધનંજય મુંડેના રાજીનામાની જાણકારી ન આપવા બદલ મહાવિકાસ આઘાડી (એમવીએ) દ્વારા મહારાષ્ટ્રની સરકાર સામે વિશેષાધિકાર ભંગની નોટિસ આપવામાં આવશે એવી માહિતી એનસીપી (એસપી)ના નેતા જયંત પાટીલે મંગળવારે આપી હતી.

મંગળવારે વિધાનસભાના કામકાજનો પ્રારંભ થયો તે પહેલાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મીડિયાને એવી જાણકારી આપી હતી કે પ્રધાન ધનંજય મુંડેએ રાજીનામું આપી દીધું છે અને તેમણે રાજીનામું સ્વીકારી લીધું છે.

આ ગૃહના વિશેષાધિકારનો ભંગ છે. આવી બાબતોની જાણકારી પહેલાં વિધાનસભામાં થવી જોઈએ. અમે વિશેષાધિકાર ભંગની નોટિસ લાવીશું, એમ એનસીપી (એસપી)ના નેતા જયંત પાટીલે કહ્યું હતું. વિપક્ષી મહાવિકાસ આઘાડીમાં શરદ પવારના નેતૃત્વ હેઠળની એનસીપી (એસપી), કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી)નો સમાવેશ થાય છે.

મહાયુતિના અન્ય ઘટકપક્ષ કોંગ્રેસના નેતા નાના પટોલેએ કહ્યું હતું કે મુખ્ય પ્રધાને પ્રોટોકોલ તોડીને અજિત પવારના સત્તાવાર બંગલા પર જઈને રાત્રે ચર્ચા કરી હતી અને તેને પગલે ધનંજય મુંડેનું રાજીનામું આવ્યું છે. સરકારને બધી જ વાતની માહિતી હોવા છતાં આ માહિતી તેમણે ગુપ્ત રાખી હતી. નાગપુરના શિયાળુ સત્રમાં પણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગૃહને ખોટી માહિતી આપી અને સભાગૃહ તેમ જ જનતાની દિશાભૂલ કરી હતી. સરપંચ હત્યા કાંડમાં વાલ્મિક કરાડ અને તેના સાથીઓ આરોપી છે, પરંતુ સરકારે આ માહિતી ગુપ્ત રાખી હોવાથી તેમને પણ સહઆરોપી બનાવવા જોઈએ, બુધવારે અમે સભાગૃહમાં આવી માગણી કરીશું એમ તેમણે કહ્યું હતું. ■







## ટ્રાફિક કોન્સ્ટેબલ પર હુમલો કરનારા ડોક્ટરને દંડ

થાણેઃ ઓન-ડ્યુટી ટ્રાફિક કોન્સ્ટેબલ પર હુમલો કરવા માટે થાણેની કોર્ટે ડોક્ટરને દોષી ઠરાવ્યો હતો અને ૫,૬૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

સેશન્સ કોર્ટે ટ્રાફિક નિયમોનો ભંગ કરવા તથા સરકારી કર્મચારીને તેની ફરજમાં ખલેલ પહોંચાડવા માટે ૪૩ વર્ષીય ડોક્ટરને દોષી ઠરાવ્યો હતો. પહેલી માર્ચનો કોર્ટનો આદેશ મંગળવારે ઉપલબ્ધ થયો હતો.

સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૮ના સાંજે આ ઘટના બની હતી જ્યારે ટ્રાફિક કોન્સ્ટેબલે એક ડોક્ટરની કારને આંતરી હતી જે રસ્તા પર વિરુદ્ધ દિશામાં પાર્ક કરેલી હતી જેને કારણે ટ્રાફિકની સમસ્યા ઊભી થઇ હતી. કોન્સ્ટેબલે ડ્રાઇવિંગ લાઇસન્સની માગણી કરતા ડોક્ટરે તે આપવાનો ઇનકાર કર્યો હતો તથા ધક્કામુક્કી કરીને મોટેથી બોલચાલ કરવા લાગ્યો હતો. ■

## નાપાસ થવાના ડરે નાગપુરમાં દસમાના વિદ્યાર્થીએ ઝેર પીધું

મુંબઈઃ નાગપુર જિલ્લાની એક નામાંકિત સ્કૂલના ૧૦માના વિદ્યાર્થીએ પરીક્ષામાં નાપાસ થવાના ભયને કારણે ઝેર પીને જીવન ટૂંકાવી લીધું હતું. છેલ્લા ઘણા દિવસથી તે પરીક્ષાના તણાવમાં હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ૨૦૨૪માં લેવામાં આવેલી પરીક્ષામાં આ વિદ્યાર્થી નાપાસ થયો હતો. તેણે સરકારની એટીકેટીના નિયમો અનુસાર ૧૧મા ધોરણમાં પ્રવેશ મેળવ્યો હતો, પણ એ સપ્લીમેન્ટરી પરીક્ષામાં જે વિષયોમાં નાપાસ થયો હતો એ પાસ કરવું જરૂરી હતું. તેણે સપ્ટેમ્બર, ૨૦૨૪માં સપ્લીમેન્ટરી પરીક્ષાની તૈયારી કરી હતી, પણ પરીક્ષાના દિવસે ભારે વરસાદને કારણે તાલુકાના રસ્તાઓ બંધ થઇ ગયા હતા અને તે પરીક્ષાકેન્દ્ર સુધી પહોંચી શક્યો નહોતો અને તે પાસ થઇ શક્યો નહોતો.

ફરી એક વાર નિષ્ફળ જવાને કારણે તે નિરાશ થઇ ગયો હતો. હવે તેની પાસે હાલમાં ૧૦માની ચાલી રહેલી પરીક્ષામાં પાસ થવાની છેલ્લી તક હતી. તેણે બે વિષય પાસ કરવાના હતા. આ વિદ્યાર્થી છેલ્લા ઘણા સમયથી મહેનત કરી રહ્યો હતો. જોકે તેણે એવું કહ્યું હતું કે અંગ્રેજી વિષયનો ડર મારામાં ઘર કરી ગયો છે અને મને નાપાસ થવાનો ભય સતાવી રહ્યો છે.

શનિવારે અંગ્રેજીના પેપરને કારણે માનસિક તણાવ અનુભવી રહેલા આ વિદ્યાર્થીએ હતાશામાં આવીને ઝેર પી લીધું હતું. પછી એ કોઇ બસ સ્ટોપ પાસે જઇને બેભાન થઇ ગયો હતો. તેના મિત્રએ જોયું હતું અને તાત્કાલિક તેના પિતાને જાણ કરી હતી. કુહીની ગ્રામીણ હોસ્પિટલમાં તાત્કાલિક તેને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. જોકે તેની હાલત ગંભીર જણાતાં તેને નાગપુર મેડિકલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન આ વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું.

આ ઘટનાને કારણે સમગ્ર ખળભળાટ મચી ગયો હતો. નિષ્ણાતો માને છે કે પરીક્ષાના તણાવને કારણે વિદ્યાર્થીઓ હતાશમાં આવી જતા હોય છે એ માટે માતા-પિતા અને શિક્ષકોએ તેમની સાથે સમન્વય સાધવો જોઇએ અને પ્રેમપૂર્વક વાત કરવી જોઇએ. પરીક્ષામાં નાપાસ થવાના તેમના ડરને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઇએ. આ કેસમાં કુહી પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. ■

## રોડ રેજની ઘટનામાં આરોપીના પરિવારના સભ્યોએ કરેલા હુમલામાં યુવકનું મોત

પાલઘરઃ નાલાસોપારામાં બનેલી રોડ રેજની ઘટનામાં આરોપીના પરિવારના સભ્યોએ મારપીટ પછી લોખંડના સળિયાથી હુમલો કરતાં યુવકનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે પોલીસે પાંચ જણની ધરપકડ કરી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર પૂર્ણિમા ચૌગુલે-શ્રીંગીએ જણાવ્યું હતું કે ઘટના સોમવારની રાતે નાલાસોપારા વિસ્તારમાં બની હતી. મૃતક સૌરભ મિશ્રા મિત્ર સાથે બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે આરોપી સાથે વિવાદ થયો હતો.

સૌરભની બાઈકનો ધક્કો આરોપી કૌશિક ચવાણને લાગ્યો હતો, જેને પગલે તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી. વિવાદ વધતાં કૌશિકના પરિવારના સભ્યો દોડી આવ્યા હતા અને સૌરભ અને તેના મિત્રની મારપીટ કરી હતી.બન્ને યુવક પર લોખંડના સળિયા અને બીજા શસ્ત્રોથી હુમલો કરાયો હતો, જેમાં બન્ને ગંભીર રીતે ઘવાયા હતા. બન્નેને અલગ અલગ હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન સૌરભનું મૃત્યુ થયું હતું.આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી એક જ પરિવારના પાંચ સભ્યની ધરપકડ કરી હતી. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■

## ગોરેગામમાં પોલીસ કોન્સ્ટેબલનો આપઘાતઃ સુસાઈડ નોટમાં કરેલા આક્ષેપોની તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુરાર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલે ગોરેગામના નિવાસસ્થાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ઘટનાસ્થળેથી મળેલી કથિત સુસાઈડ નોટમાં કરાયેલા આક્ષેપોની પોલીસ તપાસ કરી રહી છે. ગોરેગામ પૂર્વમાં પરિવાર સાથે રહેતા સુભાષ કાંગણે (૩૭)એ સોમવારની બપોરે સીલિંગ ફેન સાથે ગળાફાંસો ખાધો હતો. પ્રાથમિક માહિતીને આધારે દિંડોશી પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

કાંગણેની બદલી ત્રણ મહિના અગાઉ જ કુરાર પોલીસ સ્ટેશનમાં થઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયેલા કાંગણેને તબીબે મૃત જાહેર કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ કાંગણે નાગરી નિવારા કોલોનીમાં પત્ની અને બે સંતાન સાથે રહેતો હતો. પત્ની બન્ને સંતાન સાથે તેના વતન ગઈ હોવાથી કાંગણે ઘરમાં એકલો હતો. કાંગણેના મિત્ર એવા કોન્સ્ટેબલની નજર ગળાફાંસો ખાધેલા કાંગણે પર પડતાં તેણે પોલીસને જાણ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટનાસ્થળેથી મરાઠીમાં લખેલી એક ચિઠ્ઠી મળી આવી હતી. ચિઠ્ઠીમાંના લખાણ અનુસાર તે માનસિક તાણમાં હતો. કાંગણેના નામે કોઈએ ડીસીપીને ખોટી ફરિયાદનો પત્ર લખ્યો હતો, જેમાં સિનિયર અધિકારીઓ વિરુદ્ધ લખવામાં આવ્યું હતું.

આ પત્ર તેણે લખ્યો ન હોવાનું કાંગણેનું કહેવું હતું. પત્રને કારણે બદનામી થઈ હોવાનું પણ તેને લાગતું હતું. પરિણામે માનસિક તાણમાં તેણે અંતિમ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. પોલીસ આ ચિઠ્ઠીમાં કરાયેલા આક્ષેપોની તપાસ કરી રહી છે. ■

## એક્સપ્રેસ ટ્રેનમાંથી દાગીના ચોરનારો પકડાયો

### ચોરીના દાગીના ખરીદવા બદલ ઝવેરી બજારના બે જ્વેલર્સની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં એક્સપ્રેસ ટ્રેનમાંથી પ્રવાસીના દાગીના ચોરનારા આરોપીને રેલવે પોલીસે પકડી પાડ્યો હતો, જ્યારે આરોપી પાસેથી ચોરીના દાગીના ખરીદવાના આરોપસર ઝવેરી બજારના બે જ્વેલર્સની પણ ધરપકડ કરવામાં આવી હતી.

સિનિયર ઇન્સ્પેક્ટર વિજય ખેડકરે જણાવ્યું હતું કે ઇન્દોર જતી એક્સપ્રેસમાં જાન્યુઆરીમાં મહિલા પ્રવાસીની દાગીના સાથેની બેગ ચોરાઇ હતી, જેની તપાસ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) દ્વારા કરવામાં આવી રહી હતી.

પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને રાતે લાંબા અંતરની ટ્રેનો પર નજર રાખી હતી. ૧૮ જાન્યુઆરીએ રેલવે પોલીસે મળેલી માહિતીને આધારે મહેશ અરુણ ઘાગ નામના શખસને ઝડપી પાડ્યો હતો, જેણે પૂછપરછમાં મહિલા પ્રવાસીના દાગીના ચોર્યાની કબૂલાત કરી હતી અને ચોરેલા દાગીના મુંબઈના ઝવેરી બજારમાં બે જ્વેલર્સને વેચ્યા હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન પોલીસે બંને જ્વેલર્સને શોધી કાઢ્યા હતા, જેમની ઓળખ તાનાજી માને (૪૫) અને નીતિન ચેલે (૪૪) તરીકે થઇ હતી. બાદમાં તેમની ધરપકડ કરાઇ હતી.

બંને જ્વેલર્સે કબૂલ્યું હતું કે તેમણે ચોરીના દાગીના પીગાળીને તેની લગડી બનાવી હતી. પોલીસે બંને પાસેથી ૮.૬૪ લાખ રૂપિયાની સોનાની લગડી જપ્ત કરી હતી. આરોપી વિરુદ્ધ કલ્યાણ અને વસઇ રોડ જીઆરપી સ્ટેશનોમાં ચોરીના ત્રણ ગુના નોંધાયેલા છે. (પીટીઆઇ) ■

હાલાઈ ભાટિયા (વીરજીયાણી)



રાજેન્દ્ર કાપડીયા (રાજા)
ઉં.વ. ૮૫
તા. ૨.૩.૨૦૨૫ ના શ્રીજી ચરણ પામ્યા છે.
સ્વ. તારામતીબેન જમનાદાસના સુપુત્ર
ભારતીબેનના પતિ,
પ્રતિક, ઉષ્માના પિતા,
ગુંજનના સસરા,
દિશિતાના દાદા

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન - હિન્દુ**
ધાર્મિક સમાચાર આપવા જૈનાચાર. Jainam24.com, 9819669108. (૧૫૩૨૪-સી)

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૯. લગ્ન સંબંધી

**કપોળ યુવક**
**કેનેડિયન સિટીઝન 1989 બોર્ન / 5'5", નિર્દોષ ઈસ્યૂલેસ ડિવોર્સી CA/CFA/ MBA યુવક, પેરેન્ટ વિલેપાર્લે સ્થિત માટે સમકક્ષ પરિવારની કેનેડા સ્થિત/સ્થાયી ઈચ્છુક યુવતીના વડીલો સંપર્ક 9820127258. (દહેજ નહીં.). (એસડીબી-૨૪૮૪)**

**''કંકોત્રી-50''**
અસંખ્ય વેરાયટી - વ્યાજબી પ્રિન્ટીંગ ભાવ - ડિલિવરી 6 દિવસમાં સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ - બોરીવલી - 9820000538 / 9820441711. (દહેજ નહીં). (૧૫૬૬૪-એ)

**નાગર બ્રાહ્મણ**
જેવીપીડીમાં રહેતા, અવિવાહિત યુવક, ૧૯૭૨/૫'-૭'', સુખી I. T. જોબ કરતા માટે યોગ્ય કન્યા આવકાર્ય. સંપર્ક: 9769932212 / 8452007078. (દહેજ નહીં). (૧૫૬૪૮-એ)

**''ગુજરાતી''**
અમેરિકા સ્થિત 1986, Dr. (PhD Medical) કન્યા માટે યોગ્ય ગુજરાતી (ફ્રેશ/ કુંવારા) IIM, Dr., IIT, CA, B.Tech, Engineer) યુવકના વડીલો. સંપર્ક: 9324031686. (દહેજ નહીં). (૧૫૬૬૦-એ)

**ગુજરાતી VIP SHAADI**
**- 2000 + candidates, 3 વર્ષની સેવા. USA NRI clients માટે ગુજરાતી જૈન/ વૈષ્ણવ યુવાનોના પ્રોફાઈલ (1995-2000) આવકાર્ય છે. 100% confidential. સ્નેહા - Whatsapp: +918956459611, gicarke @ gmail.com, sneha @cyberwebhotels.com (દહેજ નહીં). (૧૫૬૭૦-એ)**

■ સુંદર ગરીબ મરાઠી કન્યા, ઉંમર-31, ઉંચાઈ - 5'.4" શિક્ષણ 12મી પાસ, પ્રાઈવેટ જોબ કરે છે. પગાર-15,000/-, છોકરીના વડીલ નથી, કાકા કાકી સાથે રહે છે. ડિવોર્સી, વિધુર ચાલશે. જ્ઞાતિબાધ નથી. તુરત લગ્ન - 8983174198. (દહેજ નહીં.) (બી-૧૫૬૪૮)

## ૧૦. મહિલાઓ માટે

**10000 કમાવો**
ઘરબેઠા Sutaria's જામનગરવાળા મસાલા - અથાણાનું વેચાણ કરી સ્વતંત્ર બનો. 8200644970 / 9426239355. (જેપી/ ૪૯૭૩-સી)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૫૮૪)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહામ હોલિડે 9769977466/ 9892534488. (બી-૧૫૫૫૯)

**''MANDANI TRAVELS''**
''ચારધામ યાત્રા MAY - JUNE, કાશ્મીર ટૂર, કેરાલા ટૂર, સંપૂર્ણ ભારત યાત્રા'' - 9167184467 / 9372396434. (૧૫૬૬૯-એ)

**તુષારભાઈ**
ઉત્તરાખંડ ચારધામ, નેપાળ મુક્તિનાથ પુલ્હાશ્રમ,. દેવીબેન પ્રવાસ : 9892496610, 9833730639. (૧૫૬૬૮-એ)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૪. નોકરી ખાલી છે

**કમાઓ 8-12 લાખ**
પરિપક્વ અને મેનેજરીયલ ગુણવત્તાવાળા વ્યક્તિઓ, 40-75 વર્ષ. સરકારી સંલગ્ન કંપની. સંપર્ક: 8356933068 / 8766534390. (જેપી/૪૯૭૩-બી)

**ફિમેલ એકાઉન્ટન્ટ**
ટેલી ઓપરેટર (GST નોલેજ જરૂરી) દહિસર 9322286126. (૧૫૬૬૮-એ)

■ દાદર સ્થિત ગારમેન્ટ ઓફિસમાં એકાઉન્ટ્સના જાણકાર યુવક/યુવતી ફુલ ટાઈમ માટે જોઈએ છે. (સમય: સવારે 10 થી 7) હિતેશ ગાલા - 9821154588. (બી-૧૫૬૪૪)

**OFFICE ASSISTANT**
Required (Male) Part Time, 2-5 years experience - Excel / Word. 8169349803 / office.alufinns@gmail.com (JP/4973-E)

**"COMPUTER OPERATOR"...**
Required Fresher Female for Full Time - Vileparle (East) - 9869009892, 9869481310. (B-15649)

**JOY BEING GIFTED OPPORTUNITY**
**Earn 50000 to 200000 Monthly Zero Investment Entry age 50' year above Presentation Venue: 8th March Saturday @ 11 am Bhagwati Veg Restaurant Kesar Residency Charkop Sector-3 Kandivali West Free Registration Call: 9322415661. (15671/A)**

## ૧૭. જગ્યા આપવી છે

**રજવાડી ફ્લેટ ગોરેગામ (વેસ્ટ)**
**સ્ટેશન નજીક, જૈન દેરાસર અને શંકર મંદિરની નજીક ફુલ્લી ફર્નિશ્ડ અઢી બેડરૂમ, 1000 ફૂટ કારપેટ + 1000' ફૂટ ટેરેસ (ચારે બાજુથી ઓપન વાસ્તુનુસાર બનાવેલો) વેચવાનો (3.75 Cr નેગોશીએબલ). સંપર્ક: 7506345205. (૧૫૬૫૮-આઈ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, રેપ્યુટેડ બિલ્ડરનાં બંધાતા આલીશાન ટાવરમાં, 2, 3, 4 બેડરૂમ, હોલ, કિચન ફ્લેટો / જોડી, એમેનીટીશ સાથે, લાઈફટાઈમ ઓપન વ્યુ, જુગ્નું શાહ - HOMEALONE PROPERTY 9833352224. (૧૫૬૪૪-બી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
**લીવલાયસંસથી નવા બિલ્ડિંગમાં 3 બેડરૂમ્સના ૪ ફ્લેટ જૈન દેરાસર પાસે આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૫૬૫૦-એ)**

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**૧, ૨, ૩, ૪ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટો ભાડે/વેચાણથી લેવા-વેચવા રાજ એસ્ટેટ - 9821051136, 8591132359. (૧૫૬૪૪-સી)**

**ખાર (વેસ્ટ)**
તદ્દન નવા બિલ્ડીંગમાં ૩ બેડરૂમ એરિયા ૧૧૫૦' કારપેટ, ૫ બેડરૂમ ૨૩૦૦' કારપેટ, પોશ લોકેશન, ફક્ત ગુજરાતી માટે, જીમ્નેશીયમ સાથે, તુરંત વેચવાના. ફોન: ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૫૧૯)

**બોરીવલીમાં/કાંદિવલીમાં**
**કલ્પતરુમાં/લોઢામાં/રીવાલી પાર્કમાં/ ઓબેરોયમાં/ચાંડકમાં/સેઠિયામાં/ શાપુરજીમાં/વાધવામાં/ગોદરેજમાં/ મહિન્દ્રામાં. લેવા/વેચવા/ભાડેથી ''શ્રીજી'' 9820045571. (જેપી/૪૯૭૨-ઈ)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી /વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૬૦૯-એ)

**જુહુ**
મોડલ ટાઉન સોસાયટીમાં લેવીશ ૪ બેડરૂમ ભાડેથી અને ડી.એલ.એચ. રીજેન્સી બિલ્ડિંગમાં ૩ બેડરૂમ ભાડેથી મળશે. સંપર્ક: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૬૫૭-એ)

**વિલેપાર્લા (ઈસ્ટ)**
**૩ બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની હવા ઉજાસવાળો ૧૧૫૦ ફ્લેટ 3.50 કરોડ 2 પાર્કિંગ 9619018233. આશાબેન. (૨૫૭)**

**ગામદેવી**
3 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કિંગ - 5,00,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૨૫-એ)

**ગ્રાન્ટરોડ**
1 બેડરૂમ- 400' - કાર્પેટ - ફરનીસ્ટ - 1,50,00000/= નેગોશીએબલ - શાહ- 9820068382. (૧૫૩૨૫-બી)

**ગામદેવી**
4 બેડરૂમ- 1550' - પાર્કિંગ- સી.વ્યુ. ફરનીસ્ટ 12,75,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૨૫-સી)

**વાલ્કેશ્વર**
3 બેડરૂમ- 900' કાર્પેટ- પાર્કીંગ- 5,55,00000/= નેગોશીએબલ: શાહ- 9820068382. (૧૫૩૨૫-ડી)

**મલબાર હીલ**
6 બેડરૂમ- 3500', કાર્પેટ- 2 ગેરેજ- પાર્કીંગ. સી. ફેસીંગ ફરનીસ્ટ શાહ- 9820068382. (૧૫૩૨૫-ઈ)

**પારલા વેસ્ટ**
ગાર્ડન ફેશિંગ 3 બેડ 1200' કાર્પેટ નવા બિલ્ડીંગમાં સ્ટેશન/ દેરાસર નજીક- 7045622403. (બી-૧૫૬૪૫)

**લીવલાયસંસથી**
માધવબાગ પાસે સર્વોદયનગરમાં ફર્નિશ્ડ 2 બેડરૂમ 580'/ ગિરગાંવ મેજેસ્ટીક ડેક્કનમાં 2 બેડરૂમ 850' + પાર્કિંગ / શુભમ ટાવરમાં 450' રેડી કબજો. 9820034317. (૧૫૬૬૬/બી)

**તારદેવ**
ફોર્જેટ સ્ટ્રીટ દેરાસર પાસે ફર્નિશ્ડ ૨.૫ બેડરૂમ + પાર્કિંગ/ ૨ બેડરૂમ 850' લિવલાયસંસથી રેડી કબજો. 9820034317. (૧૫૬૬૬/ સી)

**વિલેપાર્લા (ઈસ્ટ) આઝાદ રોડમાં**
**2 બેડરૂમ (525' - કારપેટનો) સેમી ફર્નિશ્ડ ફ્લેટ, પાંચમાં માળે (પાર્કિંગ) વેંચાણથી આપવાનો. (ઓનર) 9594518112. (૧૫૬૭૧/બી)**

**વાલકેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા/ વેચવા અને લીવલાયસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી - ૨૪૮૮)

**મુલુંડ (વેસ્ટ)**
સ્ટેશન પાસે, વન બેડરૂમ, ન્યુ બિલ્ડીંગમાં ૧,૦૫૦૦,૦૦૦/- ડુપલેક્સ, તાંબેનગર, ૩ બેડરૂમ, ૨,૨૫,૦૦,૦૦૦/-, ૪ બેડરૂમ ડુપલેક્સ, લોકએવરેસ્ટ ફુલ્લી ફર્નિશ્ડ ૩,૧૧,૦૦,૦૦૦/-, દેવીદેયાલ ૩ બેડરૂમ, ન્યુ ટાવર ૧૦૩૦ એરીયા, હાયરફલોર, ૩,૧૦,૦૦,૦૦૦/- ફ્લેટ લેવા/વેચવા કોઠારી ૯૮૨૦૩૩૦૯૯૩. (૧૫૬૬૬-એ)

**મલાડ (વેસ્ટમાં) ભાડેથી**
બે બેડરૂમ, હાયર ફ્લોર, માર્વે રોડ ફેસીંગ, જૈન અને લક્ષ્મી નારાયણ મંદિરની નજીક. 9821933375. (૧૫૬૭૨/એ)

**2 BHK FLAT ON 3RD FLOOR in Juhu Tara, Kishore Kumar Lane for Rent, Rs. 80000 Negotiable, No Lift. Contact - 9869960115 / 9920022074. (B-15590)**

**DISTRIBUTION BUSINESS FOR OUTRIGHT SALE IN MUMBAI**
- Multi National Famous Brand,
- Pull Product for Stationary, Office Supply and Corporate Gifting with more than 600 established Dealer Network.
- Turn Over Rs. 9.0 Cr Plus,
- GP before Tax 5% Plus approx.
- Royalty/Goodwill amount 4 times GP.
- Direct investment in Business approx 1.25- 1.75 cr during peak times.
- The Owner wants to retire

**Please Reply to : distributorship. mumbai@gmail.com**
(B-15646)

**TARDEO, BIG LAUNCH**
**Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn. Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)**

**PAREL EAST**
Ready OC Luxury New Tower Low density Pool, Club, Gym Amazing views 1800 carpet 11 Cr. / 10 yr. old Bldg. Low maintenance Pool, Club, Gym Party Area, Jain Mandir 3 BHK 1280 cpt. Earlier 5.11, now 4.70 Seller from our Office Bombay +91 86559 29524. (B-15647)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવા: 8780264376. (૧૫૬૧૮-બી)**

**અંધેરી (ઈસ્ટ)**
એમઆઈડીસી, સ્વતંત્ર બિલ્ડીંગ, ફેક્ટરી યુનિટ, ૧૦૦૦' ૨૦૦૦', ૨૫૦૦', ૫૨૦૦', ૮૪૦૦' ગ્રાઉન્ડ/ ફર્સ્ટ ફ્લોર, જ્વેલરી, લોજીસ્ટીક, કુરીયર, મેન્યુફેક્ચરીંગ માટે ભાડા/ વેચાણથી. ૯૮૨૦૦૨૮૦૦૪. (૧૫૬૫૫-એ)

**ઈન્ડસ્ટ્રીયલ યુનીટ**
**કાંદીવલી, મલાડ, ગોરેગામ, ચારકોપ ભાડેથી/વેચાણથી લેવા- દિનેશ 9324402779. (એસડીબી-૨૪૯૦)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

INDEPENDENT FACTORY / Godowns / Offices: 4500 to 80,000 ft at Dahisar to Andheri, Kandivali, Charkop, Goregaon - Andheri, Vasai - Kaman. Sale / Lease. Milan Kamdar 9820017603. (KP-2528-A)

## ૨૦. ધંધાદારી જગ્યા

**દાદર પૂર્વ**
(વડાલા રામ મંદિર પાસે) ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ભાડેથી આપવાનું છે. કાર્પેટ એરિયા ૧૬૬૧ અને ૧૧૦૦ ફૂટ લોફ્ટ, એક રિઝર્વ પાર્કિંગ, ક્લાઉડ કિચન / ઓફિસ / ઈન્ડસ્ટ્રીઅલ / ફેક્ટરી માટે ખાસ લાયક, ફાયર એક્ઝિટ સીડીથી સજ્જ છે, જેથી ગ્રેટર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (MCGM) પાસેથી જરૂરી રસોડું લાઇસન્સ મેળવવા માટે ખૂબ જ સરળ રહેશે. પૂછપરછ માટે સંપર્ક: જીતુભાઈ મજીઠિયા ૯૭૦૨૪૩૪૩૪૩, ૯૮૨૧૦૪૧૫૧૫. (એસડીબી-૨૪૯૧)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**''કૈલાસ પ્લાઝામાં 277' ફુલ્લી ફર્નિશ્ડ અને વલ્લભબાગ લેનમાં 261' ઓફિસ ભાડેથી /વેચાણથી લેવા ઓનર - 9321690977. (૧૫૬૭૩/એ)**

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC,Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2479)

**ANDHERI WEST**
**Commercial Premises at Parul Society, Off Veera Desai Road, 100 ft Frontage, 2500 sq. ft. Carpet for Outright. Call: 8828869998. (B-15629)**

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2474)

**VILE PARLE (EAST)**
Rambhau Barve Marg, Basement of 1100 sq. ft. & above it Office of 450 sq. ft. on Ground Floor with 2 Parkings Sale 3.75 Cr. OC received 9320075559. (15667/A)

## ૨૩. મનોરંજન

**પ્રતીક મહેતા**
સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૬૫૩-બી)

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'' ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૬૬૯-બી)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**
**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

**કોઢ-સોરાયસીસ**
ખરજવું ચામડીની એલર્જી-વેરીકોઝ વેઇન્સ, અલ્સર, સંધિવાની જળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રાના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં - ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૬૪૩)

## ૩૧. નાણાંકીય

**''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ''..**
દરેક કંપનીના: 'શેર' ખરીદશું.. Listed, Delisted, ફીઝીકલ, ડીમેટનાં 'શેર' તથા શેરનાં કોઈપણ પ્રોબ્લેમસ માટે: સર્વિસ આપીશું.. (IEPF, ડીમેટ, સીંગલ Deceased, Probate, Succession, ડુપ્લીકેટ, ટ્રાન્સમીશનની..) - સંપર્ક - 9619315362, 9321043842, 8291225710. (બી-૧૫૬૫૦)

## ૩૨. જમીન-મિલકત

**રાજકોટમાં જોઈએ**
**પ્લોટ, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી-વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ કેશ પેમેન્ટથી. કીર્તિભાઈ કંસારા 9825160974. (બી-૧૫૬૧૪)**

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025/ 26822572. (બી-૧૫૫૬૦)

**HOME LOAN - MORTGAGE LOAN**
From 5 Cr. to 50 Cr. - To Professional - Lawyers - Doctors - Architect (From 15% to 18%) Redevelopment of Society - Self Redevelopment NPA Cases can be solved. Jalaram Finance 9820441711. (15653-A)

# વડા પ્રધાને 'વનતારા' સેન્ટરની પ્રશંસા કરી લોકોને પ્રાણીઓ પરત્વે દયાભાવ રાખવા જણાવ્યું



નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વન્યજીવોની જાળવણી, બચાવ અને તેનાં પુનર્વસનનું કામ કરતા 'વનતારા' સેન્ટરની પ્રશંસા કરી હતી અને પ્રાણીઓ પરત્વે દયાભાવ રાખવાની લોકોને વિનંતી કરી હતી.

મોદીએ રવિવારે 'વનતારા' સેન્ટરની મુલાકાત લીધી હતી. ગુજરાતના જામનગર જિલ્લામાં આવેલું 'વનતારા' સેન્ટર વન્યજીવોની જાળવણી, બચાવ અને તેનાં પુનર્વસનનું કામ કરે છે.

૩૦૦૦ એકરમાં ફેલાયેલું 'વનતારા' સેન્ટર જામનગરસ્થિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના કૉમ્પલેક્સમાં આવેલું છે.

આ રૅસ્ક્યૂ સેન્ટર છે અને તેમાં હાથી સહિતના વન્યજીવોને અભયારણ્ય પૂરું પાડી તેમનું પુનર્વસન કરવામાં આવે છે અને તેમનાં આરોગ્યની સંભાળ લેવામાં આવે છે.

'વનતારા' સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યા બાદ સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં મોદીએ લખ્યું હતું કે આ સેન્ટરમાં વન્યજીવોની જાળવણી, બચાવ અને તેનાં પુનર્વસનનું કામ કરવામાં આવે છે અને પર્યાવરણની જાળવણીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

'વનતારા' સેન્ટર જુદી જુદી પ્રજાતિના ૨,૦૦૦ કરતાં પણ વધુ વન્યજીવોનું ઘર છે અને જે પ્રજાતિનું અસ્તિત્વ જોખમમાં હોય તેવાં તેમ જ ઉગારી લેવામાં આવેલા ૧.૫ લાખ કરતાં પણ વધુ વન્યજીવોને અહીં આશરો આપવામાં આવેલો છે.

વનતારા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી 'વનતારા' સેન્ટરની મુલાકાત દરમિયાન ચિમ્પાન્ઝી સાથે ખુલ્લામાં આમને સામને ઊભા રહ્યા હતા. ઉરાંગઉટાંગને મોદી ભેટ્યા હતા અને પ્રેમપૂર્વક તેમની સાથે રમ્યા હતા. મોદી હિપોપોટેમસની પણ નજીક ગયા હતા, તેમણે મગર પણ નિહાળ્યા હતા અને ઝેબ્રાઓના ઝૂંડ વચ્ચે ચાલ્યા હતા. જીરાફને તેમ જ ગેંડાના બચ્ચાને તેમણે ખવડાવ્યું હતું.

મોદીએ મોટો અજગર, બે માથળો સાપ અને કાચબો પણ નિહાળ્યો હતો તેમ જ ચિત્તાનાં બચ્ચાં, હરણને પણ જોયા હતા.

કાચની દીવાલ પાછળ સફેદ સિંહ, સ્નો ટાઈગર અને સ્નૉ લેપર્ડને પણ તેમણે જોયા હતા. (એજન્સી)■

# દિલ્હીના જ્યોતિનગરમાં બે હરીફ જૂથ વચ્ચે સામસામો ગોળીબાર : પાંચને ઈજા

નવી દિલ્હી : ઈશાન દિલ્હીના જ્યોતિનગર વિસ્તારમાં બે હરીફ જૂથોએ એકમેક પર ગોળીબાર કરતાં પાંચ જણ ઘાયલ થયા હતા, એવી માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર બનાવની જાણ સોમવારે સેવારે નવ વાગ્યે જ્યોતિનગર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. એક વ્યક્તિએ એવી ફરિયાદ કરી હતી કે અજ્ઞાત ઈસમોએ મારા પુત્રને ગોળી મારી છે.

પોલીસને ઘટનાસ્થળે પહોંચ્યા બાદ માલૂમ પડ્યું હતું કે અથડામણ દરમિયાન ગોળીના અનેક રાઉન્ડ છોડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે જીટીબી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

ઘટનાસ્થળેથી અનેક જીવંત અને ખાલી કારતૂસ મળી આવી છે. ક્રાઈમ ટીમ અને ફોરન્સિક એક્સપર્ટને ઘટનાસ્થળે તપાસ કરવા બોલાવવામાં આવ્યા હતા.

પોલીસે જ્યોતિનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે. ગોળીબારમા સંડોવાયેલા ઈસમોને પકડવા અને ટેક્નિકલ અને મેન્યુઅલ ઈન્પુટને તપાસવા વિવિધ ટીમની રચના કરાઈ છે. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે આ ગોળીયુદ્ધ પાછળના હેતુની તપાસ થઈ રહી છે. પોલીસ એ તપાસી રહી છે કે શું વ્યક્તિગત દુશ્મનાવટ કે બે ટોળકીની શત્રુતાને લીધે આ ઘટના બની છે કે કેમ.

દરમિયન આ વિસ્તારમાં તંગદિલી ન વધે એ માટે આસપાસ સુરક્ષા જડબેસલાક બનાવાઈ છે. રહેવાસીઓને તપાસમાં સહકાર આપવા વિનંતી કરાઈ છે. (એજન્સી)■

# શાસનમાં મહિલાઓનું વધુ પ્રતિનિધિત્વ 'વિકસિત ભારત'ની ચાવી

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાનોએ મંગળવારે વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે મહિલા સશક્તીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે મહિલા પ્રતિનિધિઓને સ્થાનિક સંસ્થાઓનું નેતૃત્વ કરવા માટે આત્મવિશ્વાસ અને ક્ષમતા-નિર્માણ પહેલની જરૂર છે.

'સશક્ત પંચાયત નેત્રી અભિયાન'ના લોન્ચિંગ સમયે બોલતા, કેન્દ્રીય પ્રધાન રાજીવ રંજન સિંહે શાસન, આર્થિક વૃદ્ધિ અને સામાજિક વિકાસમાં મહિલાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે સભાને કહ્યું કે ''લોકશાહીની શરૂઆત પાયાના સ્તરેથી થાય છે પંચાયતોથી, તમે ત્યાંથી વિજયી થયા છો. ચૂંટણી જેટલી નાની તેટલી તે વધુ પડકારજનક હોય છે.''

સશક્ત પંચાયત-નેત્રી અભિયાન એ એક વ્યૂહાત્મક પહેલ છે જેનો હેતુ પંચાયતી રાજ સંસ્થાઓની મહિલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે ક્ષમતા-નિર્માણ દરમિયાનગીરીઓને મજબૂત બનાવવાનો છે. તે તેમની નેતૃત્વ કુશળતાને તીક્ષ્ણ બનાવવા, તેમની નિર્ણય લેવાની ક્ષમતા વધારવા અને પાયાના શાસનમાં તેમની ભૂમિકાને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

મહિલા સશક્તીકરણ વિના 'વિકસિત ભારત' અને 'આત્મનિર્ભર ભારત'નું વિઝન હાંસલ કરી શકાતું નથી, એમ ભારપૂર્વક જણાવતા સિંહે કહ્યું કે, ''દેશના ૨૦ થી વધુ રાજ્યોમાં સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત છે. મહિલા સશક્તીકરણ વિના, વિકસિત ભારત અશક્ય છે,'' તેમણે કહ્યું, રેખા ગુપ્તાની દિલ્હીના મુખ્ય પ્રધાન તરીકેની પસંદગી એ સંદેશ આપે છે કે મહિલાઓ રાજ્યોની સાથે સાથે દેશનું પણ નેતૃત્વ કરી શકે છે.

આ કાર્યક્રમને સંબોધતા મહિલા અને બાળ વિકાસ પ્રધાન અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું હતું કે મહિલા સશક્તીકરણ માત્ર સમાનતા વિશે નથી, તે આર્થિક, સામાજિક અને વહીવટી પ્રગતિમાં નિર્ણાયક પરિબળ છે.

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યકક્ષાના પ્રધાન રક્ષા નિખિલ ખડસેએ જણાવ્યું હતું કે ''ઘણી વખત મહિલા પ્રતિનિધિઓ નજીવી ભૂમિકાઓ સુધી મર્યાદિત હોય છે જ્યારે તેમના પરિવારના સભ્યો વાસ્તવિક કાર્ય સંભાળે છે. આ બંધ થવું જોઈએ. આરક્ષણે અમને સાબિત કરવાની તક આપી છે કે અમે અમારાં ગામો સુધી મર્યાદિત નથી પરંતુ રાષ્ટ્રીય સ્તરે નેતૃત્વ કરી શકીએ છીએ.''

કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્ય કક્ષાનાપ્રધાન એસ પી સિંહ બઘેલે નેતૃત્વની ભૂમિકામાં મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારો પર પ્રકાશ પાડ્યો હતો. ■

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. -7021222104, - 8450941119. (બી-૧૫૬૨૨)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૬૧૬)

# પાછલાં બે વર્ષમાં ૧.૨૦ લાખ વિદેશીઓ સહિત ૪.૪૦ કરોડ પ્રવાસીએ જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધીઃ ઓમર અબ્દુલ્લા

જમ્મુઃ છેલ્લાં બે વર્ષમાં ૧.૨૦ લાખ વિદેશીઓ સહિત ૪.૪૦ કરોડથી વધુ પ્રવાસીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી, એમ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ મંગળવારે વિધાનસભામાં જણાવ્યું હતું અને આ ક્ષેત્રમાં રોજગારી પેદા કરવા ક્ષેત્રની સંભાવના પર ભાર મૂક્યો હતો.

ઓમર પ્રવાસન વિભાગનો હવાલો પણ ધરાવે છે, તેમણે જણાવ્યું હતું કે છેલ્લાં બે નાણાકીય વર્ષોમાં વિભાગના પ્રમોશન, જાહેરાત અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે ₹ ૩૫.૦૮ કરોડ ફાળવવામાં આવ્યા છે.

તેમણે ગૃહને જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ₹૧૨.૫૪ કરોડ અને ૨૦૨૪-૨૫માં ₹૨૨૫૪ કરોડ ખર્ચવામાં આવ્યા હતા.

નેશનલ કોન્ફરન્સના સભ્ય મુબારક ગુલના એક પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લાં બે વર્ષમાં ૧.૨૦ લાખ વિદેશીઓ સહિત ૪.૪૮ કરોડ યાત્રાળુએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી.

તેમણે ઉમેર્યું હતું કે ૨૦૨૩માં ૨૧૧૨૪૬૭૪ પ્રવાસીએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી અને ૨૦૨૪માં ૨૩૫૨૪૬૨૯ પ્રવાસીએ મુલાકાત લીધી હતી. તેમાંથી ૨૦૨૩માં ૫૫૩૩૭ અને ૨૦૨૪માં ૬૫૪૫૨ વિદેશી પ્રવાસીએ મુલાકાત લીધી હતી.

ઓમરે કહ્યું કે પર્યટન ક્ષેત્ર જમ્મુ અને કાશ્મીરના લોકો માટે રોજગારની વ્યાપક સંભાવના ધરાવે છે.

તેમણે સ્વીકાર્યું હતું કે જ્યારે સેક્ટર જમ્મુ અને કાશ્મીરમાં નોંધપાત્ર કર્મચારીઓને રોજગારી આપે છે, ત્યારે ચોક્કસ સંખ્યાની ખાતરી કરવા માટે કોઈ ઔપચારિક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું નથી.

ઓમરે ગૃહને એમ પણ જણાવ્યું હતું કે છેલ્લાં બે વર્ષમાં પ્રવાસન વિભાગની ૫૯ સંપત્તિ આઉટસોર્સ કરવામાં આવી છે.

કવર સ્ટોરી_ નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




## ફંડ ઇન્વેસ્ટર્સે કેવી વ્યૂહરચના અપનાવવી!

**શૅરબજાર સાવ પાણીમાં બેસી ગયું છે અને ટ્રમ્પનું તોફાન મંદીની સુનામીને ઈંધણ પૂરું પાડતું રહેશે. આ સંજોગોમાં મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારોને નિષ્ણાતો કેવાં સૂચનો કરે છે એ જાણીએ!**

શેરબજાર તો સાવ પાણીમાં બેસી ગયું છે અને તેમાં વહેલી તકે કોઇ સુધારો આવે એવી સંભાવના દૂર જણાય છે, ત્યારે સામાન્ય રોકાણકારોમાં ગભરાટ સર્જાયો છે અને સટોડિયા મૂંઝવણમાં મૂકાયા છે. માર્કેટ બોટમ આઉટ ક્યારે થશે એની રાહ તો જોવાઇ રહી છે, પરંતુ ટ્રમ્પ નામનું જે તોફાન છે એ મંદીની સુનામીને લાંબા ગાળા સુધી વિરામ લેવા દે એવું લાગતું નથી!

સેન્સેક્સ ટોચથી ૧૨,૭૦૦ પોઈન્ટથી વધુ નીચે પટકાયો છે અને આગળ કેટલા નીચા સ્તરે જશે એ કહી શકાય એમ નથી. એક આશાવાદી વર્ગ એવું માને છે કે પાછલાં દસ વર્ષના રેકોર્ડ પ્રમાણે બજાર માર્ચમાં સુધારો બતાવે એવી અપેક્ષા છે. આમ પણ માર્કેટ ઓવરબોટ પોઝિશનમાં છે એટલે પુલ બેક્ની આશા રાખી શકાય.

જોકે, આ બધામાં રિટેલ ઇન્વેસ્ટર્સને વધુ ગભરાટ થયો છે અને સવાલ છે કે માર્કેટ હજું કેટલુ ગબડશે અને આ સંજોગોમાં મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોએ કઈ વ્યૂહરચના અપનાવવી જોઈએ? આપણે આ ક્ષેત્રના નિષ્ણાતો પાસેથી આ સવાલનો જવાબ જાણી તેનો નિષ્કર્ષ મેળવવાનો પ્રયાસ કરીએ. સેન્સેક્સ તેની ટોચથી ૧૨,૭૦૦ પોઈન્ટથી વધુ નીચે આવતા, નિષ્ણાતો લાંબા ગાળાના રોકાણકારોને લાર્જ કેપ્સ અથવા મલ્ટી-કેપ ફંડ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ને એસઆઇપી અથવા એસટીપી દ્વારા શિસ્તબદ્ધ અભિગમ જાળવવાની ભલામણ કરે છે. એસઆઇપી એટલે સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન અને એસટીપી એટલે સિસ્ટમેટિક ટ્રાન્સફર પ્લાન. આ રીતે શેરબજારમાં સતત ધબડકો જોઇને રિટેલ રોકાણકારો ભયભીત થઇ જાય એ સ્વાભાવિક છે, પરંતુ નિષ્ણાતો એવી સલાહ આપે છે કે, ઇક્વિટી આધારિત મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણનો ઓછામાં ઓછો સમયગાળો ચાર વર્ષનો હોવો જોઈએ. સાથે ભલામણ કરે છે કે મોટાભાગના રોકાણકારોએ ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરતી વખતે લાર્જ કેપ્સ અથવા સારા ફ્લેક્સી કેપ, મલ્ટીકેપ અને લાર્જ અને મિડકેપ પ્રકારના ફંડ્સમાં રોકાણ કરવાનું ચાલુ રાખવું જોઈએ. ફંડ મેનેજર સંબંધિત સ્ટોક પસંદ કરવા સ્વતંત્ર હોય એવા ફંડ કે સ્કીમમાં રોકાણ કરવું જોઇએ.

લાંબા ગાળાના રોકાણકારોએ તેમના ઉદ્દેશ પર આધારિત રોકાણ કરવાની જરૂર છે અને ટૂંકા ગાળાના રોકાણકારોએ બજારની ગતિવિધિઓના તોફાનથી ભટકી કે ભડકી જવાની જરૂર નથી. આવી પરિસ્થિતિમાં એસઆઇપી અથવા એસટીપીનું માધ્યમ શિસ્તબદ્ધ રોકાણ માટેનો શ્રેષ્ઠ માર્ગ છે, પરંતુ જે રોકાણકાર સાતેક વર્ષ જેવા લાંબા ગાળાનું રોકાણ કરતા હોય તેઓ લમસમ રોકાણ યોજના પસંદ કરી શકે છે.

ટોચના સર્ટિફાઇડ ફાઇનાન્શિયલ પ્લાનરે એવી ભલામણ કરી છે કે, રિટેલ ઇન્વેસ્ટરે ઇક્વિટી આધારિત મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ ઓછામાં ઓછા ચાર વર્ષના સમયગાળા સાથે જ કરવું જોઈએ, અને આ માટે ટૂંકા ગાળાના હાઇબ્રિડ અથવા ડેટ ફંડની પસંદગી કરવી જોઇએ.

અન્ય એક નિષ્ણાત સૂચવે છે કે મુખ્ય ઉદ્દેશ્ય એક વોલેટિલિટી પ્રૂફ, એટલે કે બજારની અસ્થિરતા કે અફડાતફડી સામે રક્ષણ આપી શકે એવો પોર્ટફોલિયો તૈયાર કરવાનો હોવો જોઈએ, જેમાં જોખમ સામે વળતરના સમીકરણ, પ્રવાહિતા આવશ્યકતાઓ અને ફુગાવાના દરની વૃદ્ધિ જેવાં અનેક પરિબળો પર આધારિત વ્યૂહરચનાઓનો સમાવેશ થાય છે.

સેન્સેક્સ ૨૭ સપ્ટેમ્બરના રોજ ૮૫,૯૭૮ પોઇન્ટના સર્વકાલીન ઉચ્ચ સ્તરે હતો અને પછી શુક્રવારે એક જ સત્રમાં ૧૪૧૪ પોઇન્ટના તોતિંગ કડાકા સાથે ૭૩,૧૯૮ પોઇન્ટના સ્તરે પટકાયો હતો. નિષ્ણાતોના મતે, આ કરેકશન ઇક્વિટીમાં ડાઇરેક્ટ રોકાણ કરનારા ઇન્વેસ્ટર્સ અને મ્યુચ્યુઅલ ફંડ મેનેજરો બંનેને પોર્ટફોલિયોની છટણી કરવા અને મૂળભૂત રીતે મજબૂત કંપનીઓનો તેમાં સમાવેશ કરવાની તક આપે છે અને હાલમાં, આ વ્યૂહાત્મક ફાળવણી લાંબા ગાળાના રોકાણ પર ઉત્તમ વળતર આપી શકે છે. લાંબા ગાળાના શ્રેષ્ઠ રોકાણકારો ડિસ્કાઉન્ટેડ વેલ્યુએશન પર ગુણવત્તાયુક્ત લગડી શેરોના સંચય માટે આવા બજાર મંદી દ્વારા રજૂ કરાયેલી દુર્લભ તકોનો લાભ લે છે. સામાન્ય રીતે અપટ્રેન્ડમાં એવું જોવા મળે છે કે સારી અને ખરાબ બંને કંપનીઓ ભાવ વધારાનો પ્રતિભાવ આપે છે. મંદીના સંચાલન માટે પોર્ટફોલિયામાં એસેટ ફાળવણીની ચોક્કસ નીતિ અનિવાર્ય છે. યોગ્ય એસેટ ફાળવણી વ્યૂહરચના રોકાણકારને બજારની અસ્થિરતાને આરામથી ખમવામાં મદદ કરી શકે છે. જોકે, ફંડ મેનેજરો પોતાના ક્ષેત્રોમાં નિષ્ણાત હોય છે અને તેઓ બજારની પરિસ્થિતિ અનુસાર એસેટ એલોકેશન કરીને અસ્થિરતાને સંચાલિત કરવામાં પણ મદદ કરી શકે છે.

લાંબા ગાળાના રોકાણકાર માટે, ઇક્વિટી અને ડેટમાં ૮૦ -૨૦ ટકાની ફાળવણી શ્રેષ્ઠ વિકલ્પ હશે. મધ્યમ ગાળાના રોકાણકાર માટે, આદર્શ ફાળવણી ઇક્વિટી અને ડેટમાં ૭૦-૩૦ ટકા, જ્યારે ટૂંકા ગાળાના રોકાણકાર માટે, ૬૦-૪૦ ટકા અભિગમ આદર્શ છે.

એનએસડીએલ ડેટા અનુસાર, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ૨૦૨૫માં અત્યાર સુધીમાં નેટ ધોરણે રૂ. ૧.૦૧ લાખ કરોડના શેર વેચ્યા છે. ફેબ્રુઆરીમાં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ લગભગ રૂ. ૪૦,૦૦૦ કરોડના શેર વેચ્યા છે. આ જંગી આઉટફ્લો વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને ચીન જેવી અન્ય વધુ આકર્ષક રોકાણ તકોને કારણે છે.

નિષ્ણાતો માને છે કે, ભારતીય કંપનીઓએ સાધારણ કમાણી નોંધાવી છે, પરંતુ જો આર્થિક પ્રવૃત્તિમાં વધારો થાય છે અને નફામાં સુધારો થાય છે, તો એફઆઇઆઇ પ્રવાહ ફરી શરૂ થઈ શકે છે. જો ભારતીય બજારોમાં વધુ સુધારો થાય છે, તો મૂલ્યાંકન વધુ વાજબી બની શકે છે.

વિદેશી ફંડો તેમના રોકાણોના વધુ સારા મૂલ્યાંકન, ઉચ્ચ બોન્ડ યીલ્ડ અને મજબૂત ડોલરને કારણે યુએસ તરફ વળ્યા અને તે જ સમયે, ચીનના આર્થિક સુધારા (જો આપણે રિયલ એસ્ટેટને બાકાત રાખીએ તો)ને પણ તે મૂડીનો સારો હિસ્સો મળ્યો.

ત્રણ દાયકામાં સૌથી લાંબા એવા પાંચ મહિના સુધી ચાલેલા ઘટાડા સાથે, લગભગ ૧૪ ટકાનું કરેક્શન લાંબા ગાળાના રોકાણકારો માટે વાજબી અથવા તુલનાત્મક રીતે સારું ગણી શકાય. ૧૯૯૫ અને ૧૯૯૬માં કરેક્શન અનક્રમે આઠ મહિનામાં ૩૧ ટકા અને પાંચ મહિનામાં ૨૬ ટકાનો કડાકો નોંધાયો હતો. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

### જર્મનીએ લીધો રાઈટ ટર્ન

## નવા ચાન્સેલર મર્ઝ સામે છે એક નહીં, અનેક વિકટ પડકાર






ફ્રેડરિક મર્ઝ — એલિસ વેઇડલ

જર્મનીમાં ચૂંટણીનાં પરિણામ ચોંકાવનારાં- આંખ ખોલનારાં અને ચિંતિત કરનારાં છે. આને કારણે જર્મનીના લોકો ગરીબ-અમીર, પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મની, મહિલા અને પુરુષ તેમજ યુવાનો અને વૃદ્ધો વગેરે વર્ગમાં કેટલું વિભાજિત થયા છે એનો અણસાર આપે છે.

જર્મનીમાં નાઝીવાદ અને સરમુખત્યાર હિટલરનો ટેકો આપતા પક્ષ 'ઓલ્ટરનેટીવ ફોર જમર્ની (એએફડી)' નો જનાધાર બમણો થયો અને આ પક્ષ બીજા નંબરનો મોટો પક્ષ બન્યો એનાથી આખા વિશ્વમાં ગભરાટ ફેલાઈ ગયો છે.અમેરિકા અને ઈટાલી વગેરે ચૂંટણીમાં જોવા મળતો ટ્રેન્ડ જર્મનીમાં જોવા મળ્યો હતો. ગેરકાયદે વસાહતી, પોતાના દેશને ટોચની પ્રાથમિકતા, રોજગાર અને મોંઘવારી જેવા મુદ્દાઓ હવે કેન્દ્રમાં રહે છે. વચલી વિચારસરણી રાખનારા સેન્ટ્રલ લિબરલની પડતી થઈ છે. દક્ષિણપંથી એટલે કે જમણેરી પક્ષોની બોલબાલા છે.

જર્મનીમાં હાલમાં જ થયેલા ચૂંટણી પરિણામમાં દક્ષિણપંથી પાર્ટી 'ક્રિશ્ચિયન ડેમોક્રેટીક યુનિયન' સૌથી મોટો પક્ષ તરીકે ઉભર્યો છે. પાર્ટીના નેતા ફ્રેડરિક મર્ઝ દેશના નવા વડા એટલે કે ચાન્સેલર બની શકે છે. . 'એએફડી' પક્ષની વિચારધારા એડોલ્ફ હિટલરની નાઝી પાર્ટી સાથે જોડાયેલી છે. રાજકીય વર્તુળોમાં તેની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે. પાર્ટીએ ૧૫૨ બેઠકો જીતી, જેનાથી તે જર્મન રાજકારણમાં એક મજબૂત વિપક્ષી દળ બની. તેની ઘણી નીતિઓ કટ્ટરપંથી રાષ્ટ્રવાદ અને જર્મન ઓળખવાદને પ્રાથમિકતા આપે છે. આ જ કારણ છે કે જર્મનીમાં મુખ્ય પ્રવાહના પક્ષો આ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

જર્મનીના ચાન્સેલર ઓલાફ શોલ્ઝ સામાન્ય ચૂંટણી હારી ગયા છે. એમની 'સોશિયલ મીડિયા ડેમોક્રેટસ પાર્ટી' (એસડીપી) ૬૩૦ સીટમાંથી માત્ર ૧૨૧ સીટમાં વિજયી થઈ ને એમને માત્ર ૧૬.૫% મત જ મળ્યા છે. ચાન્સેલર શોલ્ઝે હાર સ્વીકારી લીધી છે અને. એમની પાર્ટી ચૂંટણી પરિણામોમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે.

રૂઢિચુસ્ત વિપક્ષી નેતા ફ્રેડરિક મઝની 'ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન પાર્ટી' ના ગઠબંધને ૨૦૮ સીટ હાંસલ કરી છે. તેમને ૨૮.૫% મત મળ્યા છે.

જર્મનીમાં બહુમતી માટે ૩૧૫ બેઠકોની જરૂર છે, અને કોઈપણ પક્ષ પોતાના દમ પર આ આંકડા સુધી પહોંચી શકશે નહીં. આથી ખીચડી સરકારની રચના થશે.

ચાન્સેલર પદના ઉમેદવાર ફ્રેડરિક મેર્ઝે કટ્ટરપંથી પક્ષ 'એએફડી' સાથે જોડાણનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે.

ચૂંટણીમાં મધ્ય-જમણેરી પાર્ટી 'સીડીયુ'ની જીત પર અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ જર્મની અને અમેરિકા બંને માટે એક મહાન દિવસ છે. એમણે સોશિયલ મીડિયા પર કહ્યું કે અમેરિકાની જેમ જર્મનીના લોકો પણ ઊર્જા અને ઇમિગ્રેશન પરની સરકારની વાહિયાત નીતિઓથી કંટાળી ગયા છે.

બીજી તરફ, અમેરિકન ઉદ્યોગપતિ તથા 'ટેસ્લા' અને 'સ્પેસએક્સ'ના માલિક ઈલોન મસ્કના હસ્તક્ષેપથી પણ ચૂંટણી વિવાદાસ્પદ બની. મસ્ક ખુલ્લેઆમ કટ્ટરપંથી નેતા એલિસ વેઇડલને ટેકો આપી રહ્યા હતા. આ ચૂંટણીમાં રશિયન દરમિયાનગીરી પણ સામે આવી છે.

ચૂંટણીમાં યુક્રેન યુદ્ધ, રશિયા, અર્થતંત્ર અને બજેટ જેવા મુદ્દાઓ પર પ્રભુત્વ રહ્યું. જોકે, ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ એક મોટો મુદ્દો બની ગયા. 'એએફડી'એ જર્મનીમાં તાજેતરના આતંકવાદી હુમલાને ગેરકાયદેસર ઇમિગ્રેશન સાથે જોડ્યા હતા.

'સીડીયુ પાર્ટી' એ સરહદો કડક કરવા અને શરણાર્થીઓ માટે નાગરિકતાની શરતો કડક કરવાની વાત કરી. 'એસપીડી' પણ સરહદ કડક બનાવવાની તરફેણ કરે છે, પરંતુ કુશળ સ્થળાંતર કરનારાઓને પ્રવેશ આપવાની નીતિ ચાલુ રાખવા ઈચ્છે છે.

જર્મનીમાં 'ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન' અને ' ક્રિશ્ચિયન સોશિયલ યુનિયન' ને સૌથી મોટા વિપક્ષી ગઠબંધને સામાન્ય ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો મળી છે. પ્રાપ્ત માહિતી અનુસાર મધ્ય દક્ષિણપંથી ગઠબંધન સરકાર બનાવવાની ચર્ચાનું નેતૃત્વ કરી શકે છે. ચાન્સેલર પદના ગઠબંધનના ઉમેદવાર મર્ઝે એપ્રિલના મધ્ય સુધીમાં નવી સરકારની રચના થવાની આશા વ્યક્ત કરી છે. ચૂંટણી પરિણામો શોલ્ઝના નેતૃત્વવાળી સરકારના પરિવર્તનની લોકો ઇચ્છા દર્શાવે છે. શોલ્ઝ પ્રશાસન હેઠળ રાજકીય પંગુતાની સ્થિતિ જોવા મળી હતી

બીજી તરફ, જ્યારે ઘણા યુરોપિયન દેશો ગાંજાને કાયદેસર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે 'એએફડી' એ તેની સામે કડક વલણ અપનાવ્યું છે. પાર્ટી માને છે કે ગાંજાને કાયદેસર બનાવવાથી સમાજ પર નકારાત્મક અસર પડશે. આ મુદ્દા પર, પાર્ટીને રૂઢિચુસ્ત મતદારો અને જર્મનીની સંસ્કૃતિ અને પરંપરાને જાળવી રાખવા માગતા યુવાનોનો ટેકો મળ્યો.

### 'ઈયુ' માટે જર્મની કેટલું મહત્ત્વનું ?

જર્મની ૨૭ દેશના સંગઠન યુરોપિયન યુનિયન (ઈયુ)નો બહુ જ મહત્ત્વનું અંગ છે. ઈયુની નીતિમાં જર્મની સક્રિય ભૂમિકા બજાવે છે. ઈયુમાંથી બ્રિટન બહાર નીકળ્યું ત્યારથી જર્મની-ફ્રાન્સ નિર્ણાયક ભૂમિકામાં છે. જર્મની-ફ્રાન્સમાં સ્થિર સરકાર હોય તો યુરોપિયન સંઘની પોલિસીમાં, નિર્ણયોમાં ઘણી સ્થિરતા જોવા મળે . આ દેશોમાં સત્તાનાં સમીકરણો બદલાય તેની સીધી અસર ઈયુની વિદેશાનીતિ પર પડયા વગર રહેતી નથી.

અમેરિકા-રશિયા વચ્ચે સંબંધો સુધર્યા છે. ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને અમેરિકા બોલાવીને જે રીતે અપમાનિત કર્યા તે જોતાં લાગે છે કે અમેરિકા હવે રશિયા સામેના જંગમાં યુક્રેનને મદદ નહીં કરે. આનો અર્થ એ થયો કે યુરોપે રશિયા સામે પોતાની સંરક્ષણ વ્યવસ્થા બનાવવી પડશે.. ટ્રમ્પ રશિયા તરફ અઢળક ઢળેલા છે. યુએનમાં રશિયાની સામે થયેલાં વોટિંગમાં પહેલી વખત અમેરિકાએ મતદાનમાં ભાગ ન લીધો એ ટ્રમ્પની બદલાયેલી રશિયન નીતિ દર્શાવે છે. યુક્રેનને મદદ બંધ કરવાની જાહેરાત તો ટ્રમ્પે પહેલાં જ કરી દીધી છે. ફ્રાન્સના પ્રમુખ ઈમાન્યુએલ મેક્રોને પણ ટ્રમ્પની હાજરીમાં એમનું જુઠાણુ પકડીને ટકોર કરવી પડી કે યુક્રેનને એકલું અમેરિકા જ મદદ કરતું ન હતું. યુરોપિયન સંઘે કરેલી મદદ ભૂલી જવી ન જોઈએ.

યુરોપિયન સંઘ માને છે કે રશિયા સામે નમતું મૂકી દેવાથી યુરોપના દેશો અસલામત બનશે. યુક્રેન નાટોમાં ન જોડાય એવી રશિયન પ્રમુખ પુતિનની શરત માની લેવાથી નાટો નબળું દેખાશે ને રશિયા મજબૂત થશે. અમેરિકાના અસહકાર છતાં યુરોપ યુક્રેનને યુદ્ધ ચાલુ રાખી શકે એવી મદદ કરશે કે નહીં એ લાખો રૂપિયાનો સવાલ છે. જર્મનીના નવા ચાન્સેલર મર્ઝ, ફ્રાન્સના પ્રમુખ અને ઈંગ્લેન્ડના વડા પ્રધાને આમાં નિર્ણાયક ભૂમિકા ભજવવાની રહેશે. મર્ઝે જર્મનીની અસ્થિર ઈકોનોમીને પણ પાટા પર લાવવી પડશે.■




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## પહેલા કૌભાંડથી જ વરવી પરંપરા: સજાને બદલે શિરપાવ

સ્વતંત્ર ભારતના પ્રથમ સ્કેમ એવા જીપ કૌભાંડ કેસમાં લશ્કરની જરૂરિયાત મુજબ કેટલી જીપનો કેવી રીતે, કોણે ઓર્ડર આપ્યો અને શા માટે એ સમજવું મુશ્કેલ છે. આ મહાગોટાળામાં એક નામ ગાજ્યું હતું, વી. કે. કૃષ્ણ મેનનનું.

મેનનનો ભૂતકાળ રસપ્રદ અને માન ઊપજે એવો ખરો. ૧૯૨૮માં તેમણે લંડનમાં ઈન્ડિયન લીગની સ્થાપના કરી અને બ્રિટનના પંજામાંથી સંપૂર્ણ સ્વતંત્રતાની માગણી કરી હતી. ૧૯૪૦ના અંત સુધીમાં તેઓ ઘણી ઈન્ડો-બ્રિટિશ ચર્ચામાં કેન્દ્રસ્થાને રહેતા હતા. એમનું એટલું બધું વજન પડતું હતું કે ભારતનાં છેલ્લાં વાઈસરૉય લુઈસ માઉન્ટબેટનની પસંદગીમાં તેમનો સૂર હતો. મેનને માઉન્ટબેટન, પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ અને વી. પી. મેનન સાથે ભારતની સ્વતંત્રતાની પ્રક્રિયાને પાર પાડવાની કામગીરી બજાવી હતી. આઝાદી બાદ ભારતની વિદેશ નીતિ કંડારવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. બ્રિટન ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ ભારતીય હાઈ કમિશનર તરીકેનો રોલ ભજવ્યો હતો.

આઝાદી પૂર્વે બ્રિટનમાં રહીને ધોળિયાઓ માટે માથાનો દુઃખાવો બનેલા વી. કે. કૃષ્ણ મેનને જીપના સોદામાં શા માટે કાચું કાપ્યું હશે! એમના ગોટાળાથી ભારતીય લશ્કરને કેટલી - કેવી તકલીફ પડી અને સૈનિકોને કેટલું સહન કરવું પડ્યું હશે એ તો ક્યારેય બહાર નહિ આવે.

તો જીપ સોદામાં બરાબરનો ભાંગરો વટાયા બાદ ભારતમાં વિપક્ષોએ બૂમાબૂમ કરી મૂકી. નવી નવી આઝાદીની હવા માણી રહેલા પ્રજાજનો માટે ય આ કારમો આઘાત હતો કે એક નામાંકિત સ્વાતંત્ર્ય સેનાની આવું કરી શકે ખરો? આ આરોપને પગલે કેન્દ્ર સરકાર માટે પગલાં લેવા સિવાય છૂટકો નહોતો. અથવા કહો કે પગલાં લીધા એવો દેખાડો કરવો અનિવાર્ય હતો.

અંતે મડાબુશી અનંતસાયનમ આયંગરની અધ્યક્ષતામાં તપાસ સમિતિની રચના થઈ. એમ. એ. આયંગર પહેલા લોકસભાના નાયબ સ્પીકર અને પછી સ્પીકર બન્યા હતા.

આયંગર તપાસ સમિતિએ શું તપાસ કરી, કોની પૂછપરછ કરી એ બધી વિગતો બહાર ન આવી. પરંતુ ૧૯૫૫ની ૩૦મી સપ્ટેમ્બરે કેન્દ્રીય ગૃહપ્રધાન ગોવિંદ વલ્લભ પંતે જાહેરાત કરી હતી કે હવે જીપ કૌભાંડની તપાસ પૂરી થઈ છે. આયંગર સમિતિની ભલામણોને સરકારે ફગાવી દીધી હતી. પંતે સ્પષ્ટ શબ્દોમાં પડકાર ફેંક્યો હતો કે જો તપાસ પૂરી થયેલી જાહેર કરવાના સરકારનાં પગલાંથી વિપક્ષોને સંતોષ ન હોય તો તેઓ આને આગામી ચૂંટણીમાં મુદ્દો બનાવી શકે છે.

આમાં શાસક પક્ષની તુમાખીની વાસ આવે છે. ટૂંકમાં જીપ કૌભાંડમાં ન કોઈ ગુનેગાર ઠર્યું કે ન કોઈને સજા થઈ. પણ વી. કે. મેનનનું શું થયું? જરા કલ્પના તો કરી જુઓ.



વી. કે. કૃષ્ણ મેનન – જવાહરલાલ નહેરુ

સૌ પ્રથમ વી. કે. મેનનને નહેરુ કેબિનેટમાં ખાતા વગરના પ્રધાન બનાવાયા! પછી તેઓ સંરક્ષણ પ્રધાન સાથે નહેરુના અત્યંત વિશ્વાસુ બની ગયા હતા. ૧૯૫૩માં તેમને રાજ્યસભામાં મોકલાયા હતા. ૧૯૫૭માં તેઓ ઉત્તર મુંબઈ લોકસભા બેઠક પરથી જીત્યા હતા.

આ ચૂંટણીમાં તેમણે કૉંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ આચાર્ય કૃપલાની કરતાં બમણાં મત મેળવ્યા હતા અને લોકસભા બેઠક હેઠળની છ અને છ વિધાનસભા બેઠક પર ઝળહળતી ફતેહ મેળવી હતી. આ ચૂંટણી પરિણામે તેમના રાજકીય કદ અને વજન ખૂબ વધારી દીધા હતા. આ સાથે તેઓ કૉંગ્રેસમાં નહેરુ પછી બીજા ક્રમના નેતા બની ગયા હતા.

પરંતુ ૧૯૬૨ના ચીન સાથેના યુદ્ધમાં ભારતની જે હાલત થઈ એને પગલે મેનનની રાજકીય પડતીની શરૂઆત થઈ. તેમણે સંરક્ષણ પ્રધાનપદેથી રાજીનામું આપવું પડયું હતું. ત્યાર બાદ કૉંગ્રેસમાંય મેનન માટે મુશ્કેલી વધવા માંડી હતી. ૧૯૬૭માં બિન-મહારાષ્ટ્રીયન હોવાથી તેમને ઉત્તર મુંબઈ લોકસભાની ટિકિટ નહોતી અપાઈ. આની પાછળ ઇંદિરા ગાંધીનો હાથ હોવાનું મનાતું હતું. પરંતુ મેનને કૉંગ્રેસમાંથી રાજીનામુ આપીને અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા અને કૉંગ્રેસના એસ. જી. બર્વે સામે હારી ગયા હતા. બર્વેના ઓચિંતા અવસાનથી એમના પત્ની તારા બર્વે સામે પણ મેનનની હાર થઈ હતી. ૧૯૬૯માં મેનને પશ્ચિમ બંગાળની મિદનાપોર બેઠકની પેટા-ચૂંટણીમાં અપક્ષ તરીકે વિજય નિવડ્યા હતા. ૧૯૭૧માં પોતાના રાજ્ય કેરળની ત્રિવેન્દ્રમ બેઠક પરથી ફતેહ મેળવી હતી.

૧૯૭૪માં મેનન લંડન ગયા, નહેરુ મેમોરિયલ ફાઉન્ડેશન માટે ભંડોળ એકઠું કરવા મનોરંજન કાર્યક્રમમાં હાજરી આપવા. અહીં તબિયત કથળતા હૉસ્પિટલમાં દાખલ કરાયા અને ૧૯૭૪ની છઠ્ઠી ઑક્ટોબરે હૃદયરોગના હુમલામાં જીવનદીપ બુઝાઈ ગયો.

ઈતિહાસમાં પાછા ન ફરી શકાય. પરંતુ દેશના પ્રથમ કૌભાંડમાં કોઈને સજા ન થઈ એનાથી એક પરંપરાની શરૂઆત થઈ. નહેરુ સરકારે જીપ કૌભાંડની તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારીને એની પર ચર્ચા કરવાની જરૂર હતી. સાથોસાથ મેનન કે જે કોઈ દોષી હતા એમને સજા કરી દાખલો બેસાડ્યો હોત તો કદાચ,ભારતમાં ભ્રષ્ટાચારનો સિનારીયો અલગ હોત. જીપ કૌભાંડમાં બહુ વગોવાયેલા વી. કે. મેનનને કોઈ સજાને બદલે શિરપાવ અપાવાથી ખોટી પ્રથા પડી ગઈ. રાજકારણીઓ અને અમલદારોના દુઃસાહસ વધી ગયા. સમરથ કો નહિ દોષ ગુંસાઈમાં માનનારા બહુમતીમાં આવી ગયા અને સ્કેમ બાજીમાં ભારત સતત પ્રગતિ કરતું રહ્યું, જે હકીકતમાં અધોગતિ જ હતી. બાકી કલ્પના કરી જુઓ કે 'જીપ કૌભાંડ'માં કોઈને પણ આકરી સજા થઈ હોત તો? ■

**મુખવટાની પાછળ**

*ભ્રષ્ટાચાર તો આંતરરાષ્ટ્રીય ઘટના છે.*
*- ભૂતપૂર્વ વડા પ્રધાન ઇંદિરા ગાંધી*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ડોગીનું ડેસ્ટિનેશન વેડિંગ, હેં!



પાળેલા પ્રાણી માટેના પ્રેમમાં ઉછાળો, ભરતી પછી હવે મોટી ભરતી કે ઘોડાપૂર આવી રહ્યા છે. જીવ જેવી વ્હાલી માદા શ્વાન (ડોગી) માટે યુકેની સોમરસેટ કાઉન્ટી વિસ્તારના દંપતીએ માગું નાખ્યું: 'જોઈએ છે: એકલતાથી અકળાયેલી અમારી ડોગી માટે એક ડાયનેમિક ડોગ'.

કેટલાક 'મુરતિયા' જોયા પછી માલિક યુગલે પોતાની પોપી માટે ઈન્સ્ટાગ્રામ પર ૧૪ હજાર ફોલોઅર્સ ધરાવતા 'મિલો' નામના સ્માર્ટ શ્વાન પર પસંદગી ઉતારી. ઘણા લગ્ન જોઈ ચુકેલી એકની એક વ્હાલસોયી પોપી માટે ધૂમધામથી લગ્ન કરવા ડેસ્ટિનેશન વેડિંગનું આયોજન કર્યું. એક વિશાળ એસ્ટેટમાં સેલિબ્રિટીનાં લગ્ન થાય એવી ઝાકઝમાળ કરવામાં આવી. રિસેપ્શન વખતે વેડિંગ કેક, કેનાઈન કોકટેલ ( શ્વાન માટેના ખાસ પીણાં), 'ભાવતા ભોજન' અને પૂંછડીઓ પટપટાવી હરખ વ્યક્ત કરવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

વિવાહ સંપન્ન થયા પછી નવ પરિણિત યુગલને એસ્ટેટના બોટહાઉસમાં રોમેન્ટિક થવા મોકલી દેવામાં આવ્યા. આ એસ્ટેટમાં અત્યાર સુધી ધનાઢ્યો અને સેલિબ્રિટીઓના જ વેડિંગ થતા હતા. આવા લગ્ન વખતે મહેમાનોની સંગાથે શ્વાનની વધતી જતી હાજરીને ધ્યાનમાં રાખી શ્વાન શાદીના આયોજનનો આઈડિયા આવ્યો અને હવે એનો પ્રચાર પણ કરવામાં આવશે.

## આમાં મારો ભાગ ક્યાં?



જોંદાવીદ નામના ફ્રાંસીસી શખ્સનું ક્રેડિટ કાર્ડ ચોરાઈ ગયું અને એ બ્લોક કરાવ્યું ત્યારે ખબર પડી કે ચોર લોકોએ કોઈ દુકાનમાં એવટાવી એમાંથી લોટરીની ટિકિટ ખરીદી હતી. થયું છે એવું કે ગઠિયાઓના નસીબે હનુમાન કૂદકો માર્યો અને એ ટિકિટને પાંચ લાખ યુરો (આશરે ૪ કરોડ ૫૫ લાખ રૂપિયા)નું ઈનામ લાગ્યું. જોકે, ટિકિટ રોકડી કરાવતા પહેલા એમને નાસી જવું પડ્યું. મિસ્ટર દાવીદે સ્ટોરમાં પૂછપરછ કરતા ખબર પડી કે ચોર લોકોને લોટરી લાગી છે. ભાઈસાહેબે કાર્ડ ચોરીની ફરિયાદ પોલીસમાં કરી. હવે એમણે ખુલ્લી ઓફર મૂકી છે કે ચોરટાઓ જો લોટરીમાં લાગેલી ઈનામની રકમના અડધા પૈસા શેર કરે તો પોતે ફરિયાદ પાછી ખેંચવા તૈયાર છે. પોલીસ ધરપકડના ભયથી ચોર લોકો જાહેરમાં આવતા ગભરાય છે. લોટરીની ટિકિટ જમા ન થાય ત્યાં સુધી ઈનામની રકમ પણ ન મળે. કોળિયો ગળે ન ઊતરે અને ઓકી પણ ન શકાય એવી હાલત ચોરટાઓની અત્યારે થઈ છે. ■

## બ્યુટીનો બ્યુટીફૂલ બિઝનેસ



બ્યુટી અને બ્રેન, સૌંદર્ય અને બુદ્ધિનો મેળ નથી બેસતો એવું કહેવાય છે. જોકે, ચીનની ૨૮ વર્ષની એક યુવતી એ બુદ્ધિ વાપરી બ્યુટીના બ્યુટીફૂલ બિઝનેસથી બે પૈસાની કમાણી કરી અશક્યને શક્ય બનાવ્યું છે. એક આઈડિયાએ એને જિંદગીનું ટ્રેલર દેખાડ્યું છે.

આખો દિવસ પરસેવો પાડનારી નોકરી કર્યા પછી ઢળતી સાંજે ગમે એવો મેકઅપ ઝાંખો પડી જાય. હવે જોબ પરથી છૂટ્યા પછી સીધું બોયફ્રેન્ડ સાથે ડેટ પર જવાનું હોય કે પાર્ટીમાં મ્હાલવા નીકળવાનું હોય તો ચહેરાની સાજ સજાવટ કર્યા વિના કેમ જવાય? હેન્ડબેગમાં બહુ બહુ તો લિપસ્ટિક અને પાવડર - ક્રીમ અને એક નાનકડો મિરર હોય, પણ સ્પેશિયલ કેસમાં એનાથી ન ચાલે. એ ચીની યુવતીએ સ્પેશિયલ કેસની સમસ્યાનો ઉકેલ આપ્યો. ૧૪ ફેબ્રુઆરી (વેલેન્ટાઈન ડે)એ ચીનના એક સબવે સ્ટેશનમાં મેકઅપ સર્વિસ માટે બ્યુટી પાર્લરનો નાનકડો સ્ટોલ શરૂ કર્યો. સોમવારથી શુક્રવાર દરમિયાન સાંજના પાંચથી સાડા સાત દરમિયાન એ ગ્રાહકોના ચહેરા રંગરોગાન કરીને ચમકાવી દે છે. આ બિઝનેસથી ગ્રાહકોના ચહેરા ઝગારા મારે છે અને શટર પાડતી વખતે ગલ્લામાં ૩૦૦ યુઆન (આશરે ૩૬૦૦ રૂપિયા) જોઈને એ યુવતીના ચહેરા પર પણ ચમક આવી જાય છે.

## ચલતે ચલતે લક્ષ્મીજી મિલ ગયા...



લાખના બાર હજાર કે સો કા હુઆ સાઠ જેવા આર્થિક નુકસાનીના અનેક કિસ્સા જોયા કે સાંભળ્યા હશે. બીજી તરફ, બગાસું ખાતા મોમાં પતાસું આવી પડ્યું કે નસીબ આડે પાંદડું ખસી ગયું જેવા ઉદાહરણ પણ જોવા-જાણવામાં આવ્યા હશે. અમેરિકા નિવાસી ૨૭ વર્ષની મરિસા મેસીના જીવનમાં 'ચલતે ચલતે લક્ષ્મીજી મિલ ગયા' જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. બન્યું એવું કે મંગેતર સાથે લટાર મારવા નીકળેલી મરિસાને ઘરે પાછા ફરતી વખતે ચેરિટી શોપમાં જઈ કશુંક ખરીદવાની ઈચ્છા થઈ. વિવિધ આઈટમ જોતી વખતે મેડમની આંખો ઠરી એક પેન્ટિંગ પર. માત્ર ૨.૪ ડૉલર (આશરે ૨૧૦ રૂપિયા) આપી મરિસાએ એ ખરીદી લીધું. ઘરે પહોંચ્યા પછી નજર નાખતા એ કલાકૃતિ જોહાન બર્થેલસન નામના પેન્ટરની હોવાની જાણ થઈ. 'યે કૌન ચિત્રકાર હૈ' એવો સવાલ મનમાં સળવળાટ કરવા લાગતા ગૂગલબાબાએ જાણ કરી કે શ્રીમાન બર્થેલસન મશહૂર પેઈન્ટર છે. એમની કલાકૃતિઓની કિંમત દોઢ લાખથી ૩૧ લાખ રૂપિયા હોય છે. નસીબ આડેનું પાંદડું જ નહીં આખેઆખું જંગલ ખસી ગયું. દિલ બાગ બાગ થઈ ગયું અને દિમાગેઆર્ટ ગેલરીનો સંપર્ક કરવા સમજાવ્યું. જૂનું એટલું સોનુંના ખરીદદારોએ આ પેન્ટિંગના અંદાજે બે લાખ રૂપિયા ઊપજી શકે એમ જણાવ્યું છે. મરિસા મોજમાં આવી ગઈ છે અને આ પૈસા પોતાના લગ્ન માટે વાપરવાનું નક્કી કર્યું છે.

## લ્યો કરો વાત!

*હોટેલ રોકાણ દરમિયાન પાંચ - પચ્ચીસ હજાર કે એથીવધુ પૈસા પણ ખર્ચી નાખનારા લોકો ચેકઆઉટ વખતે ટોવેલ, ટોયલેટરીઝ કે બાથરૂમ ચપ્પલ જેવી વસ્તુ ચુપચાપ ઉઠાવી જવાનો આનંદ અનુભવતા હોય છે. આ નુકસાનને અટકાવવા મુંબઈની એક હોટેલે અફલાતૂન અક્કલ દોડાવી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં આ તરકીબ રજૂ કરવામાં આવી છે જેમાં લખ્યું છે કે 'મુંબઈની આ હોટેલ બાથરૂમમાં વાપરવા માટેના ચપ્પલ આપે છે. લોકો એ ચોરી ન જાય એ માટે મિક્સ એન્ડ મેચ (બે અલગ અલગ ડિઝાઇન અને કલર) ની જોડી આપવામાં આવે છે.' મફતિયા માલમાં પણ સ્ટાન્ડર્ડ જાળવવું પડેને!* ■

વ્યંગ — ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# હેં, શું કહ્યું અમારા તે પૈસા હોતા હશે?!



'સાયેબ..' ગફૂર બોલ્યો.કોઇ પહેલી વાર બોલે એટલે સાહેબ જવાબ આપે? વાતમાં શું માલ છે? લોકો બોલતા બોલતા મરી જાય પણ જનાબ એવા સાહેબ ક્યાં જવાબ આપે છે ?

'સાહેબ , અરે સાહેબ મને સાંભળો તો ખરા.' ગફૂર પાછો બોલ્યો.

'શું છે અલ્યા XXXXXX ?' સાહેબ રીતસર ભસ્યા. ન બોલાય એવી મોટી ગાળ ફટકારી.તમામ સાહેબ સળગતી સગડી જેવા હોય છે. એને ભસાવીને શું કાંદા કાઢવાના ?

'સાહેબ લોચો થઇ ગયો છે' ગફૂર બોલ્યો.

'તમે રોચાવ, ખમણ બનાવતા આવડે નહીં તો લોચો જ કરોને .' સાહેબ બઘડાટી બોલાવી.સાહેબના શર્ટ પર લીલા, પીળા, લાલ કલરની થીગડી જેવી પટી મારેલ હતી.ખભે અંગ્રેજીમાં કશું લખેલ હતું. શર્ટ પર સાહેબનું નામ પણ લખ્યું હતું, એ પણ ઇંગ્લિશમાં.

'સાહેબ, લિકેજ લાગે છે .' ગફૂર દાઢી કમ સાવરણી પસવારતા કહ્યું.

'તું નજૂમી જ્યોતિષી છે?' સાહેબે માથું ખંજવાળતાં મૂંઝવણમાં પૂછ્યું.

'કેમ એમ પૂછો છો?' ગફૂર ચકિત થઇ પૂછ્યું.

'મારું પેટ બગડ્યું છે , આઇ મિન મને ડીસેન્ટ્રી થઇ છે તેની તને કેમ ખબર પડી?' સાહેબે ભોપાળું ખોલ્યું.

'સાહેબ, તમારા પેટની વાત હું કયાંથી જાણું? હું કયાં પેટના રોગનો ડોકટર છું?હું તો તમારી એમ્પાલા એટલે રામપિયારી કારના ટાયરની વાત કરૂ છું.' ગફૂરે મૂળ મુદાની વાત કરી.

'હઅમ.' મોબાઇલમાં કોઇ સગલી સાથે ફલર્ટિંગ કરતા સાહેબે ટૂંકો હોકોરો ભણ્યો. પછી ખોંખારો ખાધો. મૂંછે વળ ચડાવ્યા.સાહેબને લફરા માસ્ટરી હતી કે શું? સાહેબની ઘરની અદોદળી થાળી કરતાં બહારની દાબેલીમાં મજા આવતી હશે.

'સાયેબ, તમારી ગાડીના ટાયરમાં હહરુની હવા ભરું છું, પણ હવા નીકળી જાય છે.' ગફૂરે સમસ્યા બતાવી.

'બધાની ગાડીમાં હવા ભરાય. કોઇને કશી તકલીફ ન પડી. મારી ગાડીમાં હવા ભરતા તને વાંધો પડયો?' હવે સાહેબ બગડ્યા.

'સાહેબ તમારી હવા સોરી સોરી,તમારી ગાડીમાંથી હવા ભરતા હવે નીકળી જાય તેમાં મારો શું વાંક? કદાચ વાલ્વ કે વાલ્વટયૂબમા ડખો હશે.' ગફૂર એકસપર્ટ ઓપિનિયન આપ્યો.

'મને બધી ખબર છે. તારે મને ચીરવો છે.હવા ભરાતી નથીનું નાટક કરી પંકચરના નામે મને ધૂતવો છે? હુંયે સોશિયલમાં રિલ્સ જોઉં છું પેટ્રોલપંપ પર હવા ભરવાના નામે તમે ડામિસો કેવા કેવા ધતિંગ કરો છો.' સાહેબ બગડ્યા .

'સાહેબ એવું ના હોય. રોજીના સોંગદ ખાઇને કહું છું કે અમને હરામનો પૈસો પચે નહીં.' ગફૂર ભાવુક થઇ ગયો.

'તમે રોજ સો ગ્રાહકને પંકચરના નામે લૂંટી લો તો રોજની કેટલી નોટ છાપો?' સાહેબ તર્ક લડાવ્યો.

'સાહેબ, જિંદગી કે બંદગી તર્ક-વિતર્કથી ચાલતી નથી. કોઇને પચીસ વરસે ચાર બાળકો હોય તો સો વરસે કેટલાં બાળકો હશે એવી ત્રિરાશી જિંદગીમાં ન ચાલે. પંકચર પાડી પંકચર રિપેર કરી કોઇ પેન્ટહાઉસના માલિક બની શકે નહીં.' ગફૂર જિંદગીની ફિલોસોફી કહી.

'તો હવે શું કરવાનું છે એ ફાટને?'

'તમે એક કામ કરો. તમે ટાયરનું પંકચર કરાવી લો. કદાચ હવા રહે. નહિતર ટાયર બદલવું પડશે.' ગફૂરે વ્યાવહારિક વાત કરી. સાહેબે પંકચર કરવા હા પાડી. ગફૂરે સાઇકલનું પંકચર રિપેર કર્યું. સાહેબ પાસેથી પૈસા માગ્યા.

'ગફૂર, તને ખબર છે હું કોણ છું?' સાહેબે અકડાઈથી ગફૂરને સવાલ કર્યો.

'તમે મને બતાવો નહીં તો મને કયાંથી ખબર હોય કે તમે કર્નલ છો કે કામદાર છો?'

'ગફૂર, અમારા પૈસા ન હોય.' સાહેબે રોન ખોલી.

'કેમ તમે તળાજાનું ટીલું લઇને આવ્યા છો?મારે અણહકકના નહીં, પરંતુ, સાહેબ .મારી મહેનતના પૈસા લેવાના છે. તમે મારા જમાઇ કે ઓલાદ નથી કે હું તમારા પૈસા માફ કરું. આવી ખેરાત અમને પોસાય પણ નહીં કરું તો કયાં જાવ? ઓલરેડી રોડ પર છું. હવે પાતાળલોકમા જવાનો વારો આવે.' બે હાથ મસળતા ગફૂર બોલ્યો.

'હું સરકારનો જમાઇ છું.' સાહેબ ઉવાચ.

'તો મારા કેટલા ટકા?' ગફૂર પણ અડી ગયો.

'હું સરકારનો જમાઇ છું અને લટકામાં હું પોલીસવાળો છું . અમારા પૈસા ન હોય.' સાહેબે પોતાની મફતની માનસિકતાનો પરિચય આપતા પોતાની ઓળખાણ આપી.ગફૂરના ચહેરા પર શેરબજારની ચડ-ઊતર જેવો ભાવપલટો દેખાયો.

કોઇ લાચાર કે બેબસ હોય પરંતુ, એ અસહાય છે એવું સમજાય ત્યારે તેની દયનીયતા જોવા જેવી હોય. ગફૂર ગાંડપણ દાખવીને સત્તાધીશને ભીડાઇ જાય તો ચક્કર ગફૂરને જ આવવાના હતા.

સાહેબ તો લોકભક્ષક લાંચેન્દ્ર રાઠોડ નીકળ્યા. ગફૂર ગૂંચવાઇ ગયો.લોકભક્ષક લાંચેન્દ્ર પંકચરના પૈસા ચૂકવ્યા વગર નજર નીચી કર્યા વિના સામી છાતીએ સડસડાટ નીકળી ગયો.હવે ભગવાન જ આ દેશને બચાવે!

લોકભક્ષકની વાત બરાબર છે ને?

શાકભાજી વેચનાર પાસેથી મફતમાં બે કિલો સફરજન લઇ જાય, રેસ્ટોરેન્ટ હોટલમાં મિત્રો સંબંધી સાથે મફતમાં જમી જાય, શકુબાઇના સ્ટેન્ડેથી પહેલી ધારનો દેશી દારૂ મફતમાં ઢીંચી જાય, સાક્ષીને તહોમતદાર બનાવી દે, લોકઅપમાં મારઝૂડ ન કરવાના પૈસા ઉઘરાવે, બૂટલેગરની ચરણવંદના કરે, સ્પામાં જઇને મફતમાં મસાજ કરાવે, રેડલાઇટ ઓરિયામાં પૈસા ચૂકવ્યા વગર જલસા કરે,જમીનના સોદા- મકાન ખાલી કરાવવામાં કરોડો ઉલેચે તેવા વર્દીવાળા બેગર્સો કયાંય પૈસા ચુકવવાની ખોટી ટેવ પાડે તો પોલીસબેડાનું નાક ન કપાય? કોન્સ્ટેબલો કરોડપતિ અને ઇન્સ્પેક્ટરો ખર્વોપતિ હોય. એક ભાઉએ તો કાછિયા પાસેથી લાંચ પેટે પાંચ કિલો બટેટાના અક્ષય ખજાનાની માગણી કરી પછી ઉદારતા દાખવી ત્રણ કિલોમાં પતાવટ કરેલ !

'મુઆ, નખ્ખોદિયાને અલ્લાહ જોશે' એમ મન મનાવી ગફૂર હળવો નિસાસો નાખી વાહનોમાં હવા ભરવાના કામે લાગી ગયો! ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# કેબ્રે ડાન્સ છે વિદેશી, પણ વધુ સફળ ભારતમાં!

પૂર્વકેન્દ્રીય મંત્રી અને સાંસદ શશી થરુરે એમના કાર્યકાળ દરમિયાન 'ટેડ ટોક' આપી હતી, જેમાં ભારતના સોફ્ટપાવર પર મસ્ત વાતો કરી હતી. શશીભાઇએ કહ્યું હતું કે, એમને અમેરિકન વૃદ્ધ મહિલા મળી હતી, જેને હિન્દી અથવા ભારતીય ભાષા તથા અહીંના કલ્ચર વિશે કશું ખબર ન હતી , છતાં એ નિયમિત બોલિવૂડ ફિલ્મો જોતી હતી. આ મહિલાએ જણાવ્યું હતું કે એને ફિલ્મમાં કશી સમજ પડતી નથી, પણ તે બોલિવૂડ ડાન્સની દીવાની હતી.

બોલિવૂડે એક વિદેશી ડાન્સ ઉઠાવ્યો અને શ્રેષ્ઠ ભારતીયકરણ કર્યું, એ ડાન્સ છે કેબ્રે. યુરોપ- અમેરિકામાં કેબ્રેને પારિવારિક ડાન્સ ગણવામાં આવતો નથી, કારણ કે ત્યાં બોલિવૂડ નથી. સારું છે કે આ દશમી સદી નથી, બાકી આપણા રાજાઓએ કેબરેનાં સ્થાપત્યો બનાવ્યાં હોત અને આપણે હોંશેહોંશે એ સ્થાપત્યની મજા માણતા હોત. મનમાં જિજ્ઞાસા એ ચોક્કસ થાય કે કેબ્રે ડાન્સના સ્થાપત્ય કેવા લાગતાં હોત?! એ સમયના સ્થાપત્યકારો કેબ્રે ડાન્સની નજાકતને અદભુત રીતે પથ્થર પર ઉતારી શકયા હોત એમાં શંકાને સ્થાન નથી.

આપણને તો જે પસંદ પડે તેનું ભારતીયકરણ કરી નાખીએ. પિત્ઝાથી કહેવાતી ચાઇનીઝ આઇટમો સુધી ભારતીયકરણ કરવામાં કોઈ કચાશ રાખી નથી. વિદેશી આઇટમનું એકવાર ભારતીયકરણ થયા પછી આપણે ગુજરાતી ટચ આપી દઈએ છીએ. આ કેબ્રે ડાન્સનું પણ શાનદાર ભારતીયકરણ આપણી ફિલ્મોએ કર્યું છે. એની વે, છેક પચાસ સાઠના દાયકાથી બોલિવૂડમાં કેબ્રે ડાન્સ પ્રચલિત થવા લાગ્યો, એક સમય તો એવો આવ્યો હતો કે કેબ્રે વિનાની ફિલ્મ-ખાસ કરીને, હિન્દી ફિલમની કલ્પના જ ન થાય. આજે પણ વરઘોડામાં 'ડોન' ફિલ્મનું 'એ મેરા દિલ પ્યાર કા દીવાના' વાગે એટલે દિલથી હેલન બનવાની કોશિશ થતી હોય છે. એ પ્રયાસ જ ડાન્સની નજાકત અને એનો પ્રભાવ દર્શાવે છે.


ભારતીય સિનેમામાં કેબરે ડાન્સે કેટલી મોટી આર્ટિસ્ટ રેન્જ આપી? ફિલ્મમાં કેબ્રે ની શરૂઆત કુકુ નામની ડાન્સરે કરી, એણે જ સજેસ્ટ કરેલી હેલન કેબ્રેને એટલી ઊંચાઈ પર લઇ ગઇ કે સામાજિક પ્રસંગોમાં ય આડકતરી રીતે કેબ્રે ડોકાઈ જાય છે હિન્દી સિનેમામાં હેલન કેબ્રે કરે ત્યારે અંગ પ્રદર્શન લાગે એવા કપડાં પહેરવા છતાં એના સ્ટેપ્સ અને એની નૃત્ય કળા પર દર્શકો આફ્રિન થઇ જતા. એ દર્શકોને ઉત્તેજિત કરે, પણ એના ડાન્સમાં ક્યાંય અશ્લિલતા ન ઝળકે!

સિત્તેરના દાયકામાં અસંખ્ય ફિલ્મો આવી હતી, જેની સફળતામાં હેલનનો કેબ્રે ડાન્સ પાયામાં હતો. 'શોલે'નો ડાકુઓની વચ્ચે થતો 'મેહબૂબા..મેહબૂબા' ડાન્સ નિહાળો કે પછી 'ઓ હસીના ઝૂલ્ફોવાલી' જોઈ લો. એક યુગમાં હેલનને ડાન્સ કરતાં જોવા દર્શકો ટિકિટબારી છલકાવી દેતાં હતાં.

હેલનની મહેનત અને ડાન્સની લોકપ્રિયતા થકી ભારતીય ફિલ્મોમાં કેબ્રે એક નવી પેઢી તૈયાર થઈ... આશા સચદેવ, આપણી ગુજરાતી બિન્દુ અને અરૂણા ઇરાની, કલ્પના ઐયર, જયશ્રી ટી, પદ્મા ખન્નાથી શરૂ થયેલી પરંપરામાં ઝીનત અમાન અને પરવીન બાબીએ હીરોઇન સુધ્ધાંએ આ ડાન્સને નવો રંગ આપ્યો. આ પછી તો રેખા, રાખી, હેમા કે દીપિકા, પ્રિયંકા, કરીના સહિત બધી જ જનરેશનની હીરોઇનો કેબ્રે પર હાથ અને પગ અજમાવી ચૂકી છે. ૨૦૧૬માં રિચા ચઢ્ઢાની



હેલને કેબ્રે ડાન્સને ફિલ્મોમાં જાણીતો કર્યો




પેરિસની મૌલાં રુઝ હૉટેલ

'કેબ્રે' નામની રોમેન્ટિક ફિલ્મ પણ આવી ચૂકી છે. મિન્સ કેબરે બોલિવૂડની રગોમાં પ્રસરી ગયું છે.

ઘણાને એ સવાલ ઉદભવે કે કેબ્રે ડાન્સ ફોર્મેટ ખાલી મહિલાઓ માટે જ? પુરુષોનો શું વાંક? કેબ્રે સાથે નજાકત, શેપ, લચક, રિધમ, સૌંદર્ય જેવા શબ્દો જોડાયેલા છે. જે પુરુષ કલાકારો આ અભિવ્યક્તિ વ્યક્ત કરી શક્યા છે એમના માટે પણ કેબ્રેના દરવાજા ખુલ્લા જ છે.

કેબ્રે ડાન્સ મૂળે ફ્રાન્સનો અને હા, કેબરે કે કેબ્રે શબ્દ મૂળે ડચ. કેબરે એટલે નાનો ઓરડો જેવી જગ્યા છે. 'લે ચેટ નોઇર' ઉર્ફે કાળી બિલાડી નામની એક જગ્યાએ ફ્રાન્સના કેટલાક બુદ્ધિશાળી લોકો એક રૂમમાં ભેગા થતા. રાજકીય કે ક્રાંતિની ચર્ચાઓ સાથે મોજશોખનો ઉમેરો થતો ગયો. આ સ્થળ પર ધીમે ધીમે ખાણી-પીણી અને સંગીત જલસા થવા લાગ્યા. આ પ્રણાલી આખા ફ્રાન્સમાં ફેલાવા લાગી, આ જોઇને વધુ ને વધુ લોકોને આકર્ષવાના પ્રયાસોમાં ઓરડામાં થતો ડાન્સ મિન્સ કેબ્રે ડાન્સ અસ્તિત્વમાં આવ્યો અને લોકો કેબ્રે તરફ વધુ આકર્ષિત થયા. આ કક્ષમાં કવિતાઓ વંચાતી, નાટકો અને સંગીત રચાવા લાગ્યા. કલાકારોને અને સામાન્ય નાગરિકોને તેમની કલાપ્રદર્શન માટે સ્પેસ મળી. વર્ષ ૧૯૦૦ સુધી એકલા ફ્રાન્સમાં દોઢસો જેટલી કલબ બની ચુકી હતી. આ પ્રથા લોકપ્રિય નીવડતા દુનિયાભરમાં ફેલાવા લાગી. કલાને ક્યારેય સીમાડા હોતાં નથી.

કેબ્રે ડાન્સનું જન્મસ્થળ પેરિસની 'મૌલીન રુજ' (મૌલાં રુઝ) થિયેટરનું નામ રૂસ સામે લડાઈમાં ત્રણ ભાઈઓ શહીદ થતાં એમની કબરના સ્થળને ' લાલ પવનચક્કી' ના નામથી બોલાવતા અને આ લાલ પવનચક્કી એટલે મૌલીને રુજ આ ક્લબમાં પેરિસમાં પહેલીવાર ઇલેકટ્રીક લાઈનનો ઉપયોગ થયો હતો. જો કે સો વર્ષ પહેલાં આગ લાગતા આ ક્લબ નવ વર્ષ માટે બંધ રહી હતી. એક નાનકડા શહેર જેવી ઈકોનોમી ધરાવતી ક્લબમાં પંદરસો લોકો કામ કરે છે.

કેબ્રે ક્લબની મોજની પ્રથા સૌપ્રથમ જર્મની ગઇ, જર્મનીમાં તે સમયે ક્રાંતિની વાતો થતી. યુવાનોને કેબ્રે પરમ્પરા માફક આવી. જર્મનીથી કેબ્રે સંસ્કૃતિ યુરોપના દેશોમાં ફેલાવા લાગી અને કળાને પ્રોત્સાહન આપવામાં ઉત્સાહી એવા અમેરિકા સુધી પહોંચી પછી કાળ ક્રમે આપણી ફિલ્મોમાં એ આવી.

ભારતમાં કેબ્રે ક્લબની સંસ્કૃતિનો વ્યાપ કલકત્તામાં સૌથી વધુ રહ્યો હતો. કલકત્તામાં અનેક મહિલાઓએ કેબ્રે ડાન્સનું ભારતીયકરણ કરવા સાથે ક્રાંતિને જોડી હતી.


રાજેશ ખન્ના, આશા પારેખ અને બિંદુ ફેમ 'કટી પતંગ'નું સોંગ 'મેરા નામ હૈ સબનમ, પ્યાર સે લોગ મુઝે કહેતે હૈ શબ્બો' જેવા ગીતમાં ડાન્સ સાથે મેસેજ આપીને કહાની આગળ વધતી હતી. ■

**ધ એન્ડ :**

*આપણી હિન્દી ફિલ્મોમાં કેબ્રેની શરૂઆત કોલકાતાની કુકુ નામની ડાન્સરે કરી હતી. એણે જ હેલનને કેબ્રે માટે તૈયાર કરી હતી !*

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# ખરાબ સમયમાં ત્રણ સાચા સાથીઃ ધૈર્ય - સાહસ ને પ્રયત્ન




અચાનક માથે આવી પડતી આપત્તિઓ માનવી માટે સાચે જ ઘણી દુઃખદાયી હોય છે. તેનાથી એને ઘણું મોટું નુકસાન થાય છે, પણ આ આફતોથી થતા નુકસાન કરતાં ઘણી વધારે હાનિ આપત્તિથી થતો ગભરાટ કરે છે. આફત કહી શકાય તેવી ઘટના ભલે ગમે તેટલી ભયંકર હોય, તો પણ કોઈનું પુષ્કળ નુકસાન કરતી નથી. તે વધુ સમય રોકાતી પણ નથી. એ તો એક લપડાક મારી જતી રહે છે, પણ આ આફત-આ દુર્ઘટનાનો ગભરાટ એક દુષ્ટ ચુડેલ જેવો હોય છે, તે જેની પાછળ પડે છે તેને ખોખરો ન કરી દે ત્યાં સુધી છોડતી નથી. આથી કેટલીય અસ્તવ્યસ્તતા આ ગભરામણને લીધે સર્જાય છે. શારીરિક, માનસિક અને સામાજિક પરિસ્થિતિઓનો સત્યાનાશ વાળી દે છે.

અચાનક આવતી આફતથી માનવી બચી શકતો નથી. ભગવાન રામચંદ્રજી, શ્રીકૃષ્ણ, રાજા હરિશ્ચંદ્ર, રાજા નળ, પાંડવો, મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી, ગુરુ ગોવિંદસિંહ જેવા આત્માઓને પણ આફતો છોડ્યા નથી તો બીજા કોઈ એનાથી કેવી રીતે બચી શકે? આ સંસારની વ્યવસ્થા કંઈક એવી છે કે સંપત્તિ અને વિપત્તિ, લાભ અને નુકસાનનું ચક્ર પ્રત્યેક જીવ પર ચાલે જ છે.

પ્રારબ્ધ કર્મોના ભોગ ભોગવવા, ઠોકર ખવડાવી ચેતવવા, ક્રિયાશક્તિ, સાહસ, દૃઢતા અને અનુભવશીલતા વધારવા કે બીજા કોઈ હેતુસર વિપત્તિઓ આવે છે. આ વિપત્તિનું સાચું કારણ તો પરમાત્મા જ જાણે છે, પણ એટલું ચોક્કસ છે કે આ વિપત્તિનો પ્રકોપ જુદી જુદી રીતે સમય સમય પર દરેક માનવીએ વેઠવો પડે છે.

અપ્રિય, અરુચિકર અને અસંતોષ કરાવનારી પરિસ્થિતિ ઓછીવત્તી માત્રામાં પ્રત્યેક સામે આવે જ છે. આનાથી કોઈ પણ સંપૂર્ણ સુરક્ષિત રહી શકે નહીં, પૂરી રીતે બચી શકે નહીં.

આમ છતાંય જો આપણે ઈચ્છીએ તો આ વિપત્તિ પછી થતી અસ્તવ્યસ્ત સ્થિતિમાંથી સરળતાથી બચી શકીએ એમ છીએ. એ ઉપરાંત આફતથી થયેલું નુકસાન થોડા સમયમાં જ ભરપાઈ કરી શકીએ એમ છીએ. મુશ્કેલી સામે લડી તેનો સામનો કરી શકીએ એમ છીએ, મુશ્કેલી સામે લડી તેનો સામનો કરી, હરાવી, પુરુષાર્થનો પરચો બતાવવાની મનોવૃત્તિ જ સાચા વીર પુરુષોને શોભા આપે છે. યોદ્ધા એક ઝાટકાથી ધડ-માથું જુદું કરનાર તલવારને પડકાર આપે છે.

બહાદુરોને કોઈનો ડર હોતો નથી. એને હંમેશાં પોતાનું ભવિષ્ય સોનેરી જ દેખાય છે. તેના મનમાં સદાય ઉત્સાહ અને આશાની જ્યોત પ્રગટેલી રાખે છે.

ખરાબ સમયમાં આપણા ત્રણ જ સાચા સાથી હોય છે : ધૈર્ય- સાહસ ને પ્રયત્ન.જે આ ત્રણેયનો સાથ લે છે, તેનું કોઈ કશું જ બગાડી શકતું નથી. જેણે મુશ્કેલીના સમયમાં પોતાનું માનસિક સમતોલન જાળવી રાખવાનું મહત્ત્વ જાણ્યું છે, જે ખરાબ સમયમાં પણ દૃઢ રહી શકે છે. અંધકારમાં રહેવા છતાં પ્રકાશથી ભરેલા પ્રભાતની આશા રાખે છે. એ વીર પુરુષ થોડા પ્રયત્ને જ કપરાં ચઢાણ ચઢી શકે છે.

માનસિક સમતોલન રહેવાથી શારીરિક સ્વાસ્થ્ય સારું રહે છે અને માનસિક સ્વસ્થતા રહેવાથી એના મિત્રો નારાજ થતા નથી. આમ પોતે ઉપજાવેલી દુર્ઘટનાથી તે બચી જાય છે. હવે માત્ર અકસ્માત આફતથી થયેલા નુકસાનને ભરપાઈ કરવાનો પ્રશ્ન રહી જાય છે. વધારે પડતી ઉગ્ર આકાંક્ષાઓ અને ભૂતકાળના અનુભવોના આધારે એ પોતાની વિવેકબુદ્ધિથી પહેલાંના જેવી સુખદાયક સ્થિતિ મેળવવા જરૂરી સાધનો અને એવી યોજનાઓ શોધી કાઢે છે, જે વિપરીત સમયમાં પોતાનું સાહસ અને ધીરજ ટકાવી શકે છે. આવો ભાગ્યશાળી વીર યોદ્ધો પોતાની સમગ્ર જિંદગીમાં ક્યારેય દુર્ભાગ્યની ફરિયાદ કરતો નથી. દુઃખની ઘડી તેને પરમાત્માનો કોપ નહીં પણ ધૈર્ય, સાહસ અને પુરુષાર્થની પરીક્ષા કરનાર પડકારો જેવી લાગે છે.

ઘણા લોકો ઉંદરને લડતા જોઈ ડરી જાય છે, પણ એવા લાખો યોદ્ધાઓ છે જેઓ દિવસરાત આગ ઓકતી તોપોની છાયામાં સૂવે છે. એક વ્યક્તિને એક ઘટના વજ્રઘાત સમાન અસહ્ય લાગે છે,પણ બીજાને આવી ઘટના સામાન્ય લાગે છે. બહાદુર માનવી પ્રત્યેક નવી પરિસ્થિતિ માટે તૈયાર રહે છે. શરૂઆતના જીવનમાં જે તે એશ-આરામનાં સાધનો ભોગવતો હોય તો તે ગરીબ દશામાં, અભાવગ્રસ્ત દશામાં રહેવા તૈયાર છે.

આ રીતે સાહસ બતાવનાર વીર પુરુષો જ આ સંસારમાં સુખી જીવનનો ઉપભોગ કરવાના અધિકારી છે. જે લોકો કલ્પિત ભવિષ્યના અંધારાની બીકે અત્યારે જ માથું ફોડી રહ્યા હોય એ બધા એક પ્રકારના નાસ્તિક છે. આવા લોકો માટે આ સંસાર દુઃખમય, નર્કરૂપ બની જશે અને ભવિષ્ય પણ તેવું જ બનશે. માટે યાહોમ કરીને આફત સામે ટક્કર લો ત્યારે તમારા પેલા ત્રણ સાથી : ધૈર્ય - સાહસ ને પ્રયત્નને યાદ કરીને જરૂર સાથે રાખજો ! ■




કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ઈજ્જતની લિજ્જત...!

દુનિયામાં દરેક વ્યક્તિને પોતાની ઈજ્જત બહુ વ્હાલી હોય છે. સામાન્ય રીતે તેને દીકરીથી પણ વિશેષ સાચવતા હોઈએ છીએ. કચ્છી ચોવક કહે છે કેઃ **“ઈજતની લિજત ભણે સે જાણે”**. ‘ઈજત’ અને તેની ‘લિજત’ એ બંને શબ્દો તો સૌના પરિચિત છે. પણ ‘જી’ એટલે ‘ની’, ‘ભણે સે જાણે’ એ શબ્દ સમૂહનો અર્થ છેઃ ‘જે જાણે તે જ જાણે’. બેશક, અહીં આબરૂનું મહત્ત્વ ચોવક દર્શાવે છે. સમાજમાં આબરૂ હોવી તેની પણ એક લિજ્જત છે! ઈજ્જત પણ કમાવી પડે છે!

કમાણીના વિવિધ ક્ષેત્રની કક્ષા બતાવતી પણ એક ચોવક છેઃ **‘ઉતમ ખેતી, મધ્યમ વેપાર, નફટ નોકરી નેં ફિઠબુડ ભીખ’**. હાલના સમયમાં આ ચોવક થોડી જૂનવાણી જેવી લાગે પણ તેથી વ્યવસાયની કક્ષામાં કાંઈ ફરક નથી પડતો! વિચારો... ખેડૂતને જગતનો તાત કહ્યો છે, આવું સન્માન વેપારી કે નોકરીયાત વ્યક્તિને ક્યારેય મળ્યું છે ખરું? ચોવક કહે છેઃ કમાણી માટે સૌથી વધારે ઉચ્ચ કક્ષા ખેતી ધરાવે છે, તે પછી બીજા નંબર પર આવે છે વેપાર, નોકરી તો... કરી કરી ને, નો- કરી! તેવી નફટાઈની કક્ષા પર આવે છે, જ્યારે સૌથી નિમ્ન કક્ષાનું કામ છેઃ ભીખ માગવી. ‘ફિઠબુડ’ શબ્દ પણ અજાણ્યો લાગશે, જેનો અર્થ થા છેઃ ધિક્કારજનક, અપમાનજનક!

વ્યવસાયની માફક જ ‘ધન’ કે કમાણીની કક્ષા પણ ચોવક બતાવે છેઃ કહે છે કે, **“કકર પથર પા ધન, સોન ચાંધી અધ ધન, અન પવ સર્વ ધન, ચમ ધન નિર્ધન.”** ‘કકર પથર’ એટલે કાંકરા અને પથ્થરા, સોન એટલે સોનું અને ચાંધી એટલે ચાંદી. ‘ધન’ એટલે ધન કે નાણાં. ‘અન પન’નો અર્ત થાય છે અનાજના છોડનાં પાન અને ‘ચમ ધન’ એટલે ચામડી, ચામડાંની કમાણી. ચોવકનો શબ્દાર્થ છેઃ કાંકરા અને પથ્થર (દ્વારા કમાવું)એ ‘પા ધન’ ગણાય છે. ‘પા’ એટલે અડધાથી ઓછું. સોના-ચાંદી (પાસે હોવા કે)થી કમાણી એ ‘અધ ધન’ એટલે કે અડધા ધનિક કહેવાવું! પરંતુ અનાજ ઉગાડતાં વૃક્ષોનું વ્યક્તિ પાસે હોવું કે, તેમાંથી કમાવું એ ‘સર્વધન’ એટલે કે સાચું ધન છે, પરંતુ જો ચામડાંના વેપારી હોવું કે, ચર્મ સંગ્રહ હોવો એ નિર્ધન જ ગણાય છે!

સહેજ ઝીણવટપૂર્વક સમજવાનો પ્રયાસ કરશું તો આ ચોવક સંયુક્ત પરિવારની રૂડી હિમાયત કરતી હોવું તેવું લાગશે! આ રહી એ ચોવકઃ **“કરઈ ઓસરીતા, ઓસરી અંઙણ તા અંઙણ શેરી તાં ખિલે”** ચોવકમાં પ્રયોજાયેલા શબ્દોના અર્થ છેઃ ‘કરઈ’ એટલે ઓરડો. ‘ઓસરી’ તો ગુજરાતીમાં પણ વપરાતો શબ્દ છે. ‘અઙણ’ એટલે આંગણું અને ‘શેરી’નો અર્થ થાય છે શેરી... ઘરની ડેલીની બહાર પસાર થતો સાંકડો પણ લાંબો માર્ગ! શબ્દાર્થ હવે સ્પષ્ટ થઈ ગયો છે... સંયુક્ત પરિવારના સભ્યો જેમ પરસ્પર સ્મિત ફરકાવતા અને હસતા રહે છે, તેમ એક ઘરનો ઓરડો,ઓસરી અને આંગણું, હંમેશા સંયુક્ત રીતે સુખ-ચેનથી સંકળાયેલાં હોય છે. ‘ખિલે’ એટલે હાસ્ય કે સ્મિત! અને એ હાસ્ય કે સ્મિતના પડઘા ડેલીની બહાર પણ પડતા હોય છે. હાસ્ય એ અહીં સુખી ઘરની નિશાની દર્શાવે છે.

એક અદ્ભુત ચોવક છેઃ “કલમ કડ્છી ને બરછી” ‘કલમ’ એટલે કલમ. ‘કડ્છી’ રસોઈઘરમાં વપરાતું એક સાધન અને ‘બરછી’નો અર્થ એ જ થાય છે, બરછી! ચોવક કહેવા એમ માગે છે કે, આપણા વિરોધીઓને હરાવવા માટેનાં એ ત્રણ હથિયાર છે! કલમથી જીતી શકાય. ‘કડ્છી’ શબ્દ અહીં સ્વાદિષ્ટ ભોજનના બદલે કરવામાં આવ્યો છે. સ્વાદિષ્ટ ભોજન દ્વારા તમે કોઈનું પણ દિલ જીતી શકો અને બરછીના તીક્ષ્ણ પ્રહાર તો વિરોધીઓને વિંધવા માટે પ્રખ્યાત જ છે! ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RAW | હાર |
| ROW | કાચું |
| ROE | લૂંટવું |
| ROB | જામો |
| ROBE | હરણ |

## ઓળખાણ પડી?



૧૯૩૬માં ટેસ્ટ ક્રિકેટમાં વિદેશમાં પ્રથમ સેન્ચુરી ફટકારનારા બેટ્સમેનની ઓળખાણ પડી? એમના નામથી સ્પર્ધા રમાય છે.

અ) વિજય મર્ચન્ટ બ) દુલિપસિંહ ક) વિજય હઝારે ડ) મુશ્તાક અલી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પિ | ૨ ના | ક | ૩ પા | ણિ | | ૪ બિ | લી | ૫ પ | ૬ ત્ર |
| ૭ શા | હ | | ગ | | ૮ ત્રિ | યા | | ૯ દ | સ્ત |
| ૧૦ ચ | ક | | લ | | ૧૧ શૂ | ર | વી | ર | |
| | | ૧૨ અ | | ૧૩ ક | ળ | ણ | | | ૧૪ ના |
| ૧૫ કૈ | ત | વ | | મ | | | ૧૬ પ | રા | ગ |
| લા | | ૧૭ સ | ૧૮ ખ | ળ | ૧૯ ડ | ૨૦ ખ | ળ | | રિ |
| ૨૧ સ | ૨૨ ભ | ર | તા | | ૨૩ મ | ન | | ૨૪ પં | ક |
| ૨૫ પ | ક્ષ | | | ૨૬ ક | ડ | ક | ૨૭ ડ | તુ | |
| તિ | | ૨૮ મ | | ૨૯ ક | મ | | ૩૦ સ | જી | ૩૧ વ |
| | ૩૨ બા | ણા | વ | ળી | | ૩૩ હો | વું | | તી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | | | ૫ | ૬ |
| | | | | ૭ | | | ૮ | | |
| ૯ | ૧૦ | | | | | | | | |
| ૧૧ | | | | | | ૧૨ | | | |
| ૧૩ | | ૧૪ | | | ૧૫ | | | | |
| ૧૬ | | | | ૧૭ | | | ૧૮ | | |
| | | ૧૯ | ૨૦ | | | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | | | | | ૨૪ | | | ૨૫ | |
| | | ૨૬ | | ૨૭ | | | | ૨૮ | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. સમય પ્રમાણે તરત કાર્ય કરવાની સતર્કતા (૭)
૫. ચીરો, કાનમાં પહેરવાનું ઘરેણું (૨)
૭. જાસૂસ (૨)
૮. ડરપોક, બીકણ (૩)
૯. સુંદર, આંખને ગમે એવું (૬)
૧૧. ‘જમવું’નું આજ્ઞાર્થ (૨)
૧૨. બગીચો, ઉદ્યાન (૪)
૧૩. નરદમ, નર્યું (૪)
૧૫. ઊલટું, પ્રતિકૂલ (૩)
૧૬. કાજળ, મેશ (૩) (હિ.)
૧૭. તરેહ, ડિઝાઇન (૨)
૧૮. તલ (૨)
૧૯. --- અને અમી- જાણીતી નવલકથા (૩)
૨૩. સજ્જન, સારો માણસ (૨)
૨૪. કાયદેસરની અટક (૫)
૨૭. ઓળખ, પરીક્ષા (૩)
૨૮. સાચું (૨)
૨૯. મહાસાગર (૫)
૩૦. મથવું તે (૪)

**ઊભી ચાવી**

૧. સત્કારને લાયક (૬)
૨. યમનોત્રીમાંથી નીકળતી નદી (૩)
૩. ચચરવું તે (૪)
૪. કાર્ય (૩)
૫. શરીર, તન (૨)
૬. રજા, ઇજાજત (૫)
૮. કામ કરવાની રીત (૫)
૧૦. મૃત્યુના દેવ (૪)
૧૨. સાથળ (૨)
૧૪. બરબાદી (૩)
૧૫. ધન, પૈસા (૨)
૧૭. વજન, બોજ (૨)
૨૦. ગયેલું, ભૂતકાલીન (૨)
૨૧. જોરદાર, મજબૂત, સંગીત (૪)
૨૨. તકલીફ, વિઘ્ન (૪)
૨૩. મેળાપ, મિલન (૩)
૨૪. ‘ધરવું’નું આજ્ઞાર્થ (૨)
૨૫. સોગંદ (૩)
૨૬. થોડું (૨)
૨૭. પ્રતિજ્ઞા, પરંતુ, ઉપરાંત (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘તેણે આકસ્મિક સંજોગોમાં ઘર બદલ્યું’ કહેવતમાં આકસ્મિક શબ્દનો અર્થ જણાવો.

અ) ઉતાવળ બ) મુશ્કેલ ક) અણધાર્યા ડ) આનંદદાયક

## ગુજરાત મોરી મોરી રે

‘જાતમહેનત શ્રેષ્ઠ છે અને એનાથી જ ઉન્નતિ થાય’ એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

જળ આપ નહીં સમાન બળ મેઘ નહીં સમાન

## માતૃભાષાની મહેક

આરામ એટલે વિસામો અથવા વિશ્રાંતિ. આરામ ચાહવો - લેવો એટલે ઊંઘ લેવી, થાક ઉતારવો. આરામ મળવો એટલે આળસું રહેવું. આંખ મીચીને સૂવું. તબિયત સુધારવી. આરામમાં હોવું એટલે નિદ્રામાં હોવું. ઝાડને આરામ આપવો એટલે ઝાડ આસપાસના મૂળિયાં ઉઘાડાં કરવાં.

## ઈર્શાદ

રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના!

- અમૃત ઘાયલ

## સુડોકુ-૮૦૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૯ | | | ૨ | ૩ | ૭ | |
| | ૭ | | ૮ | ૬ | | | | |
| ૪ | | | | | ૭ | ૮ | | ૨ |
| ૧ | | | ૨ | | | | | |
| | ૮ | ૬ | | | | ૨ | ૩ | |
| | | | | | ૬ | | | ૫ |
| ૯ | | ૫ | ૬ | | | | | ૩ |
| | | | | ૨ | ૫ | | ૯ | |
| | ૨ | ૭ | ૩ | | | ૧ | ૫ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૨ | ૯ |
| ૪ | ૧ | ૨ | ૫ | ૭ | ૯ | ૬ | ૮ | ૩ |
| ૫ | ૩ | ૯ | ૬ | ૨ | ૮ | ૪ | ૧ | ૭ |
| ૬ | ૮ | ૪ | ૯ | ૧ | ૭ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૫ | ૧ | ૮ | ૬ | ૨ | ૯ | ૭ | ૪ |
| ૯ | ૨ | ૭ | ૪ | ૫ | ૩ | ૮ | ૬ | ૧ |
| ૨ | ૪ | ૫ | ૩ | ૮ | ૧ | ૭ | ૯ | ૬ |
| ૭ | ૯ | ૮ | ૨ | ૪ | ૬ | ૧ | ૩ | ૫ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૯ | ૫ | ૨ | ૪ | ૮ |

## માઈન્ડ ગેમ

ઓલિમ્પિક રમતોત્સવના કયા ખેલમાં ભારતીય ખેલાડીએ સૌથી પહેલો ગોલ્ડ મેડલ મેળવ્યો એ કહી શકશો?

અ) Decathlon બ) Air Rifle
ક) Squash ડ) Archery

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| RIPE | પાકું |
| THIN | પાતળું |
| SIN | પાપ |
| BACK | પાછળ |
| NEAR | પાસે |

ઓળખાણ પડી?
બોબી ફિશર

માઈન્ડ ગેમ
Equestrian

ગુજરાત મોરી મોરી રે
સોનાનું ખવરાવીએ પણ ડોળો કડવો રાખીએ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
કંજૂસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ સંઘવી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) મહેશ દોશી (૧૩) નુતન વિપીન (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) અરવિંદ કામદાર (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભાવના કર્વે (૨૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૬) જ્યોત્સના ગાંધી (૨૭) રમેશ દલાલ (૨૮) ઈનાક્ષી દલાલ (૨૯) હિના દલાલ (૩૦) નયના ગિરીશ મિસ્ત્રી (૩૧) પુષ્પા ખોના (૩૨) જગદીશ ઠક્કર (૩૩) નિતિન બજરિયા (૩૪) અંજુ ટોલિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) વિણા સંપટ (૩૯) દેવેન્દ્ર સંપટ (૪૦) પુષ્પા ખોના (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ

# ફાઇનલની હૅટ-ટ્રિકઃ દુબઈમાં હરીફ કોણ? ન્યૂ ઝીલૅન્ડ કે સાઉથ આફ્રિકા?





દુબઈમાં ગઈ કાલે ભારતને થ્રિલરમાં જિતાડ્યા પછી ભેટી પહેલા રાહુલ અને જાડેજા. ઉત્સાહી યુવાનો મેદાન પર દોડી આવતાં સેલિબ્રેશનના રંગમાં થોડો ભંગ પડ્યો હતો. ભારત સતત ત્રીજીવાર ફાઈનલમાં (પીટીઆઇ)




૫૬ સિંગલ રન સહિત ૮૪ રન બનાવનાર મૅન ઑફ ધ મૅચ કોહલી. (બીસીસીઆઇ)



ટ્રૅવિસ હેડનો અફલાતૂન કૅચ પકડી રહેલો શુભમન ગિલ.



મૅચ પહેલાં બાળકો સાથે કૅપ્ટનો રોહિત અને સ્મિથ

## રોહિતે એક સિક્સર ફટકારીને ગેઈલનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો

દુબઈઃ અહીં ઑસ્ટ્રેલિયા સામેની ચૅમ્પિયન્સ ટ્રોફીની સેમિ ફાઇનલમાં રોહિત શર્માએ ૨૮ રનની ટૂંકી ઇનિંગ્સમાં એક સિક્સર ફટકારી હતી અને એ સિક્સર તેને વર્લ્ડ રેકૉર્ડ તોડવામાં કામ લાગી ગઈ.

‘હિટમૅન’ તરીકે ઓળખાતો રોહિત આઇસીસી વન-ડે ટૂર્નામેન્ટોમાં સૌથી વધુ સિક્સર ફટકારનારોઓમાં ૬૪ સિક્સર સાથે વેસ્ટ ઇન્ડિઝના બૅટિંગ-લેજન્ડ ક્રિસ ગેઇલ સાથે મોખરે હતો. અત્યાર સુધી આ વિક્રમ પર આ બન્ને સ્ફોટક બૅટર મોખરે હતા, પણ હવે રોહિત ૬૫મો છગ્ગો ફટકારીને તેનાથી આગળ થઈ ગયો છે.

આઇસીસી વન-ડે ટૂર્નામેન્ટોમાં વર્લ્ડ કપ અને ચૅમ્પિયન્સ ટ્રોફીનો સમાવેશ હોય છે. રોહિતે ૬૫મી સિક્સર ફટકારી અને ગેઇલ ૬૪ સિક્સર પર જ રહી ગયો છે.

રોહિતની સાથી ઓપનર શુભમન ગિલ સાથે ૩૦ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી, પણ પછી બે જીવતદાન મળ્યા બાદ અને એક વાર બૉલ સ્ટમ્પ્સની નજીકથી પસાર થતાં તે બચી ગયો એ પછી તેણે ૪૩ રનના કુલ સ્કોર પર પોતાની વિકેટ ગુમાવી દીધી હતી.



રોહિતે ૨૯ બૉલમાં એક છગ્ગા અને ત્રણ ચોક્કાની મદદથી ૨૮ રન બનાવ્યા હતા. તે નવા સ્પિનર કૂપર કૉનોલીના બૉલમાં એલબીડબ્લ્યૂ થયો હતો. ■

## ટ્રૅવિસ હેડને વરુણ વહેલો આઉટ કરી શકે એવી ગાવસકરની આગાહી સાચી પડી

### રોહિતે કેવા અભિગમથી રમવું જોઈએ?: ગાવસકર અને કપિલે કર્યા હતા રસપ્રદ સૂચન

દુબઈઃ દુબઈ ઇન્ટરનૅશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ગઈ કાલે ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન સ્ટીવ સ્મિથે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી, પરંતુ શરૂઆતમાં જ કાંગારુંઓની અમુક યોજના ઊંધી વળી ગઈ, કારણકે ત્રીજી જ ઓવરમાં પેસ બોલર મોહમ્મદ શમીએ ૨૧ વર્ષની ઉંમરના અને ત્રણ જ વન-ડેના અનુભવી સ્પિન-ઑલરાઉન્ડર અને ઓપનર કૂપર કૉનોલીને આઉટ કરી દીધો અને ત્યાર બાદ થોડી વાર પછી સ્પિન-સ્ટાર વરુણ ચક્રવર્તીએ ખતરારૂપ ઓપનર ટ્રૅવિસ હેડની વિકેટ લઈને સુનીલ ગાવસકરની થોડા કલાકો પહેલાંની આગાહી સાચી પાડી હતી.

ગાવસકરે એક જાણીતી વેબસાઇટના ‘ઑસ્ટ્રેલિયા કો હરાના હૈ’ ટાઇટલવાળા શૉમાં ભાગ લીધો હતો જેમાં તેમણે ટીમ ઇન્ડિયા માટેની સલાહમાં કહ્યું હતું કે ‘રોહિતની ટીમે વરુણ ચક્રવર્તીને છઠ્ઠી કે સાતમી ઓવરથી મોરચા પર લાવી દેવો જોઈએ કે જેથી ઓપનર ટ્રૅવિસ હેડને તેનો સામનો કરવામાં તકલીફ પડે અને તે વિકેટ ગુમાવી બેસે. વરુણને ટ્રૅવિસની સામે લાવવો જ જોઈએ.’

ગાવસકરે આ શૉમાં એવું પણ સૂચવ્યું હતું કે ‘જો વરુણને આગળની ઓવરમાં ન લાવી શકાય તો કુલદીપને તો લાવવો જ જોઈએ. તે પણ એક સારો વિકલ્પ છે.’

બન્યું એવું કે રોહિતે સૌથી પહેલાં વરુણને નહીં, પણ કુલદીપને છઠ્ઠી ઓવરમાં મોરચા પર મૂક્યો હતો. કુલદીપની પહેલી બે ઓવરમાં હેડ એક સિક્સર ફટકારી શક્યો અને અમુક બૉલમાં સિંગલ રન લઈ શક્યો હતો. એને બાદ કરતા એકંદરે હેડ માટે કુલદીપ માથાનો દુખાવો થઈ ગયો હતો. બની શકે કે કુલદીપને વહેલો મોકલીને રોહિતે હેડ માટે કોઈક યોજના વિચારી હશે. આઠમી ઓવર કુલદીપની હતી જે પૂરી થયા બાદ તરત જ રોહિતે નવમી ઓવરમાં વરુણને હેડ-સ્મિથની જોડી સામે મૂકી દીધો હતો અને સ્મિથે પ્રથમ બૉલમાં એક રન લીધા બાદ બીજા જ બૉલમાં વરુણે હેડને લૉન્ગ-ઑફ પર શુભમન ગિલના હાથમાં કૅચઆઉટ



કરાવી દીધો હતો.

સનીની આગાહી સાચી પડી. વરુણે જ હેડને પૅવિલિયન ભેગો કરી દીધો. હેડને વહેલો પાછો ન મોકલાયો હોત તો ટીમ ઇન્ડિયા માટે તે હેડેક બની ગયો હોત.

આ મૅચમાં દુબઈની સૂકી પિચ પર ભારતે પછીથી બૅટિંગ કરવાની હોવાથી એમાં કૅપ્ટન રોહિત શર્માની ખરી કસોટી થશે એવું નક્કી થયું હતું.

‘ઑસ્ટ્રેલિયા કો હરાના હૈ’ શૉમાં ગાવસકરે કહ્યું કે ‘રોહિતસેનાએ બહુ ટેન્શન લેવાની જરૂર નથી. થોડા જ સમય પહેલાં ભારતે ઑસ્ટ્રેલિયાને ટી-૨૦ વર્લ્ડ કપમાં હરાવ્યું હતું. એના ઘણા સ્ટાર ખેલાડીઓ આ ટૂર્નામેન્ટમાં નથી રમ્યા. એ જોતાં ભારતનો હાથ ઉપર કહેવાય. મિચલ સ્ટાર્ક, જૉશ હૅઝલવૂડ અને પૅટ કમિન્સ ઈજાને લીધે નથી રમ્યા.’

કપિલ દેવે રોહિત વિશે કહ્યું કે ‘ભારતીય કૅપ્ટને કેવો અભિગમ રાખીને રમવું એ વિશે તેના માટે ખાસ કંઈ કહેવાની જરૂર જ નથી. જેમ વીરેન્દર સેહવાગને કંઈ જ કહેવાની જરૂર નહોતી પડતી એમ રોહિતને પણ કંઈ કહેવાની જરૂર મને તો લાગતી નથી. હા, તેણે થોડો સમય સંભાળીને રમવું જોઈએ. તે થોડી ઓવર હેમખેમ કાઢી નાખે ત્યાર પછી તે કંઈ પણ કરી શકે છે.’

જોકે રોહિત ત્રણ જીવતદાન વચ્ચે ૨૯ બૉલની સાધારણ ઇનિંગ્સમાં એક સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૨૮ રન બનાવી શક્યો હતો. ■

## રોહિતની ફિટનેસ પરની ટીકાનો રૈનાએ આપ્યો જડબાતોડ જવાબ

### ગાવસકરે ટીકાકાર માટેની ટકોરમાં કહ્યું, ‘પાતળા લોકો મૉડેલિંગમાં જોવા મળે, ક્રિકેટમાં તો ખેલાડીનું મજબૂત મનોબળ સૌથી જરૂરી હોય’

નવી દિલ્હીઃ ભારતના ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન અને આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સને પાંચ ટાઇટલ અપાવનાર રોહિત શર્માને ‘જાડિયો’ કહીને તેને વજન ઘટાડવાની સલાહ આપવાની સાથે તેની ફિટનેસ પર વિવાદ ઊભો કરનાર કૉન્ગ્રેસનાં પ્રવક્તા શમા મોહમ્મદની ટિપ્પણીનો રોહિતના ભૂતપૂર્વ સાથી ખેલાડી અને ભારતના ટોચના બૅટર્સમાં ગણાતા સુરેશ રૈનાએ એક નિવેદન દ્વારા જડબાતોડ જવાબ આપ્યો છે.



રોહિત સાથે અનેક મૅચો રમનાર રૈનાએ કહ્યું છે કે ‘વન-ડે ફૉર્મેટમાં વિક્રમજનક ત્રણ-ત્રણ ડબલ સેન્ચુરી એમ જ ન બને. તે હજીયે સારું રમી શકે છે.’

રૈનાએ એક જાણીતી વેબસાઇટના શૉમાં કહ્યું હતું કે ‘જેણે પણ રોહિત વિશે આવું કહ્યું છે તેને જણાવી દઉં કે તે હજી પણ સારી બૅટિંગ કરી રહ્યો છે. શુભમન ગિલ સાથે મળીને ટીમને સારી શરૂઆત આપી શકે છે. તે સારા નિર્ણયો પણ લેતો હોય છે. બીજી માર્ચે ન્યૂ ઝીલૅન્ડ સામેની મૅચમાં તેણે વરુણ ચક્રવર્તીને રમાડીને બહુ મહત્ત્વનો નિર્ણય લીધો હતો. તેનો એ નિર્ણય યોગ્ય ઠર્યો, કારણકે વરુણે પાંચ વિકેટ લઈને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો હતો.’

રૈનાએ રોહિત વિશે એવું પણ કહ્યું કે ‘રોહિત અને વિરાટ આઉટ-ઑફ-ફૉર્મ નથી. રોહિતે ભારતીય ટીમમાં પાંચ-પાંચ સ્પિનર (વરુણ, જાડેજા, અક્ષર, કુલદીપ, વૉશિંગ્ટન) રાખ્યા તો તેની સામે ઘણા સવાલ ઊભા થયા હતા. હું તો રોહિતને, સિલેક્ટર્સને અને હેડ-કોચ ગૌતમ ગંભીરને અભિનંદન આપું છું કે ન્યૂ ઝીલૅન્ડ સામે ચારમાંથી એક સ્પિનર સૌથી સફળ રહ્યો જેમાં તેણે પાંચ વિકેટ લીધી.’

રોહિત શર્માને ‘જાડિયો’ કહેવામાં આવ્યો એ બદલ બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકર પણ ખૂબ ગુસ્સે થયા છે અને તેમણે કહ્યું છે કે ‘કોઈને જો પાતળા ક્રિકેટરો શોધવા જ હોય તો તેમણે મૉડેલિંગની સ્પર્ધા જોવા જવું જોઈએ અને (ટીમ માટે) બધા જ મૉડેલને પસંદ કરી લેવા જોઈએ. ક્રિકેટમાં ખેલાડીનું મનોબળ સૌથી અગત્યનું કહેવાય. ખેલાડી ક્રિકેટ કેવું રમે છે એ અગત્યનું છે. બૅટર લાંબા સમય સુધી સારી બૅટિંગ કરી શકે અને પુષ્કળ રન બનાવે એ સૌથી અગત્યનું છે.’

ગાવસકરે ટીકાકાર માટેની ટકોરમાં એવું પણ કહ્યું કે ‘ભારતના યુવા ખેલાડી સરફરાઝ ખાનની જ વાત કરું. એક તબક્કે મોટા શરીરને લીધે તેની ખૂબ ટીકા થતી હતી, પરંતુ ટેસ્ટના દાવમાં ૧૫૦ રન બનાવ્યા અને ત્રણ હાફ સેન્ચુરી પણ ફટકારી. આવા કિસ્સામાં તેના મોટા શરીરનો મુદ્દે અસ્થાને ગણાય. સરફરાઝ પર વજનદાર શરીરની અસર પડી જ નહોતી.’ ■

## આઈપીએલ માટે બીસીસીઆઇના નવા નિયમો

મુંબઈઃ શનિવાર, બાવીસમી માર્ચે શરૂ થઈ રહેલી આઇપીએલની નવી સીઝન પહેલાં જ બીસીસીઆઇએ ક્રિકેટ વિશ્વની આ સૌથી લોકપ્રિય લીગના ખેલાડીઓ તેમ જ ટીમો માટે કેટલાક નવા નિયમો લાગુ કર્યા છે. જેના કારણે ખેલાડીઓને ગઈ સીઝન જેવી છૂટ નહીં મળે.

એક જાણીતી ક્રિકેટ સંબંધિત વેબસાઇટના અહેવાલ મુજબ આઇપીએલની મૅચ પહેલાં કે મૅચ દરમ્યાન ખેલાડીઓના પરિવારજનો પ્લેયર્સ ઍન્ડ મૅચ ઑફિશિયલ્સ એરીયા (પીએમઓએ)ની આસપાસના વિસ્તારમાં નહીં આવી શકે. આ સંબંધમાં નિયમ કડક બનાવવામાં આવ્યો છે.

ખેલાડીઓએ ટીમની બસમાં જ મુસાફરી કરવી પડશે. બીસીસીઆઇએ થોડા દિવસ પહેલાં ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ માટે પણ આ જ નિયમ અમલમાં મૂક્યો હતો.

ખેલાડીઓએ પ્રૅક્ટિસ માટે ટીમની જ બસમાં બેસીને સ્ટેડિયમ ખાતે આવવું પડશે. તેઓ બે જૂથમાં મુસાફરી કરી શકશે. તાજેતરની મીટિંગમાં નિયમોના આ ફેરફારો વિશે તમામ ટીમ મૅનેજર્સને જાણ કર્યા બાદ આઇપીએલના બધા ફ્રૅન્ચાઇઝીઓને ઇમેઈલ મારફત જાણ કરવામાં આવી હતી. મૅનેજરો સાથેની ઝૂમ કૉલ મીટિંગ ૧૮મી ફેબ્રુઆરીએ યોજાઈ હતી.

ખેલાડીઓના પરિવારનો કોઈ પણ સભ્ય પ્રૅક્ટિસના દિવસે પણ ડ્રેસિંગ-રૂમમાં નહીં આવી શકે. મૅચના દિવસે તેમને આવા પ્રવેશની છૂટ હતી જ નહીં, અને હવે પ્રૅક્ટિસ મૅચના દિવસ સંબંધમાં પણ આ નિયમ લાગુ કરાઈ રહ્યો છે.

પ્રૅક્ટિસના દિવસે (ટૂર્નામેન્ટ પહેલાં કે ટૂર્નામેન્ટ દરમ્યાન) ફક્ત ઍક્રિડિટેશન કાર્ડ ધરાવતા ખેલાડીઓ જ ડ્રેસિંગ રૂમમાં અને મેદાન પર જઈ શકશે.

ખેલાડીઓના પરિવારજનો કે મિત્રોએ અલગ બસમાં મુસાફરી કરવી પડશે અને હૉસ્પિટાલિટી એરીયામાંથી જ તેઓ ટીમની પ્રૅક્ટિસ જોઈ શકશે. ટીમના સપોર્ટ સ્ટાફ (થ્રોડાઉન સ્પેશિયાલિસ્ટ/નેટ બોલર્સ)એ ડ્રેસિંગ રૂમમાં પ્રવેશવા માટે બીસીસીઆઇની અગાઉથી મંજૂરી લેવી પડશે. આ પરવાનગી મળી જતાં તેઓ મૅચ ન હોય એ દિવસે ડ્રેસિંગ રૂમમાં કે મેદાન પર જઈ શકશે. ■

## પાકિસ્તાન ક્રિકેટમાં ભૂકંપ, મોટા ફેરફારોએ ક્રિકેટજગતને ચોંકાવી દીધું

કરાચીઃ પાકિસ્તાનમાં ૨૯ વર્ષે પહેલી વાર ઘરઆંગણે આઇસીસી ક્રિકેટ સ્પર્ધાનું આયોજન થયું અને એમાં જ આ યજમાન દેશની ટીમ ભારત સામેના ઘોર પરાજયને કારણે નૉકઆઉટ રાઉન્ડ પહેલાં જ સ્પર્ધાની બહાર થઈ ગઈ એને પગલે પાકિસ્તાનની ક્રિકેટ ટીમમાં સૌને ચોંકાવી દેનારા મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે.

ડિફેન્ડિંગ ચૅમ્પિયન પાકિસ્તાન વહેલું આ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયું ત્યાર બાદ હવે ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસ માટેની ટી-૨૦ ટીમમાં વન-ડેના સુકાની મોહમ્મદ રિઝવાન તેમ જ પીઢ બૅટર તથા ભૂતપૂર્વ કૅપ્ટન બાબર આઝમને સ્થાન નથી આપવામાં આવ્યું. કિવીલૅન્ડ ખાતેના પ્રવાસ માટેની પાકિસ્તાનની ટીમના નેતૃત્વની જવાબદારી બૅટિંગ ઑલરાઉન્ડર સલમાન અલી આગાને સોંપવામાં આવી છે.

મોહમ્મદ રિઝવાનને વન-ડેના કૅપ્ટનપદે જાળવી રાખવામાં આવ્યો છે અને એ ટીમમાં બાબર પણ સામેલ છે.

સલમાન આગાને પાકિસ્તાન વતી ૨૧ ટેસ્ટ, ૩૫ વન-ડે અને છ ટી-૨૦ રમવાનો અનુભવ છે અને એમાં તેણે ચાર સદી સહિત કુલ ૨,૩૦૦થી વધુ રન બનાવ્યા છે તેમ જ ઑફ સ્પિન બોલિંગમાં કુલ ૩૭ વિકેટ લીધી છે.

પાકિસ્તાનની ટીમ ન્યૂ ઝીલૅન્ડમાં ૧૬મી માર્ચથી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ રમશે અને ત્યાર બાદ ત્રણ વન-ડે રમાશે. ■

### પાકિસ્તાનની બે ટીમમાં કોણ-કોણ?

**ટી-૨૦ ટીમઃ** સલમાન આગા (કૅપ્ટન), શાદાબ ખાન (વાઇસ-કૅપ્ટન), અબ્દુલ સમદ, અબ્રાર અહમદ, હારિસ રઉફ, હસન નવાઝ, જહાંદાદ ખાન, ખુશદિલ શાહ, મોહમ્મદ અબ્બાસ આફ્રિદી, મોહમ્મદ અલી, મોહમ્મદ હારિસ, ઇરફાન નિયાઝી, ઓમેર બિન યુસુફ, શાહીન શાહ આફ્રિદી અને સુફ્યાન મુકીમ.

**વન-ડે ટીમઃ** મોહમ્મદ રિઝવાન (કૅપ્ટન), સલમાન અલી આગા (વાઇસ-કૅપ્ટન), અબ્દુલ્લા શફીક, અબ્રાર અહમદ, અકીફ જાવેદ, બાબર આઝમ, ફહીમ અશરફ, ઇમામ-ઉલ-હક, ખુશદિલ શાહ, મોહમ્મદ અલી, મોહમ્મદ વસીમ જુનિયર, ઇરફાન નિયાઝી, નસીમ શાહ, સુફ્યાન મુકીમ અને તૈયબ તાહિર. ■

## પદમાકર શિવલકર ભારત વતી રમ્યા નહોતા છતાં દેશના મહાન સ્પિનર્સમાં ગણાતા હતા

મુંબઈઃ મુંબઈના મહાન ક્રિકેટર પદમાકર શિવલકરને ભારત વતી એક પણ મૅચ નહોતી રમવા મળી એમ છતાં તેમની ગણના દેશના મહાન સ્પિનર્સમાં થતી હતી.

આ લેફ્ટ-આર્મ સ્પિનરનું સોમવારે ૮૪ વર્ષની વયે નિધન થયું હતું.

શિવલકરે પ્રથમ કક્ષાની ૧૨૪ મૅચમાં ૫૮૯ વિકેટ લીધી હતી. તેમની ગણતરી દેશની ડોમેસ્ટિક ક્રિકેટના સૌથી સફળ લેફ્ટ-આર્મ સ્પિનર રાજિન્દર ગોયલ સાથે થતી હતી. મૂળ હરિયાણાના રાજિન્દર ગોયલે ૧૫૭ ફર્સ્ટ ક્લાસ મૅચમાં ૭૫૦ વિકેટ લીધી હતી. ગોયલનું ૨૦૨૦ની સાલમાં ૭૭ વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

એવું કહેવાય છે કે શિવલકર અને ગોયલની કરીઅર ૧૯૬૦થી ૧૯૮૦ના દાયકા દરમ્યાન દેશના ગ્રેટેસ્ટ લેફ્ટ-આર્મ સ્પિનર બિશન સિંહ બેદીના સમયકાળમાં હોવાથી એ બંને મહાન સ્પિનરને ભારત વતી રમવાનો મોકો નહોતો મળી શક્યો.

ભારતના બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે કહ્યું છે કે ‘મને એક વાતનો અફસોસ રહી ગયો છે કે હું ભારતીય ટીમનો કેપ્ટન હતો એ સમયકાળ





દુબઈમાં ગઈ કાલે કોહલી સહિત ભારતીય ખેલાડીઓ પદમાકર શિવલકરને અંજલિ આપવા હાથ પર કાળી પટ્ટી પહેરીને રમ્યા હતા.

દરમ્યાન ગોયલ સા’બને કે પૅડી (પદમાકર શિવલકર)ને ભારતીય ટીમમાં સમાવવા વિશે એ સમયના સિલેક્ટરોને સમજાવવામાં નિષ્ફળ ગયો હતો. મારી દૃષ્ટિએ બિશન સિંહ બેદી ગ્રેટેસ્ટ સ્પિનર છેઅને તેમના જ યુગમાં આ બન્ને મહાન સ્પિનર શિવલકર અને ગોયલ થઈ ગયા હોવાથી તેમને ભારત વતી કરીઅર શરૂ કરવાનો મોકો નહોતો મળી શક્યો. નહીં તો તેઓ બન્ને પણ ભારત વતી ઘણી ટેસ્ટ મૅચો રમ્યા હોત.’

મુંબઈ સૌથી વધુ ૪૨ વખત રણજી ટ્રોફીનું ટાઇટલ જીત્યું છે. એમાં ૧૯૬૫થી ૧૯૭૬ દરમ્યાન મુંબઈ એક સીઝન છોડીને લાગલગાટ દરેક સીઝનમાં રણજીના ૧૦ ટાઇટલ જીત્યું હતું અને એ દસેદસ ખિતાબ જીતનાર મુંબઈની ટીમમાં પદમાકર શિવલકર હતા. ૧૯૮૭-૮૮ની સીઝનમાં તેમણે ૪૭ વર્ષની ઉંમરે મુંબઈની ટીમમાં કમબૅક કર્યું હતું અને બે મૅચ રમ્યા હતા. પદમાકર શિવલકરે ૧૯૬૨ની સાલમાં મુંબઈ વતી ડેબ્યૂ કર્યું હતું. ત્યારે ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા (સીસીઆઈ)ની પ્રેસિડન્ટ્સ-ઇલેવન ટીમમાં તેમનો સમાવેશ થયો હતો. એ ટીમને ત્યારે ઑસ્ટ્રેલિયાના પ્રવાસે મોકલવામાં આવી હતી જ્યાં તેમણે ઇન્ટરનૅશનલ ઇલેવન સામેની એક મૅચમાં કુલ સાત વિકેટ લીધી હતી. એ સમયની હરીફ ટીમમાં બૉબ સિમ્પસન, ટૉમ ગ્રેવેની, કાઉડ્રી, રિચી બેનો, એવર્ટન વીક્સ, સૉની રામધીન જેવા મહાન ખેલાડીઓ સામેલ હતા.

શિવલકરે ડૉમેસ્ટિક ક્રિકેટમાં ૫૮૯માંથી ૩૬૧ વિકેટ રણજી ટ્રોફીમાં લીધી હતી અને મુંબઈના તમામ બોલર્સમાં તેમનો આ રેકોર્ડ છે. ૧૬ રનમાં આઠ વિકેટ તેમનો બેસ્ટ પર્ફોર્મન્સ હતો. તેમણે આ આઠ વિકેટ ૧૯૭૨માં તામિલનાડુ સામેની મૅચમાં લીધી હતી. મુંબઈએ એ મૅચ બે દિવસમાં જીતી લીધી હતી.તેમણે ૪૨ વખત દાવમાં પાંચ વિકેટ અને ૧૩ વખત મૅચમાં ૧૦ વિકેટની સિદ્ધિ મેળવી હતી.

મુંબઈ ક્રિકેટ અસોસિએશન (એમસીએ) સહિત અનેક દ્વારા પદમાકર શિવલકરને સોમવારે ભાવપૂર્ણ અંજલિ આપવામાં આવી હતી. ■

# ટેરિફ વોરની ભીતિ વચ્ચે વૈશ્વિક બજારોની પીછેહઠ સાથે સેન્સેક્સે ૭૩,૦૦૦ની સપાટી ગુમાવી, નિફ્ટી ૨૨,૦૦૦ની ઉપર માંડ માંડ ટક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વોર શરૂ કરવા આપેલી ધમકીને સાચી પાડતાં તેના અમલની જાહેરાત કરી દીધી હોવાથી ડહોળાયેલા માનસ વચ્ચે એશિયન બજારોમાં થયેલા ઘટાડા બાદ સ્થાનિક સ્તરે ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને આઇટી શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધવાથી શેરબજારમાં સતત દસમા સત્રમાં પીછેહઠ નોંધાઇ હતી. સેન્સેક્સે ૭૩,૦૦૦ની સપાટી ગુમાવી, નિફ્ટી ૨૨,૦૦૦ની ઉપર માંડ માંડ ટક્યો હતો.

સેન્સેક્સ ૯૬.૦૧ પોઇન્ટ અથવા તો ૦.૧૩ ટકાના ઘટાડા સાથે ૭૨,૯૮૯.૯૩ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. સત્ર દરમિયાન તે ૪૫૨.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૬૨ ટકાના ઘટાડા સાથે ૭૨,૬૩૩.૫૪ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી સતત દસમા સત્રની પીછેહઠમાં ૩૬.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૧૭ ટકાના ઘટાડા સાથે ૨૨,૦૮૨.૬૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે.

નિફ્ટી જૂન ૨૦૨૪ પછી પહેલી વાર ૨૨,૦૦૦ની નીચે સરકી ૨૧,૯૭૪.૪૫ પોઇન્ટની સપાટીને અથડાયો હતો, જોકે પાછલા સત્રમાં લેવાલીનો ટેકો મળતા તે આ સપાટીની ઉપર પાછો ફરવામાં આ સત્રમાં સફળ રહ્યો હતો. નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં એક ટકાથી વધુ કડાકો જોવા મળ્યો હતો.

બજાજ ફિનસર્વ, એચસીએલ ટેકનોલોજી, નેસ્લે ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ, ભારતી એરટેલ, સન ફાર્મા, ઇન્ફોસિસ, મારુતિ સુઝુકી, ટાઇટન, હિન્દુસ્તાન યુનિલીવર અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સેન્સેક્સના ટોચના ઘટનારા શેરોની યાદીમાં હતા. જ્યારે સ્ટેટ બેન્ક, ઝોમેટો, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, અદાણી પોર્ટ, પાવરગ્રીડ, ટાટા સ્ટીલ અને એચડીએફસી બેન્ક ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં હતાં.

મહારાષ્ટ્રમાં આરબીએલ બેંકની ત્રણ ઓફિસ પર જીએસટી સંબંધિત દરોડા પાડવામાં આવ્યાના અહેવાલો બાદ વેચવાલીનું દબાણ આવતા તેનો શેર ત્રણ ટકા સુધી ગબડ્યો હતો. ક્યુપીડ લિમિટેડને તાન્ઝાનીયાના મેડિકલ સ્ટોર ડિપાર્ટમેન્ટ તરફથી મેલ કોન્ડોમેસની સપ્લાય માટે રૂ. ૪૨ કરોડનો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર ઇન્ટરનેશનલ ફ્રેમવર્ક એગ્રીમેન્ટનો હિસ્સો છે, જેનો અમલ મેથી જુલાઇ ૨૦૨૫ દરમિયાન કરવાનો રહેશે. આસ્ક ઓટોમોટિવના શેર પાંચ ટકાની ઉપલી સર્કિટમાં અથડાયો હતો.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને તેની બીપી પ્લેક સહિતની ભાગીદાર કંપનીઓ પાસેથી સરકારી માલિકીના ઓએનજીસીના બ્લોકમાંથી નીકળતો ગેસ કથિતરૂપે માઇગ્રેટ કરી, મેળવી વેચાણ કર્યું હોવાના આરોપ સાથે સરકારે ૨.૮૧ અબજ ડોલર અથવા રૂ. ૨૪,૫૦૦ કરોડની ડિમાન્ડ નોટિસ ફટકારી છે. ટાટા મોટર્સે લાંબા અંતરના હાઇડ્રોજનથી ચાલનારા હેવી ડ્યુટી ટ્રકના ટ્રાયલની શરૂઆત કરી દીધી છે, જેમાં અલગ કોન્ફ્યુગરેશન અને પેલોડ કેપેસિટી સાથેના છ હાઇડ્રોજનથી ચાલતા વાહનોની ૨૪ મહિના ટ્રાયલ લેવામાં આવશે.

કેનેડા અને મેક્સિકો પર ટ્રમ્પની પ્રસ્તાવિત ૨૫ ટકા ટેરિફ મંગળવારે ભારતીય સમય મુજબ સવારે ૧૦:૩૧ વાગ્યે અમલી બની ગઇ છે. વધુમાં, ચીન પર ૧૦ ટકાની વધારાની ડ્યુટી સાથે કુલ ટેરિફ ૨૦ ટકા સુધી લાવશે, તે પણ આ પગલાં સાથે લાગુ કરવામાં આવશે. આની સામે ચીને ૧૦ માર્ચથી વિવિધ યુએસ ઉત્પાદનો પર વધારાની ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી છે. બજારના નિષ્ણાતો જણાવે છે કે, સ્થાનિક બજારમાં આજના નીચા સ્તરથી સુધારો જોવા મળ્યો હતો, પરંતુ વૈશ્વિક વેપાર તંગદીલીમાં વધારો થવાને કારણે પ્રતિકૂળ વૈશ્વિક સંકેતોને કારણે બેન્ચમાર્ક નકારાત્મક ક્ષેત્રમાંથી બહાર આવી શક્યો નહોતો.

નબળા વૈશ્વિક સંકેતો સેન્ટિમેન્ટ પર દબાણ લાવી રહ્યા છે, પરંતુ સારા ફંડામેન્ટલ અને નીચા વેલ્યુએશન પર ઉપલબ્ધ પસંદગીયુક્ત ખરીદી ઘટાડાને મર્યાદિત કરી રહી છે. બજાર રેડ ઝોનમાં બંધ થયું હોવા છતાં બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ ૧.૨૮ ટકા વધ્યો છે અને મિડકેપ ઇન્ડેક્સ ૦.૦૮ ટકા વધ્યો છે. તાજેતરના કરેક્શનથી વધુ પડતા ઊંચા મૂલ્યાંકનમાં અસરકારક સુધારો થયો છે. કોર્પોરેટ ક્ષેત્રના આગામી ચોથા ક્વાર્ટરના પરિણામો સાથે બજારને નવી ગતિ મળવાની અપેક્ષા સેવાઇ રહી છે, વૃદ્ધિના આગામી તબક્કા માટે સ્મોલકેપ્સને સ્થાન મળવાની સંભાવના છે.

ક્ષેત્રીય શેરઆંકોમાં, ઓટો (૧.૧૩ ટકા), ફોકસ્ડ આઇટી (૦.૯૬ ટકા), ટેક્નોલોજી (૦.૮૬ ટકા), આઇટી (૦.૭૭ ટકા), ટેલિકોમ્યુનિકેશન (૦.૪૫ ટકા), એફએમસીજી (૦.૪૦ ટકા) અને કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી (૦.૧૮ ટકા) ઘટ્યા હતા. બીજી બાજુ, કેપિટલ ગુડ્સ, ઇન્ડસ્ટ્રીઝ, ઓઇલ અને ગેસ, સર્વિસિસ, એનર્જી, કોમોડિટીઝ, હેલ્થકેર અને પાવરમાં સુધારો થયો હતો. બીએસઇ પર ૨,૨૨૧ જેટલા શેર વધ્યા હતા, જ્યારે ૧,૭૩૭ ઘટ્યા હતા અને ૧૨૮ યથાવત રહ્યા હતા. દરમિયાન, બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીકરણ રૂ. ૧,૦૬,૩૮૮.૯૬ કરોડ વધીને રૂ. ૩,૮૫,૦૭,૫૬૮.૮૯ (૪.૪૧ ટ્રિલિયન ડોલર) થયું હતું. ભારતીય બેન્ચમાર્ક શેરઆંક નીચા સ્તરે ખુલ્યા અને દિવસ દરમિયાન સતત ઘટતા રહ્યા, મંગળવારે એફઆઇઆઇની સતત વેચવાલી ઉપરાંત રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવ વધવાની ચિંતા વચ્ચે બજારનું માનસ ખરડાયેલું રહ્યું હતું. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના સૂચનોનો સ્પષ્ટ અસ્વીકાર કર્યા બાદ પરિસ્થિતિ ઓર વણસવાની શક્યતા છે. આ ઉપરાંત કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા ટેરિફ અને ચીની આયાત પર ૨૦ ટકા ટેરિફની અમેરિકન રાષ્ટ્રપતિ દ્વારા પુષ્ટિ આપવામાં આવ્યા બાદ ઉદ્‌ભવનારા વેપાર યુદ્ધ અંગેની ચિંતાઓને કારણે બજારના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચાડી છે. એશિયન બજારોમાં, ટોક્યો, હોંગકોંગ અને સિઓલ રેડ ઝોનમાં બંધ થયા હતા, જ્યારે શાંઘાઈ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા.

મધ્યસત્ર સોદાઓમાં યુરોપિયન બજારો નકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઇ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા. દરમિયાન, ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૩૭ ટકા ઘટીને ૭૦.૬૪ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૪,૭૮૮.૨૯ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, એમ એક્સચેન્જ ડેટા દર્શાવે છે.

નોંધવું રહ્યું કે પાછલા શુક્રવારે સેન્સેક્સ ૧૪૧૪.૩૩ પોઇન્ટના જોરદાર કડાકા સાથે ૭૩,૧૯૮.૧૦ પોઇન્ટની સપાટીએ પટકાયો હતો અને નિફ્ટી ૪૨૦.૩૫ પોઇન્ટના ભયાનક કડાકા સાથે ૨૨,૧૨૪.૭૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

પાછલા સપ્તાહમાં તમામ સેક્ટરના ઈન્ડેક્સની પીછેહઠ સાથે માર્કેટ કેપમાં રૂ. ૧૮.૧૯ લાખ કરોડનો ઘટાડો અને એફઆઈઆઈની રૂ. ૨૫,૪૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી જોવા મળી હતી. ૨૮ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૫,૩૧૧.૦૬ના બંધ સામે ૨,૧૧૨.૯૬ પોઈન્ટ્સ (૨.૮૧ ટકા) ઘટ્યો હતો.

### કેનેડા, મેક્સિકો અને ચીનથી થતી આયાત સામે ટેરિફના અમલ પૂર્વે વૈશ્વિક સોનું ઊછળ્યું

## સ્થાનિક સોનાએ ₹ ૧૧૧૨ની તેજી સાથે ₹ ૮૬,૦૦૦ની સપાટી કુદાવી, ચાંદી ₹ ૮૯૫ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની જાહેરાત અનુસાર આજથી કેનેડા, મેક્સિકો અને ચીનથી થથી આયાત સામે અતિરિક્ત ટેરિફનો અમલ શરૂ થવાથી જાહેરાતની સાથે ચીને પણ આગામી ૧૦મી માર્ચથી અમેરિકાથી થતી આયાત સામે ૧૦થી ૧૫ ટકા અતિરિક્ત ટેરિફ લાદવાની જાહેરાત કરતાં વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરના મંડાણ શરૂ થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સલામતી માટેની માગ ખૂલતા ભાવમાં એક ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૦૮થી ૧૧૧૨ની તેજી સાથે રૂ. ૮૬,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૮૯૫ના સુધારા સાથે રૂ. ૯૫,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે સોનામાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૦૮ વધીને રૂ. ૮૬,૦૮૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૧૨ વધીને રૂ. ૮૬,૪૩૨ના મથાળે રહ્યા હતા. જોકે, વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ નિરસ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૮૯૫ વધીને રૂ. ૯૫,૨૯૩ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની વ્યાપક માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૨૯૧૭.૬૧ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ એક ટકો વધીને ઔંસદીઠ ૨૯૨૮.૯૦ ડૉલરની સપાટીએ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકામાં કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે ૨૫ ટકા ટેરિફ અને ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા અતિરિક્ત ટેરિફનો આજથી અમલ શરૂ થતાં ટ્રેડ વૉર શરૂ થવાથી તેની અસરોનો તાગ મેળવવા માટે આજે રોકાણકારોની સત્રના આરંભે સોના-ચાંદીમાં સાવચેતીનું વલણ જોવા મળ્યા બાદ સલામતી માટેની વ્યાપક માગ ખૂલી હોવાનું કેપિટલ ડૉટ કૉમના ફાઈનાન્સિયલ એનાલિસ્ટ ક્યેલ રોડ્ડાએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ટેરિફમાં વધારો થવાની અમેરિકાની આર્થિક વૃદ્ધિ પર માઠી અસર પડવાની સાથે અમેરિકાના ટોચના ત્રણ વેપારી ભાગીદાર દેશોમાં વેપાર વિવાદ ઊભા થશે. નોંધનીય બાબત એ છે કે ચીને આગામી ૧૦મી માર્ચથી અમેરિકાથી થતી આયાતમાં અમુક ઉત્પાદનો પર ૧૦થી ૧૫ ટકા અતિરિક્ત ટેરિફ લાદવાની જાહેરાત કરી છે અને અધિકૃત અમેરિકી કંપનીઓ પર નિકાસ નિયંત્રણો પણ લાદ્યાના અહેવાલ છે.

જોકે, અમેરિકાની વેપાર નીતિ ફુગાવાલક્ષી હોવાથી સોનામાં સલામતી માટેની માગને ટેકે આ

## રિટેલ માગને ટેકે ખાંડમાં ટકેલું વલણ

મુંબઈઃ મહારાષ્ટ્રનાં ખાંડનાં મથકો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૬૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો જળવાઈ રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૬થી ૪૦૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૧૦૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૪૦૧૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

## ક્રૂડતેલના ભાવ અને ડૉલર ઈન્ડેક્સ ઘટતાં રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે ૮૭.૨૯ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૩૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૩૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૪૦ અને ઉપરમાં ૮૭.૨૯ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા વધીને ૮૭.૨૯ના મથાળે બંધ રહ્યો હતો. શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૭.૧૦થી ૮૭.૬૦ની રહે તેવી શક્યતા છે. જોકે, બ્રેન્ટ ક્રૂડતેલમાં ભાવઘટાડો અને ડૉલર ઈન્ડેક્સની નરમાઈ રૂપિયાને અમુક અંશે ટેકો આપી શકે છે.


**NOTICE**
**INVITING TENDER FOR MANAGING RESTAURANT AND BAR CONTRACT**

**KANDIVALI RECREATION CLUB (KRC),** managed by **SHREE KANDIVALI VYAYAM MANDIR** (Trust Registration No.: E-6518 (BOM)), inviting "TENDER FOR RESTAURANT CATERING CONTRACT" in a Sealed Envelope from reputed and experienced Caterers for providing Veg Food, Beverages and Liquor at Restaurant at KRC Premises.

Interested parties may collect the Tender Documents from the KRC Office from 06/03/2025 to 15/03/2025 till 5.00 pm on payment of Rs. 25,000/- + 18% GST=Rs.29,500/- by Cash/DD/P.O in favor of SHREE KANDIVALI VYAYAM MANDIR payable at Mumbai. Last date of submission is 20/03/2025 till 5.00 pm.

**Minimum Qualifying Criteria:**
Should have at least 5 years' experience in running successfully and managing Bar and Restaurant at Clubs will be preferred.

**For Further details contact:**
KANDIVALI RECREATION CLUB, Shantilal Modi Road, Kandivali (West), Mumbai - 400067, Tel. No.: 9892795625/ 022-28617393/28632267/28629055
Email: controller@krcclub.org
Date: 05/03/2025 Sd/-
Hon. Secretary
Shree Kandivali Vyayam Mandir


### વટાણાની ડ્યૂટીમુક્ત આયાતની મુદત ન લંબાવાઈ

## બહુરાષ્ટ્રીય કંપનીઓની ગજા બહારની આયાત બાદ હવે ડ્યૂટીનાં દર પર બજારની નજર

નવી મુંબઈઃ બજારની અપેક્ષાનુસાર ભારત સરકારે ગત ૨૮ ફેબ્રુઆરીએ સમાપન થયેલી સફેદ-પીળા વટાણાની ડ્યૂટી મુક્ત આયાતની મુદત વધારી નથી. વર્ષ ૨૦૧૬-૧૭માં સરકારે આયાત બંધ કરી હતી તેની પાછળનો ઉદ્દેશ મિશન આત્મનિર્ભર હેઠળ દેશનાં ખેડૂતોને યોગ્ય વળતર મળે તેવો હતો. જોકે, ત્યાર બાદ ગત વર્ષે તુવેર, ચણા,મગ અડદમાં ઘરઆંગણે ભાવ વધતા મીડિયાના તથા સ્થાનિક અને વિદેશી દાળ-કઠોળની કંપનીઓના દબાણ હેઠળ ઉતાવળમાં ડ્યૂટીમુક્ત આયાતની છૂટ આપી દીધી હતી ત્યારે સરકારને આત્મનિર્ભરતાની આ પૉલિસી ધ્યાનમાં કેમ ન આવી એવો સહજ પ્રશ્ન થાય તેમ સ્થાનિક બજારનાં વિશ્લેષક દેવેન્દ્ર અમૃતલાલ વોરાએ જણાવતાં ઉમેર્યું હતું કે ચણાંના પર્યાય તરીકે વટાણા સફેદ જે અંદર થી પીળા હોય છે તે બહુરાષ્ટ્રીય કંપનીઓએ ૩૬૦ થી ૩૭૦ ડોલરમાં એટલે કે ભારતીય ચલણ મુજબ લગભગ રૂ. ૩૨૦૦ થી ૩૩૦૦ના પડતરના ૨૬ લાખ ટન વટાણા મગાવી લીધા હતા. હવે તે માલ તે ચણાની અવેજીમાં શ્રેષ્ઠ પર્યાય હતો અને બેસનમાં પણ તે ઉપયોગમાં લેવાયું છે. તેમજ સસ્તા કઠોળ તરીકે પણ ઉપયોગ માં લેવાય છે. સરકારે મોંઘવારી ઘટાડવા સફેદ પીળા વટાણાની ડ્યૂટીમુક્ત આયાતની છૂટ આપી હતી તે હવે બંધ થશે તો બહુરાષ્ટ્રીય કંપનીઓને મોટા નફા જોવા મળશે તેમજ મોંઘવારી ઘટાડવાનો સરકારનો ઉદ્દેશ સિદ્ધ નહીં થાય, એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અગાઉ સરકારે ડિસેમ્બર ૩૧ની છૂટને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી લંબાવી હોવાથી નાના આયાતકારો પિટાઈ ગયા હતા અને નાના દાળ મિલરોએ પોતાની મિલ બરાબર ચાલે તે માટે માલો આયાત કર્યા હતા. ચણા તુવેર મસૂર અડદ રાજમા મગ મઠ ચોળી જેવા બહુ વપરાતા કઠોળની લાંબા ગાળાની નીતિઓ ઘડવી આવશ્યક છે. પ્રોટીનનો મુખ્ય સ્રોત ગણાતા કઠોળદાળની આ વર્ષે ૬૮ લાખ ટનની તોતિંગ આયાત થઈ છે, જે લગભગ મોટી કંપનીઓએ કરી છે. સરકાર તેલ તેલીબિયાંની જેમ દાળ કઠોળનો વેપાર પણ ગણતરીની ૨૦-૨૨ કંપનીઓને આપી દેવા માંગે છે કે શું એવો વેધક પ્રશ્ન કરતાં તેમણે કહ્યું હતું કે ખેડૂતોનું ભલું થાય તેવી આયાત નિકાસની પૉલિસી બનાવવી હવે અત્યંત આવશ્યક છે. ખેડૂતોને પોસાણક્ષમ ભાવ મળે તો જ ઉત્પાદન વધશે. દેશની ૧૪૦ કરોડની જનતાને ૨૨ કંપનીઓના ભરોસે કેમ છોડી શકાય ? આયાત એ કામચલાઉ ઉપાય છે, કાયમી નથી. જોકે હવે બજારની નજર વટાણા સહિતનાં કઠોળની આયાત સામે સરકાર ડ્યૂટી કેટલા ટકા નિર્ધારિત કરે છે તેના પર સ્થિર થઈ હોવાથી સ્થાનિક વેપારી આલમ અવઢવમાં મુકાઈ ગઈ હોવાથી વેપારો થંભી ગયા હોવાનું તેમણે ઉમેર્યું હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ડે. ચી. એ.(O&M)/ et-૩૭ / SWD તા. ૦૪.૦૩.૨૦૨૫

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | "સ્ટ્રોમ વોટર ડ્રેઈન વિભાગના મુંબઈ શહેર અને પૂર્વિય પરાં અને પશ્ચિમી પરાં ખાતે સ્ટ્રોમ વોટર ડ્રેઈન્સ સફાઈ માટે ફિલ્ટ્રેશન, રિસાયકલીંગ અને ડીવોટરીંગ સુવિધા સાથે ૩૦૦૦ લી. કેપેસિટી વેહિકલ માઉન્ટેડ હાઈ કેપેસિટી સેકશન અને જેટીંગ મશીનોની સપ્લાય, ઓપરેશન અને વ્યાપક જાળવણી." |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૦૫.૦૩.૨૦૨૫ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| | તારીખ ૨૬.૦૩.૨૦૨૫ સમયઃ ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in & http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ | શ્રીમતી વનિતા કોકાટે એક્ષિક્યૂટિવ એન્જિનિયર (O&M) મીકે. SWD |
| ટેલિફોન નંબર (ઓફિસ) | ૦૨૨-૨૪૩૦૯૮૧૭ ૦૨૨-૨૪૩૦૯૪૭૨ |
| મોબાઈલ નં. | શ્રીમતી વી. કોકાટે- ૯૮૩૩૫૩૯૦૨૯ શ્રી. એસ. એ. ઠાકુર- ૮૭૬૭૪૬૩૪૮૬ |
| ઈ-મેઈલ સરનામું | aeomcity07.swd@mcgm.gov.in |

સહી/-
એક્ષી. એન્જી. (O&M) મીકે. SWD
PRO/2690/ADV./2024-25
વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

પશ્ચિમ રેલવે - ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નં. 82255227 તારીખ : 24/02/2025

| અનું. નં. | ટેન્ડર નં | વસ્તુનું ટૂંકું વર્ણન | નંગ | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 82255227 | સ્ટેઈનલેસ સ્ટીલ બેન્ચીસ | ટેન્ડર NIT મુજબ | 26/03/2025 |

સંદર્ભ વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે. કૃપા કરીને વેબસાઇટ **www.ireps.gov.in** અને **wr.indianrailways.gov.in** ની મુલાકાત લેવી.

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly 315



BRIHANMUMBAI MAHANAGARPALIKA

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| પેટા વિભાગ | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (ભાંડુપ કોમ્પ્લેક્સ) |
| બીડ આમંત્રણ નં. | ૨૦૨૫_MCGM_૧૧૫૪૪૧૧_૧ |
| વિષય | બે વર્ષ માટે ભાંડુપ કોમ્પ્લેક્સ ખાતે કેમિકલ અને પમ્પિંગ સ્ટેશન ખાતે CCTV કેમેરાની વ્યાપક જાળવણી કોન્ટ્રાક્ટ |
| બીડનું વેચાણ | તારીખઃ ૦૫.૦૩.૨૦૨૫ ૧૧.૦૦ ક.થી. ૨૫.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) પાકતી તારીખઃ ૨૫.૦૩.૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી. |
| વેબસાઈટ | https://portal.mcgm.gov.in https://mahatender.gov.in |
| સંપર્ક ઓફિસર | A.E. (ઈન્સ્ટ્રુમેન્ટેશન) ભાંડુપ કોમ્પ્લેક્સ |
| A) નામ | શ્રીમતી. દીપાલી વિશાલ લકરાસ |
| B) ટેલિફોન | ૦૨૨-૨૫૬૫ ૮૫૧૬ |
| C) મોબાઈલ નંબર | ૯૯૨૦૦૯૧૫૬૫ |
| D) ઈ-મેલ | aeinstbc.he@mcgm.gov.in |

ટેન્ડરરે ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરતા પહેલા ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા રૂ. ૧૩૨૦/- + ૧૮% GST (૯% CGST + ૯% SGST)ની 'સ્ક્રુટીની ફી' ચૂકવવાની રહેશે.

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનરના આદેશથી
સહી/-
E.E.(S.I.P.S.) B.C.
PRO/2680/ADV./2024-25
પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરિંગ વિભાગ)

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (B.M.C.)ના કમિશનર માટે નીચે આપેલા કામ માટે પેકેટ- 'A', 'B' & 'C' સિસ્ટમમાં ટકાવારી રેટ ધોરણે ઈ-ટેન્ડર મંગાવે છેઃ-

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| પેટા વિભાગ | E.E.W.W. (સિવિલ) મેઈન્ટેનન્સ |
| બીડ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૫૫૬૮૨ |
| વિષય | શહેર ડિવિઝનમાં સંલગ્ન સિવિલ કામ સહિત સાઈઝ ૩૦૦ મીમી અને તેથી ઉપરના કન્ટ્રોલ વાલ્વસની ચેમ્બર્સનું રીપેર્સ અને રિકન્સ્ટ્રકશન પાણીની લાઈનોનું ગળતર હાથ ધરવાના ઇમરજન્સી કામો. |
| ટેન્ડર વેચાણ | તારીખઃ ૦૫.૦૩.૨૦૨૫ થી તારીખ : ૧૨.૦૩.૨૦૨૫ સુધી |
| સુપ્રતિની છેલ્લી તારીખ | ૧૨.૦૩.૨૦૨૫ સાં. ૧૨.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મિટીંગ | NA |
| પેકેટ A ખોલવાની તારીખ અને સમય | ૧૩.૦૩.૨૦૨૫ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ B ખોલવાની તારીખ અને સમય | ૧૩.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ C ખોલવાની તારીખ અને સમય | ૨૧.૦૩.૨૦૨૫ ૧૫.૦૦ ક. પછી |
| વેબસાઈટ | www.portal.mcgm.gov.in / www.mahatenders.gov.in |
| સંપર્ક અધિકારીઃ | |
| A) નામ | શ્રી. સુનિલ એમ. શિંદે આસી. એન્જિ. W.W. (સિવિલ) મેઈન્ટ. |
| B) ટેલિફોન નં. (ઓફિસ) | ૦૨૨ ૨૫૧૨૬૩૭૬ |
| C) મોબાઈલ નં. | મોબાઈલ નં.: ૯૯૬૯૧૨૩૮૫૯ |
| D) ઈમેલ id | aewwcivilmaintcity.he@mcgm.gov.in |

સહી/-
(એસ. એમ. ચવાણ)
Dy. H. E. (મેઈન્ટ.)
PRO/2687/ADV./2024-25
પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરિંગ વિભાગ)

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (B.M.C)ના કમિશનર માટે નીચે આપેલા કામ માટે પેકેટ- 'A', 'B' & 'C' સિસ્ટમમાં ટકાવારી રેટ ધોરણે ઈ-ટેન્ડર મંગાવે છેઃ-

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| પેટા વિભાગ | E.E.W.W. (સિવિલ) મેઈન્ટેનન્સ |
| બીડ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૫૫૬૮૮ |
| વિષય | પૂર્વીય પરાં-I ડિવિઝનમાં સંલગ્ન સિવિલ કામો સહિત ડાયા ૩૦૦ મીમી તથા તેથી ઉપરના વોટર મેઈન્સ પર ચેમ્બર્સનું કન્સ્ટ્રકશન તથા ગળતર હાથ ધરવાનું ઈમરજન્સી કામ. |
| ટેન્ડર વેચાણ | તારીખઃ ૦૫.૦૩.૨૦૨૫થી તારીખઃ ૧૨.૦૩.૨૦૨૫ સુધી |
| સુપ્રતિની છેલ્લી તારીખ | ૧૨.૦૩.૨૦૨૫ સાં. ૧૨.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મિટીંગ | NA |
| પેકેટ A ખોલવાની તારીખ અને સમય | ૧૩.૦૩.૨૦૨૫ સાં. ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ B ખોલવાની તારીખ અને સમય | ૧૩.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ C ખોલવાની તારીખ અને સમય | ૨૧.૦૩.૨૦૨૫ ૧૫.૦૦ ક. પછી |
| વેબસાઈટ | www.portal.mcgm.gov.in/ www.mahatenders.gov.in |
| સંપર્ક અધિકારીઃ | |
| A) નામ | શ્રી. અનીસ એ. ખાન, આસી. એન્જિ. W.W. (સિવિલ) મેઈન્ટ. |
| B) ટેલિફોન નં. (ઓફિસ) | ૦૨૨-૨૫૧૨૬૩૭૬ |
| C) મોબાઈલ નં. | મોબાઈલ નં.: ૯૮૬૭૭૯૬૧૮૪ |
| D) ઈમેલ id | aewwcivilmaintes.he@mcgm.gov.in |

સહી/-
(એસ.એમ. ચવાણ)
Dy. H. E. (મેઈન્ટ.)
PRO/2688/ADV./2024-25
પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# માધવી બુચ અને અન્ય પાંચને ચાર અઠવાડિયાંની રાહત

## હાઈ કોર્ટે અપરાધને નોંધવા માટેના આદેશ સામે સ્ટે આપ્યો

મુંબઈ: સેબીનાં ભૂતપૂર્વ અધ્યક્ષ માધવી પુરી બુચ અને અન્ય પાંચ અધિકારીઓ સામે શેરબજારમાં છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનના આરોપમાં ગુનો દાખલ કરવાના સ્પેશિયલ કોર્ટના આદેશ સામે હાઈ કોર્ટે ચાર અઠવાડિયાં માટે સ્ટે આપ્યો છે.

જસ્ટિસ શિવકુમાર દીઘેની સિંગલ બેન્ચે જણાવ્યું હતું કે આ કેસમાં આરોપીની કોઇ ચોક્કસ ભૂમિકા નથી.

એવું લાગે છે કે છણાવટ કર્યા વિના ઓર્ડર યાંત્રિક રીતે પસાર કરવામાં આવ્યો છે, એવું જસ્ટિસ દીઘેએ જણાવ્યું હતું.

આને કારણે આદેશ સામે આગામી તારીખ સુધી સ્ટે આપવામાં આવે છે, એવું કોર્ટે જણાવ્યું હતું.

હાઈકોર્ટનો આ ચુકાદો બુચ, ત્રણ વર્તમાન પૂર્ણ-સમયનાં સેબી ડિરેક્ટર અશ્વિની ભાટિયા, અનંત નારાયણ જી. અને કમલેશ ચંદ્ર વાર્સને, બોમ્બે સ્ટોક એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુંદરરામન રામામૂર્તિ અને તેના ભૂતપૂર્વ ચેરમેન અને જાહેર હિત ડિરેક્ટર પ્રમોદ અગ્રવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર આવ્યો હતો. ■

